




પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH








FRIDAY, 05 SEPTEMBER, 2025 Vol. 23, No. 34 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news


# દિલ્હી, પંજાબ-હરિયાણામાં ભીષણ પૂર : 48ના મોત

## 1655 ગામડા પાણીમાં ગરક, મુખ્યમંત્રી ભગવંત માને પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી, અસરગ્રસ્તોને વળતરની જાહેરાત


પંજાબ


યમુના નદી, દિલ્હી

**અમૃતસર**

પંજાબ હાલમાં 1988 પછીના સૌથી ભયાનક પૂરનો સામનો કરી રહ્યું છે. ભારે વરસાદ અને હિમાચલ પ્રદેશ અને જમ્મુ અને કાશ્મીરમાંથી છોડવામાં આવેલા પાણીના કારણે રાજ્યની મુખ્ય નદીઓ, સતલજ, બિયાસ અને રાવી પૂરની સ્થિતિમાં છે. મોસમી નાળા પણ ભયજનક સ્તરથી ઉપર વહી રહ્યા છે. પૂરમાં અત્યાર સુધીમાં 37 લોકો મૃત્યુ પામ્યા છે અને 4.5 લાખથી વધુ લોકો પ્રભાવિત થયા છે. રાજ્યના તમામ 23 જિલ્લા પૂરની ઝપેટમાં આવ્યા છે, જ્યારે 1655 ગામડાઓ પાણીમાં ડૂબી ગયા છે. પંજાબ, હરિયાણા અને દિલ્હીમાં પૂરથી 48 લોકોના મોત થયા છે.

પૂરના કારણે પંજાબમાં 1.48 લાખ હેક્ટરથી વધુ જમીન પર ઊભા પાકનો નાશ થયો છે. ખેડૂતોને પશુધનના નુકસાનનો પણ સામનો કરવો પડી રહ્યો છે. ઘણા ઘરો જમીનદોસ્ત થઈ ગયા છે અથવા પાણીથી ધોવાઈ ગયા છે. અનેક વિસ્તારોમાં ખેતરો તળાવો અને બેટમાં ફેરવાઈ ગયા છે, જેની ઊંડાઈ 8 થી 10 ફૂટ સુધી પહોંચી ગઈ છે. ગામલોકો હોડીની મદદથી એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય છે. ગુરદાસપુર, પઠાણકોટ, ફાઝિલ્કા, કપૂરથલા, તરનતારન, ફિરોઝપુર, હોશિયારપુર અને અમૃતસર સૌથી વધુ અસરગ્રસ્ત જિલ્લાઓમાં સામેલ છે. વહીવટીતંત્રે અનેક રાહત શિબિરો સ્થાપ્યા છે, પરંતુ ઘણા લોકો હજુ પણ તેમના ઢોર અને ઘરોની નજીક છત અથવા ઊંચા પ્લેટફોર્મ પર કેમ્પિંગ કરી રહ્યા છે. મુખ્યમંત્રી ભગવંત માને ફિરોઝપુરના પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી અને કહ્યું કે સરકારે ખાસ ગિરદાવરી (નુકસાન મૂલ્યાંકન સર્વે) શરૂ કરી છે. તેમણે ખાતરી આપી કે અસરગ્રસ્ત પરિવારોને વળતર મળશે અને કહ્યું કે, 'જ્યારે પણ દેશ સંકટમાં હતો, ત્યારે પંજાબે તેને ટેકો આપ્યો હતો. આજે પંજાબ સંકટમાં છે, દેશે આપણી સાથે ઊભા રહેવું જોઈએ.'

## દિલ્હીમાં 'જળ પ્રલય' : સ્મશાનથી સચિવાલય સુધી પાણી જ પાણી, રાહત કેમ્પો પણ ડૂબ્યાં

યમુના નદીનું જળસ્તર જોખમના નિશાનથી ઉપર વહી રહ્યું છે પરિસ્થિતિ એટલી ગંભીર બની ગઈ છે કે, પૂરના પાણી દિલ્હી સચિવાલય સુધી પહોંચી ગયા હતા, જ્યારે મયુર વિહાર ફેઝ-1 માં બનેલા રાહત શિબિરો પણ ડૂબી ગયા હતા. સ્વામી નારાયણ મંદિર, ફૂટઓવર બ્રિજ અને સિવિલ લાઈન્સ વિસ્તાર પણ પાણીથી ભરાઈ ગયા હતા. બીજી બાજું, NH-44 પર અલીપુર પાસે ફ્લાયઓવરનો એક ભાગ તૂટી પડ્યો હતો, જેમાં એક વાહન ફસાઈ ગયું અને ડ્રાઈવર ઈજાગ્રસ્ત થયો. સચિવાલય, રાહત શિબિરો અને રસ્તાઓમાં પાણી ઘૂસી ગયા હતા.

## રાજસ્થાનમાં મેઘરાજાએ વિનાશ વેર્યો, ડેમ તૂટી જતાં ગામડા ડૂબ્યાં, ફરી એલર્ટ જાહેર

રાજસ્થાનમાં સતત વરસાદને કારણે જાલોર, સિરોહી, દૌસા, જોધપુર અને પ્રતાપગઢ જેવા અનેક જિલ્લાઓમાં પરિસ્થિતિ ગંભીર છે. દૌસાના લાલસોટમાં નાલાવાસ ડેમ તૂટતાં જયપુરના કોટખાવડા અને ચાકસુ તાલુકાના પાંચથી વધુ ગામોમાં પૂર આવ્યું છે, જ્યાં સેંકડો લોકો ફસાયા છે. પ્રતાપગઢમાં એક શિક્ષક પુલ પરથી માહી નદીમાં પડી ગયા, સવાઈ માધોપુરમાં એક યુવક બંધ પર સ્ટંટ કરતા તણાઈ ગયો, જોધપુરમાં એક મકાન ધરાશાયી થયું, પાલીમાં એક ટ્રક ફસાઈ ગઈ અને જાલોરમાં ત્રણ બાઈક સવાર પાણીમાં તણાઈ ગયા, જેમાંથી એકની શોધ ચાલુ છે.

## અફઘાનિસ્તાનમાં ભૂકંપ બાદ ભયાનક સ્થિતિ મૃત્યુઆંક ૨૨૦૦ને પાર થયો

**કાબુલ**



અફઘાનિસ્તાનમાં આવેલા ભૂકંપના કારણે મૃત્યુઆંક સતત વધી રહ્યો છે અને ગુરુવાર સુધીમાં મૃત્યુઆંક ૨૨૦૦ને પાર પહોંચી ગયો છે. રિક્ટર સ્કેલ પર ૬.૦ની તીવ્રતાના આ ભૂકંપથી પાકિસ્તાનની સરહદને અડીને આવેલા પર્વતીય પ્રદેશોમાં ભારે તબાહી મચી છે. તાલિબાન સરકારના ડેટા મુજબ, ભૂકંપના કારણે સૌથી વધુ કુનાર પ્રાંતમાં ૨૨૦૫ લોકોના મોત અને ૩૬૪૦ લોકો ઈજાગ્રસ્ત થયા છે. તાલિબાન સરકારના પ્રવક્તા હમદુલ્લાહ ફિત્રતે કહ્યું કે, 'બચાવ અને રાહત કાર્ય હજુ પણ ચાલુ છે. ધરાશાયી થયેલા મકાનોના કાટમાળમાંથી હજુ પણ મૃતદેહો બહાર કાઢવામાં આવી રહ્યા છે. ભૂકંપના આફ્ટરશોક્સને કારણે થયેલા ભૂસ્ખલનથી રસ્તાઓ સંપૂર્ણ તૂટી ગયા છે, જેના કારણે બચાવ અને રાહત કામગીરી ધીમી પડી છે. નુર્ગલ જિલ્લામાં સેંકડો ગ્રામજનો ખુલ્લા આકાશ નીચે જીવન ગુજારવા મજબૂર બન્યા છે. તેમને ખાવા-પીવાની ચીજવસ્તુઓ પણ પૂરતા પ્રમાણમાં મળી રહી નથી, જેના કારણે ભૂખમરા જેવી સ્થિતિ સર્જાઈ છે.










# CHCC દ્વારા ગુએલ્ફ યુનિવર્સિટી ખાતે સ્મોલ બિઝનેસ મીટઅપ

## નેટવર્કિંગ, ડિનર, મુખ્ય ભાષણો અને રાઉન્ડ ટેબલ ચર્ચા જેવા કાર્યક્રમો યોજાયા,






### રોયલ સિટી ઓફ ગુએલ્ફમાં નેટવર્કિંગ અને સહયોગ માટે 100થી વધુ હિન્દુ વ્યાપારી નેતાઓ ભેગા થયા

ગુએલ્ફ : કેનેડિયન હિન્દુ ચેમ્બર ઓફ કોમર્સ (CHCC)- સાઉથ વેસ્ટ ઓન્ટેરિયો ચેપ્ટરે ૨૯ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ ગુએલ્ફ યુનિવર્સિટીના ધ આર્બોરેટમ ખાતે તેની પહેલી સ્મોલ બિઝનેસ મીટઅપનું આયોજન કર્યું હતું. જેમાં બર્લિંગ્ટન, હેમિલ્ટન, ગુએલ્ફ, કિચનર, કેમ્બ્રિજ, લંડન, વિન્ડસર, ક્લિન્ટન અને અન્ય દક્ષિણ પશ્ચિમ ઓન્ટેરિયો નગરો અને શહેરોના ૧૦૦થી વધુ હિન્દુ બિઝનેસ પ્રોફેશનલ્સ ભેગા થયા હતા. આ વાઈબ્રન્ટ ઈવેન્ટ ઉદ્યોગસાહસિકતા, નેટવર્કિંગ અને સમુદાય સહયોગને પ્રોત્સાહન આપવા માટે એક સીમાચિહ્નરૂપ બની હતી, જે ૨૦૨૩માં ગુએલ્ફમાં તેની પ્રથમ ઈવેન્ટથી શરૂ થયેલી CHCC ની સફરને ચાલુ રાખે છે.

આ મીટઅપમાં નેટવર્કિંગ, ડિનર, મુખ્ય ભાષણો અને રાઉન્ડ ટેબલ ચર્ચાનો સમાવેશ થતો હતો, જેનું નિષ્ણાત રીતે સંચાલન કૌશિક પટેલ અને ધ્રુવ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રમુખ ભદ્રેશ પટેલે ગેલેક્સી ફાઈન હોમ્સ, એફિનિટી મોરગેજ, ધ ઈન્ડિયન સુપરમાર્કેટ અને સચિન પટેલ અને અન્ય લોકો તેમજ સમર્પિત સ્વયંસેવકો સહિતના પ્રાયોજકોના અમૂલ્ય યોગદાનનો સ્વીકાર કર્યો હતો. તેમણે સાઉથ વેસ્ટ ઓન્ટેરિયો ચેપ્ટરની નેતૃત્વ ટીમનો પરિચય કરાવ્યો અને CHCCના રાષ્ટ્રીય ડિરેક્ટરો અને અધિકારીઓનું ઔપચારિક ફૂલોના પ્રસ્તુતિ સાથે સ્વાગત કર્યું હતુ. CHCCના સેક્રેટરી ડો. રાકેશ કંટારિયાએ આગામી કાર્યક્રમોની જાહેરાત કરી હતી. જેમાં બ્રામ્પટનમાં નાના વ્યવસાય મીટઅપ અને 10 ઓક્ટોબર, 2025 ના રોજ વાર્ષિક ધનતેરસ ગાલાનો સમાવેશ થાય છે. જેમાં લગભગ 1,000 લોકો હાજર રહેવાની અપેક્ષા છે. CHCCના પ્રમુખ કુશાગ્ર શર્માએ કેનેડામાં ત્રણ ચેપ્ટર અને આશરે 350 આજીવન સભ્યો સાથે સમૃદ્ધિ અને એકતા લાવવા માટે વિવિધ પૃષ્ઠભૂમિઓમાંથી કેનેડિયન હિન્દુઓને એક કરવાના સંગઠનના મિશન પર પ્રકાશ પાડ્યો હતો. ફ્લેમ્બોરો-ગ્લેનબ્રુક-બ્રાન્ટ નોર્થના સાંસદ ડેન મુઈસે સ્ટાર્ટઅપ્સ માટે ફેડરલ સંસાધનો અને કેનેડા-ભારત વેપાર સંબંધોને મજબૂત બનાવવાના મહત્વ ઉપર પ્રકાશ પાડ્યો હતો. ઝેબિયાના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ તુષાર જોગલેકરે નાના વ્યવસાયો માટે ટેકનોલોજીની પરિવર્તનશીલ સંભાવના પર ભાર મૂક્યો હતો. આ કાર્યક્રમ એક જીવંત રાઉન્ડ ટેબલ સાથે સમાપ્ત થયો હતો.

જ્યાં ઉપસ્થિતોએ આંતરદૃષ્ટિ અને ઉકેલો શેર કર્યા, નવા જોડાણોને પ્રોત્સાહન આપ્યું હતુ. CHCC સાઉથ વેસ્ટ ઓન્ટેરિયો ચેપ્ટરના પ્રમુખ ભદ્રેશ પટેલે જણાવ્યું. "અમે આટલો ઉત્સાહ જોઈને રોમાંચિત છીએ અને આ ગતિને આગળ વધારવા માટે આતુર છીએ. ચેપ્ટર સેક્રેટરી ગૌરવ શીલે ઉપસ્થિત લોકોની ઉર્જા અને નવા સભ્યોનો આભાર માન્યો હતો. CHCC સાઉથ વેસ્ટ ઓન્ટેરિયો ચેપ્ટરનું નેતૃત્વ પ્રમુખ ભદ્રેશ પટેલ અને તેમની ટીમના સભ્યો સચિન પટેલ, ધર્મેશ પટેલ, ગૌરવ શીલ, હરેન ત્રિવેદી, કૌશિક પટેલ, સંજય ગુપ્તા, શીતલ શાહ અને સ્વયંસેવકો ધીરેન ત્રિવેદી, નીલેશ પટેલ, ધ્રુવ શાહ અને યુવાનોના ઉગ્ર પ્રયાસોથી થયું હતું.

### સાંસદ ડોમિનિક ઓ'રોર્કએ સમુદાયની ઉદ્યોગસાહસિક ભાવના અને સાંસ્કૃતિક યોગદાનની પ્રશંસા કરી

આ કાર્યક્રમમાં વિશિષ્ટ મહેમાન અને વક્તાઓમાં ગુએલ્ફના સાંસદ ડોમિનિક ઓ'રોર્કએ હાજરી આપી હિન્દુ સમુદાયની ઉદ્યોગસાહસિક ભાવના અને સાંસ્કૃતિક યોગદાનની પ્રશંસા કરી હતી. આ સાથે જ તેમણે 2023થી સમુદાય સાથેના તેમના લાંબા સમયથી જોડાયેલા સંબંધોની વાતો કરી હતી. ગુએલ્ફના ઓન્ટેરિયો ગ્રીન્સ લીડર અને MPP માઇક શ્રેનરે 60%થી વધુ કેનેડિયન કામદારોને રોજગારી આપતા નાના વ્યવસાયોની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂકી પગારપત્રક કર રાહત અને વાણિજ્યિક ભાડાપટ્ટા સુરક્ષા જેવા નીતિગત સમર્થન માટે હાકલ કરી હતી.

# વોનના ઘરમાં બાળકોની નજર સામે ગોળી મારીને એકની હત્યાથી ચકચાર

### કાળા કપડાધારી 3 શંકાસ્પદ ઈસમોની પોલીસ દ્વારા શોધખોળ

**ઓન્ટેરિયો**

રાજકીય નેતાઓ અને નજીકના મિત્રો કહે છે કે, ઓન્ટેરિયોના વોનમાં સપ્તાહના અંતે થયેલા ઘરમાં ઘૂસણખોરી એક વ્યક્તિને તેના બાળકોની નજર સામે મારી નાખવામાં આવ્યો હતો. અબ્દુલ અલીમ ફારૂકી શ્રદ્ધા, દાન અને સમુદાયના માણસ હતા. એક વ્યક્તિએ 46 વર્ષીય પતિ અને ચાર બાળકોના પિતાને "ઉમદા" ગણાવ્યા છે.

યોર્ક પ્રાદેશિક પોલીસ કહે છે કે ઘરમાં ઘૂસણખોરોને નિશાન બનાવવામાં આવ્યા હતા. પરંતુ તેઓએ ઘટના વિશે થોડી વિગતો જાહેર કરી છે અને ગોળીબાર થયો હોવાની પુષ્ટિ કરી નથી. રવિવારે એક સમાચાર પ્રકાશનમાં પોલીસે જણાવ્યું હતું કે, તેઓએ રવિવારે સવારે 1 વાગ્યા પહેલા એન્ડ્રીટા ડ્રાઈવ અને બેરોન્સ સ્ટ્રીટ વિસ્તારમાં આવેલા એક નિવાસસ્થાને ઘરે ઘૂસણખોરીના અહેવાલ માટે પ્રતિક્રિયા આપી હતી. જ્યારે અધિકારીઓ પહોંચ્યા, ત્યારે પોલીસે કહ્યું કે તેમને એક વ્યક્તિ તેના શરીરમાં ઈજાથી પીડાતો મળ્યો હતો. બાદમાં તેને ઘટનાસ્થળે મૃત જાહેર કરવામાં આવ્યો હતો. મુખ્ય કોરોનર અધિકારીએ પાછળથી તે વ્યક્તિની ઓળખ કરી હતી. પોલીસે કહ્યું કે તેઓ ઓછામાં ઓછા ત્રણ શંકાસ્પદોને શોધી રહ્યા છે, જેમણે કાળા કપડાં અને ચહેરો ઢાંકેલો હોવાનું વર્ણવવામાં આવ્યું છે

SHIV FINANCIAL SERVICES
Serving Community Since 2009
"Proper Insurance Coverage is Peace of Mind"
Super Visa Insurance
&
Visitor to Canada Medical Insurance
CALL FOR FREE QUOTE
- Monthly / Annual Plans Available
- Partial Refund if Parents Leave Early
- Full Refund if No Visa Issued
- Upto 45% Discount Available

JAGDISHBHAI SEVAK
Insurance Broker
647-236-7620
sevak_2007@hotmail.com • www.shivfinancialservices.ca


રમેશભાઈ વ્યાસ
(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ
Leading Gujarati Newspaper

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)
સ્વદેશ
Leading Gujarati Newspaper
+1 437-421-2992
Email :- info@swadesh.news









# HSAPS સંસ્થા દ્વારા જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી ભજનો સાથે ભક્તો કૃષ્ણના ભક્તિરસમા તરબોળ

**300થી વધારે હરિભક્તોએ સહકુટુંબ કાર્યક્રમમાં ભાગી લીધો, ભૂલકાઓએ બાલકૃષ્ણની વેશભુષામાં સજ્જ થઈ મટકીફોડનો કાર્યક્રમ યોજ્યો**

### કૃષ્ણાવતારને અનુલક્ષીને હરિપ્રસાદ સ્વામીજીનો રેકોર્ડેડ વીડિયો દર્શાવયો

**બ્રામ્પ્ટન**

ગત તા ૧૬ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ શ્રી હરીધામ સોખડા અક્ષર પુરુષોત્તમ સ્વામીનારાયણ સંસ્થા દ્વારા બ્રામ્પ્ટન ફેરગ્રાઉન્ડ્સ હાર્ટ લેક રોડ કેલેડોનના વિશાળ ઓડિટોરિમમાં મટકી ફોડના કાર્યક્રમ સાથે જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવી હતી. કૃષ્ણ જન્મના તહેવારને અનુલક્ષીને પૂજ્ય પ્રેમસ્વામીજીની પ્રેરણા અન્વયે 300થી વધારે હરિભક્તોએ સહકુટુંબ સભાખંડમાં એકત્રિત થયા હતા. જે બાદ સૌએ નંદ મહોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી કરી હતી. ઉજવણીની શરૂઆતમાં જયેશભાઈ, અનંતભાઈ, નિસર્ગભાઈ, સ્વરભાઈ, સહજભાઈ, હર્ષભાઈ, કંદર્પભાઈ, ઘનશ્યામભાઈ, ધાર્મિકભાઈની ભજનમંડળીએ કૃષ્ણ ભક્તિના ભજનો ગાઈ હરિભક્તોને ભક્તિરસમાં તળબોળ કરી દીધા હતા. ત્યારબાદ કૃષ્ણાવતારને અનુલક્ષીને પૂજ્ય હરિપ્રસાદ સ્વામીજીનો રેકોર્ડેડ વીડિયો દર્શાવયો હતો. પૂજ્ય સ્વામીજીએ કહ્યું હતું કે, ભગવાનનો પૃથ્વી પર અવતાર ધારણ કરીને પધારવાનો હેતુ આપણી ઈન્દ્રિયોની આસુરી વૃત્તિનો અંત કરાવીને દૈવી વૃત્તિ ધારણ કરાવી ભક્તો અને સંસ્કૃતિની રક્ષા કરવાનો હોય છે.

પરદેશની ધરતી પર રહીને પણ આત્માનું સાચું સુખ પ્રાપ્ત કરવું હોય તો ભગવાન અને ભક્તના સંબંધનો મહિમા હૈયામાં સ્થિર કરવો પડશે. સંપ, સુહૃદભાવ, એકતા અને આત્મીયતાનો સંદેશો વહાવતા સ્વામીએ જણાવ્યું કે, કોઈ આત્મીય બને કે ના બને, પણ મને આત્મીય બનાવશો એવો દ્રઢ ઠરાવ કરવાથી તમને આત્માનું સુખ આપવાની જવાબદારી ભગવાન જરૂરથી પોતાના માથે લે છે. ત્યારબાદ યુએસએ ખાતે હરિભક્તોને દર્શનનું સુખ આપીને વિચરણ કરી રહેલા મંદિરના ઉત્તરાધિકારી ગાદીપતિ પૂજ્ય પ્રેમસ્વરૂપ સ્વામીજીનું વીડિયો દર્શન કરાવીને તેમની પરાવાણીનો લાભ લીધો હતો. તેમણે હરિભક્તોને પાંચ સૂત્રો ઓગળી જવું , જતું કરવું, નમી જવું, ખમી જવું, ભૂલી જવુંનો મહિમા સમજાવ્યો હતો.

ત્યારબાદ નાના ભૂલકાઓએ બાલકૃષ્ણની વેશભુષામાં સજ્જ થઈને સ્ટેજ ઉપર રચયિત દહીં હાંડી મટકી ફોડનો કાર્યક્રમ યોજ્યો હતો. આ સાથે નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલકીના નારા ગુંજી ઉઠ્યા હતા. સૌ હરિભક્તોએ વહાલા બાલકૃષ્ણને પારણીયે ઝુલાવવાનો લ્હાવો લઈને ધન્યતા અનુભવી હતી. અંતમાં કૃષ્ણ આરતી અને સ્વામિનારાયણ આરતી કરીને ધન્યતા અનુભવી હતી. સર્વાતીતભાઈએ ફોટોગ્રાફીની સેવા, મીડિયા ટીમે પ્રોજેક્ટર મેનેજ અને મિતભાઈએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સફળતાથી કર્યું હતું. અંતમાં રસોડા ટીમ અમ્બરીષભાઈ, પિયુષભાઈ, પ્રજ્ઞેશભાઈ, રાજભાઈ, જયભાઈ અને અમિતભાઈ દ્વારા ગુલાબજાંબુ, નાન ચણાનો પ્રસાદ લઈને ભક્તિ સભર હૈયે બધા વિખેરાયા હતા.

# ઓસ્કાર નોમિનેટેડ અભિનેતા ગ્રેહામ ગ્રીનનું 73 વર્ષની જૈફ વયે અવસાન

**ટોરોન્ટો**

ઓસ્કાર-નોમિનેટેડ અભિનેતા ગ્રેહામ ગ્રીનનું સોમવારે 73 વર્ષની વયે સ્ટ્રેટફોર્ડ, ઓન્ટેરિયોમાં અવસાન થયું હતુ. તેમના મેનેજરે મીડિયા સમક્ષ આ વાતને પુષ્ટિ આપી હતી.

ગેરી જોર્ડને જણાવ્યું હતું કે, અમે ખૂબ જ દુઃખ સાથે એવોર્ડ વિજેતા સુપ્રસિદ્ધ કેનેડિયન અભિનેતા ગ્રેહામ ગ્રીનના શાંતિપૂર્ણ નિધનની જાહેરાત કરીએ છીએ, ઓન્ટેરિયોમાં સિક્સ નેશન્સ રિઝર્વના ઓનેડા અભિનેતા અને 1990ના દાયકાના ડાન્સ વિથ વુલ્વ્સમાં કિકિંગ બર્ડ, એક સિઓક્સ મેડિસિન મેન જેવી ફિલ્મોની ભૂમિકાઓ માટે તેઓ જાણીતા હતા, જેના કારણે તેમને શ્રેષ્ઠ સહાયક અભિનેતા તરીકે ઓસ્કાર નોમિનેશન મળ્યું હતું. તેઓ 1999 માં ટોમ હેન્ક્સ સાથે ધ ગ્રીન માઈલ અને 2009માં ધ ટ્વાઈલાઈટ સાગા: ન્યૂ મૂનમાં પણ હતા. તેમણે 1990 ના દાયકામાં ટેલિવિઝન પર નોર્ધન એક્સપોઝરમાં ભૂમિકાઓ ભજવી હતી, અને તાજેતરમાં રિઝર્વેશન ડોગ્સ અને ધ લાસ્ટ ઓફ અસમાં મહેમાન કલાકાર તરીકે ભૂમિકાઓ ભજવી હતી. તેણે આ વર્ષની શરૂઆતમાં CBC Qના ટોમ પાવરને કહ્યું હતું કે, તેને રોડી તરીકે કામ કરતી વખતે પહેલી વાર અભિનયની તક મળી હતી, અને કોઈએ તેને પૂછ્યું કે શું તેણે ક્યારેય અભિનય કરવાનું વિચાર્યું છે. ત્યારે તેમણે લગભગ પાંચ દાયકા સુધી ચાલેલી કારકિર્દીમાં સ્ટેજ અને સ્ક્રીન પર ડઝનબંધ ભૂમિકાઓની વાતો કરી હતી.

travel SERVICES
SPECIAL FLIGHT OFFERS
KLM TORONTO - MUMBAI - TORONTO
06 DEC TORONTO → AMS → MUMBAI
06 JAN MUMBAI → AMS → TORONTO
22 DEC TORONTO → AMS → MUMBAI
22 JAN MUMBAI → AMS → TORONTO
We have a Ahmedabad, Baroda and Delhi Special Rates
tico.ca 50018836
LIMITED SEATS AVAILABLE
WITH 2 BAGGAGE 23KG EACH
All tickets are non refundable and non Changeable Condition Apply*
IATA
DIPTESH PATEL +1 (647) 409-2976
905-790-8989 travelservices@bellnet.ca
2565 Steels Ave. E., Unit #20, Brampton, ON, L6T 4L6

Visa Services
• India
• Nepal
• Dubai
• Europe
• UK-ETA
VOYAGES InterSky TRAVELS
• OCI • PASSPORT RENEWAL • SURRENDER CITIZENSHIP & PR APPLICATIONS
Wholesale Tour Operation
• India-North & South • Nepal - Bhutan -Sri Lanka. • Dubai. NRI-Europe( Veg & Jain Meals) • All kinds of Travel
• Air Canada • Air India • Qatar • Emirates • Air Farnce/ KLM • British Airways • United -Delta • Turkish & many more..............
Divyesh (Dev) Patel : 514 -513 9191
Permis du Quebec
514-389-7070-toll free:1855-389-7070

તંત્રી સ્થાનેથી

## મોદીનો જાપાન પ્રવાસ, મજબૂત સંબંધોનો સંકલ્પ

# રશિયા, ઈન્ડિયા, ચીન વચ્ચે જોડાણનો સંકેત, પશ્ચિમ દેશોનો દબદબો ઘટશે


તંત્રી - સ્વદેશ

ચારેક માસથી અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા દુનિયાના અનેક દેશો પર ટેરિફ લાદવાની ધમકી અપાયા બાદ ભારતીય ઉત્પાદનો પર 50 ટકા ટેરિફનો અમલ પણ શરૂ થઈ ગયો છે. આ પહેલાં યુએસએ ચીન અને રશિયાને પણ ટેરિફને નામે ધમકાવવા પ્રયાસ કર્યો હતો. પરંતુ કોઈએ તેને મચક આપી નથી. જ્યારે હાલમાં ચીનના તિયાનજિનમાં યોજાયેલી શાંઘાઈ કોઓપરેશન સમિટ (એસસીઓ)માં થયેલી ચર્ચા અને લેવાયેલા નિર્ણયોએ દુનિયાનું ધ્યાન ખેંચ્યું છે. મિટિંગ દરમિયાન દુનિયાના ત્રણ મોટા અને પાવરફુલ દેશના ત્રણ વડા, વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ચીનના પ્રમુખ શિ જિનપિંગ અને રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિન એક સાથે દેખા દેતાં પશ્ચિમી દેશોના પેટમાં તેલ રેડાયું છે.

ચીન જતા પહેલાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી આઠમી વખત જાપાનના પ્રવાસે ગયા હતા, તેઓ ૨૯ ઓગસ્ટથી ૧ સપ્ટેમ્બર સુધી ઈસ્ટ એશિયાના પ્રવાસે હતા. જાપાન વર્ષોથી ભારતનો મિત્ર દેશ રહ્યો છે. તે ભારત સાથે તમામ સ્તરે જોડાણ કરીને સદીઓથી હકારાત્મક સંબંધ જાળવી રાખવાનો ઈતિહાસ ધરાવે છે. આ ઉપરાંત અમેરિકા, ઓસ્ટ્રેલિયા સાથે પણ જાપાનના ખૂબ જ સારા સંબંધો છે.

જો કે, હાલ અમેરિકા અને ભારતના સંબંધોમાં ટેરિફને મુદ્દે જે સમસ્યાઓ ઊભી થઈ છે, તેનાથી ક્વાડનું ભવિષ્ય જોખમાય તેવું પણ લાગી રહ્યું હતું. આ દરમિયાન ભારતીય વિદેશ સચિવ વિક્રમ મિસરીએ સધિયારો આપ્યો હતો કે, ક્વાડ કોઓપરેશનના ભવિષ્ય અંગે ચિંતા કરવાની જરૂર નથી. તેના વિશે ટોકિયો ખાતે વાતચીત કરવામાં આવશે. અમે અને જાપાન ઉચ્ચ મૂલ્યો સાથે જોડાયેલા દેશો છીએ અને અમારી ભાગીદારી તૂટે તેમ નથી. આ ઉપરાંત ક્વોડ જોડાણ ઉપર અન્ય એક દિશામાંથી પણ હકારાત્મક કામગીરી કરવામાં આવી રહી હતી. મોદીના જાપાન પ્રવાસ દરમિયાન બે દેશ વચ્ચેના સંબંધો જાળવી રાખવા પર ભાર મુકાયો હતો. જાપાની વડા પ્રધાન ઈશિબાએ પણ આ વાતમાં સહમતી દાખવી હતી. તેમણે પણ જણાવ્યું હતું કે, આપણે એકબીજાની ક્ષમતાનો સદુપયોગ કરવો જોઈએ. અને એકબીજાને જે સમસ્યાઓ નડે છે તેનું નિરાકરણ લાવવા માટે સંયુક્ત પ્રયાસ કરવો જોઈએ. મોદીના પ્રવાસ અને મુલાકાત બાદ બંને નેતાઓ દ્વારા સંયુક્ત નિવેદનો પણ આપવામાં આવ્યા હતા. બંને દેશો વચ્ચે ઘણા બધા મુદ્દે કરાર પણ કરવામાં આવ્યા છે. જેમાં આગામી એક દાયકા સુધી બંને દેશોનું જોડાણ અને કામગીરી કેવા રહેશે તેનો રોડ મેપ તૈયાર કરવામાં આવ્યા છે. ખાસ કરીને આગામી એક દાયકા માટેનું બંને દેશઓનું વિઝન, સુરક્ષા મુદ્દે એકબીજાને સહકાર આપવાની બાંયધરી, તે ઉપરાંત ડિફેન્સ અને સિક્યોરિટી સેક્ટરમાં નવી ટેક્નોલોજી અને સાધનો બનાવવા તથા એકબીજાને આપવા અંગે પણ જોડાણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ઈન્ડો-જાપાન હ્યુમન રિસોર્સ એક્સચેન્જ અંગે પણ એમઓયુ કરાયા છે. તે ઉપરાંત મિનરલ્સ રિસોર્સિસ અંગે પણ કરાર થયા છે અને ડિજિટલ પાર્ટનરશિપ ૨.૦ શરૂ કરવાની જાહેરાત કરાઈ છે. તે સિવાય ક્લિન હાઈડ્રોજન અને એમોનિયા વિશે પણ કરાર કરવામાં આવ્યા છે.

જાપાન દ્વારા આગામી એક દાયકામાં ભારતમાં ૧૦ ટ્રિલિયન જાપાની યેન એટલે કે અંદાજે ૬૭ બિલિયન ડોલરનું રોકાણ કરવામાં આવશે. જાણકારોના મતે મોદીની આ મુલાકાત બાદ એક સંદેશ પશ્ચિમના દેશોને સ્પષ્ટ પહોંચી ગયો છે કે, ભારતનું કદ તેઓ ધારે છે તેવું નાનું નથી.

જાપાન બાદ મોદી અને પુતિન ચીન પહોંચ્યા હતા. આ વેળા શિ જિનપિંગ દ્વારા તમામ દેશના નેતાઓ માટે લાલ જાજમ પાથરવામાં આવી હતી. તેનાથી પણ વિશેષ તેમણે રશિયન પ્રમુખ અને ભારતીય વડા પ્રધાન સાથે સમય પસાર કર્યો અને મહત્ત્વની ચર્ચા પણ કરી. શિ જિનપિંગ જે રીતે મોદી અને પુતીનને મળ્યા તેના દ્રશ્યો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં દુનિયાએ તેની નોંધ લીધી હતી. ખાસ કરીને અમેરિકાના પ્રમુખ દ્વારા સાથી દેશો અને વિરોધી દેશો માટે ટેરિફની જે નીતિ અપનાવાઈ છે તેની સામે આ બેઠક મોટા સંકેત આપનારી બની રહી હતી. હાલમાં એક જ ચર્ચાએ જોર પકડયું છે કે, શું આ મુલાકાત અને બેઠક પછી રશિયા, ઈન્ડિયા અને ચીન વચ્ચે ત્રિપક્ષીય જોડાણ થશે. આ ત્રણે દેશો ભેગા થઈને એશિયામાં એક નવી ધરીનું સર્જન કરે તો પશ્ચિમને તેની મોટી અસર થઈ શકે છે.

રશિયા, ભારત અને ચીન(આરઆઈસી) ના આ ત્રિપક્ષીય જોડાણનો પાયો રશિયાના પૂર્વ વડા પ્રધાન યેવગેની પ્રિમાકોવ દ્વારા નાખવામાં આવ્યો હતો. આ ત્રિપક્ષીય જોડાણ અને ચર્ચાઓ ૨૦૦૮થી ૨૦૧૦ વચ્ચે ખૂબ જ વધી હતી અને વિવિધ જૂથમાં કામ પણ શરૂ કરવામાં આવ્યું હતું. જો કે, જે ઉત્સાહ સાથે આયોજન કરવામાં આવ્યું હતું તે પ્રમાણે ખાસ ટક્યું નહીં. હવે આરઆઈસીનું જે સપનું ઊભું થયું છે અને એક્ટિવિટી શરૂ કરવા પ્રયાસ થઈ રહ્યો છે. જાણકારો માને છે કે, આ મિશન જો પાર પડી જાય તો વૈશ્વિક સ્તરે તેની મોટી અસર પડશે. આ દેશો બ્રિક્સ જોડાણના પણ સ્થાપક દેશો છે. આરઆઈસીનું ફોર્મેટ અને તેની ડિપ્લોમેટિક એક્ટિવિટી જે રીતે કરવામાં આવી રહી છે તે જોતાં લાગી રહ્યું છે કે, હાલમાં એસસીઓ અને બ્રિક્સનું જે મહત્ત્વ છે તેટલું જ મહત્ત્વ આગામી સમયમાં આરઆઈસીનું હશે. આ એક એવું જોડાણ અને માળખું હશે, જેમાં તમામ ભાગીદારો સમાંતર રીતે એકબીજાને માન આપતા હશે. આ જોડાણમાં તો રશિયા, ભારત અને ચીન ત્રણેય એવા દેશો છે જે ઈકોનોમિકલી, પોલિટિકલી, જિયોગ્રોફિકલી વૈશ્વિક સ્તરે મોટી અસર કરી શકે તેમ છે. જો આરઆઈસી જોડાણ કરવામાં આવે તો ભારત અને ચીન વચ્ચે જે સમયાંતરે વિવાદ થતા રહે છે તે કાબુમાં આવી જશે. બીજી તરફ ચીન દ્વારા અન્ય જોડાણોમાં ભારતની વિરુદ્ધ જઈને પાકિસ્તાનને સાથ આપવામાં આવે છે, તે અંકુશમાં આવશે. રશિયન જાણકારો માને છે કે, આ જૂથ બને તો ભારતનો ઉપયોગ અમેરિકા અને બીજા યુરોપિયન દેશોને દબાવવા માટે થઈ શકે છે. આ તમામ હિતોને ધ્યાનમાં રાખવામાં આવે તો આરઆઈસી જોડાણ ખોટું નથી. પણ ભૂતકાળની જેમ સ્થિતિઓ બદલાય તો તેના પરિણામો અને અસરો પણ બદલાઈ શકે છે.

આરઆઈસી માટે રશિયા અને ચીન દ્વારા પોતાનું વલણ અને આયોજનો સ્પષ્ટ કરવામાં આવ્યા છે. છતાં ભારતનું આ અંગે સુચક મૌન છે. ભારતે હાલમાં આ ત્રિપક્ષીય જોડાણ અંગે થોભો અને રાહ જૂઓની નીતિ અપનાવી છે. તેણે આ વિશે તાત્કાલિક કોઈપણ સ્થિતિ જાહેર કરી નથી.



manoj1968@yahoo. ca

SUPER VISA MEDICAL INSURANCE
FOR PARENTS & GRAND PARENTS
WE REPRESENT ALL
MAJOR INSURANCE COMPANIES OF CANADA
SUPER VISA
- Life Insurance
- Mortgage Insurance
- Disability Insurance
- Critical Illness Insurance
VISITOR VISA
- Visitor Insurance
- RRSP (Retirement Plan)
- RESP (Education Plan)
Secure your children's future and enroll in
RESP & get thousands of dollars in Govt. Grants.
Guaranteed Money Back Plans / Non medical Plans are available
Persons with medical problems like Blood Pressure, Cholesterol
Diabetes, Heart Problem can get insurance (Conditions apply)

MADHUSUDAN LAMA
647-833-4477

HETAL SHAH
416 -522-1676

ANIRUDH LAMA
416-822-2570
DESIGNED BY GUJARAT NEWSLINE
EFS Economical Financial Services
Ph : 416-746-4142
1694, Albion Road, Unit # 1,
Etobicoke, ON, M9V 188
Email : info@economicalfinancial.com
Web : www.economicalfinancial.com


DIVINE YOGA
By Geeta
Children Yoga Class
Adult Yoga Class
Yoga Class Every Saturday and
Sunday 8:30-9:30 AM
Join today on ZOOM!
: Classes Available :
One to One Individual
and Therapeutic

Geeta Tailor
416-456-2261
Contact Geeta at
divineyogabygeeta@gmail.com
IG & FB: @divineyogabygeeta

# અમૂલ : ભાજપના મેન્ડેટ વિરૂદ્ધ ઉમેદવારી કરનારા 3 સસ્પેન્ડ

## આણંદ બેઠકમાં પિયુષભાઈ રાજ, ભરતભાઈ સોલંકી અને પેટલાદમાં રશ્મિબેન જાદવે અપક્ષમાં ફોર્મ ભરતા પક્ષ દ્વારા કાર્યવાહી

**આણંદ**

અમૂલ ડેરીની તા. ૧૦મીએ યોજાનારી ચૂંટણીમાં આણંદ બેઠક ઉપર રસાકસીભર્યો જંગ ખેલાશે. આણંદ અને પેટલાદ બેઠક પર ભાજપના મેન્ડેટ વિરૂદ્ધ ત્રણ કાર્યકરોએ ઉમેદવારી કરતા પક્ષના સભ્ય પદેથી સસ્પેન્ડ કરાયા છે.

અમૂલ ડેરીની ચૂંટણીમાં આણંદ બેઠક ઉપર ભાજપે મેન્ડેટ આપતા અમૂલના વાઈસ ચેરમેન કાંતિભાઈ સોઢા પરમારે ઉમેદવારીપત્ર ભર્યું હતું. જ્યારે આણંદ બેઠક પર ભાજપના જૂના અને પીઢ કાર્યકરો જિલ્લા પંચાયતના પૂર્વ સભ્ય પિયુષભાઈ જીતસિંહ રાજ (અડાસ)



અને ભરતભાઈ ચંદુભાઈ સોલંકી (ખાંધલી) એ અપક્ષમાં ફોર્મ ભર્યા હતા. પેટલાદ બેઠક ઉપર ભાજપના મેન્ડેટ પર બીનાબેન પટેલ સામે ભાજપના જ રશ્મિબેન દિલીપભાઈ જાદવ (સિહોલ)એ અપક્ષમાં ફોર્મ ભર્યું હતું. આણંદ જિલ્લા ભાજપ દ્વારા ઉમેદવારીપત્ર પાછા ખેંચવા મીટિંગોનો દોર યોજી સમજાવવામાં આવવા છતાં બળવાખોર ત્રણ ઉમેદવારો માન્યા ન હતા. અમૂલ ડેરીની ચૂંટણીમાં અપક્ષમાં ઉમેદવારી નોંધાવી પક્ષ વિરૂદ્ધ કામગીરી કરી નિયમનો ભંગ કરવા બદલ પિયુષભાઈ જીતસિંહ રાજ, ભરતભાઈ સોલંકી અને રશ્મિબેન જાદવને ભાજપે પક્ષના સક્રિય અને પ્રાથમિક સભ્ય પદેથી તાત્કાલિક અસરથી બરતરફ કર્યા છે.

અમુલ ડેરીની ચૂંટણીમાં ભાજપ દ્વારા આણંદ બેઠકમાં બે ક્ષત્રિય ઉમેદવારોને સભ્યપદેથી બરતરફ કરવામાં આવતા ક્ષત્રિય સમાજમાં ભારે નારાજગી જોવા મળી છે. તેની અસર ચૂંટણીમાં પણ વર્તાય તેવી શક્યતા છે.

### ચૂંટણી પૂર્વે આણંદની 4 બેઠકોના 100 મતદારોને અજ્ઞાત સ્થળે લઈ જવાયા

આણંદ જિલ્લાની ચાર બેઠકો ભાજપ અને અપક્ષ માટે વર્ચસ્વની લડાઈ બની છે. આ બેઠકો કબજે કરવા માટે ભાજપ અને અપક્ષ જિલ્લાના મતદારોને અજ્ઞાત સ્થળે લઈ જવામાં આવ્યા છે. આ મતદારો પાસેથી મોબાઈલ ફોન પણ લઈ લેવાયા છે. રાજ્ય કે રાજ્ય બહારના ફાર્મહાઉસ, હોટેલો સહિતના અજ્ઞાત સ્થળોએ મતદારોને રખાયા છે. આણંદ જિલ્લામાં અન્ય મતદારોને અજ્ઞાત સ્થળે લઈ જવા માટે રાજકીય પક્ષો પ્રલોભનો આપી રહ્યા છે. આગામી દિવસોમાં અન્ય મતદારો પણ સહેલગાહે જાય તેવી સંભાવના છે. ત્યારે તમામ ૧૦૦ જેટલા મતદારોને તા. ૯મી સપ્ટેમ્બર સુધી રાખવામાં આવશે. બોરસદ બેઠક ઉપર ૪૮થી વધુ મતદારોને અજ્ઞાત સ્થળોએ લઈ જવાયા છે.

# ડીસામાંથી ડુપ્લીકેટ નોટોની ફેક્ટરીનો પર્દાફાશ, બે આરોપીઓની ધરપકડ

## રૂ. 40 લાખની નોટો અને અન્ય સાધનો જપ્ત કરાયા

**ડીસા**

બનાસકાંઠા LCB (લોકલ ક્રાઈમ બ્રાંચ) દ્વારા ડીસા તાલુકાના મહાદેવીયા ગામેથી ડુપ્લીકેટ નોટોની એક ફેક્ટરી ઝડપી પાડવામાં આવી છે. LCBએ બાતમીના આધારે આ દરોડો પાડીને ડુપ્લીકેટ નોટો છાપતા બે આરોપીઓની અટકાયત કરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, પોલીસે ઘટના સ્થળેથી અંદાજે 40 લાખ રૂપિયાથી વધુની ડુપ્લીકેટ નોટો અને અન્ય સાધનો જપ્ત કર્યા છે. ગત મોડી રાતથી પોલીસ દ્વારા આ ડુપ્લીકેટ નોટોની ગણતરીનું કામ ચાલી રહ્યું છે. આ ઘટનાથી પોલીસ



અને તંત્રમાં હડકંપ મચી ગયો છે. પોલીસ દ્વારા આરોપીઓની પૂછપરછ કરીને આ રેકેટના અન્ય સભ્યોને ઝડપી પાડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કૌભાંડમાં અન્ય કોઈ મોટા માથા સંડોવાયેલા છે કે કેમ તે દિશામાં પણ તપાસ ચાલી રહી છે.

# યાત્રાધામ અબાજીમાં બે દિવસમાં 14.99 લાખથી વધુ ભક્તોએ મા અંબાના દર્શન કર્યા

**અંબાજી**

ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં આવેલ સુપ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજીમાં બે દિવસ પૂર્વે સોમવારથી ભાદરવી પૂનમના મહામેળાનો પ્રારંભ થઈ ચૂક્યો છે. આગામી 7 સપ્ટેમ્બર સુધી ચાલનારા આ શક્તિ-ભક્તિ અને આસ્થાના મિની કુંભમાં દરરોજ લાખો માઈભક્તો માતાજીના દર્શન કરીને ધન્યતા અનુભવી રહ્યા છે. અત્યાર સુધી મેળાના ત્રણ દિવસ દરમિયાન 14.99 લાખથી વધુ માઈભક્તોએ માઁ અંબાના ચરણોમાં શીશ ઝૂકાવી ચૂક્યા છે.

ગઈકાલે સાંજે 5 થી આજે સાંજે 5 વાગ્યા સુધી 24 કલાકના સમયગાળા દરમિયાન 7,70,224 જેટલા શ્રદ્ધાળુઓએ માતાજીના દર્શન કર્યા છે. સતત ત્રીજા દિવસે મોટી સંખ્યામાં માઈભક્તો માતાજીના દર્શન કરવા ઉમટી પડતાં અંબાજી જતાં રસ્તા પર ભાવિકોની ભારે ભીડ જોવા




મળી હતી. આજે ત્રીજા દિવસે ઉડન ખટોલા અર્થાત રોપવેમાં 10,082 યાત્રિકો નોંધાયા છે. આમ 3 દિવસ દરમિયાન કુલ 28,446 યાત્રિકોએ ગબ્બર સુધી પહોંચવા માટે રોપવે સેવાનો લાભ લીધો છે.

# વાઘોડિયા કોટંબીમાં કુહાડીના ઘા ઝીંકી પુત્રની હત્યા કરનારા પિતાને આજીવન કેદની સજા

## જમવા બાબતે ઝઘડો થવાની અદાવત રાખી પુત્રએ સગા પિતાને લાત મારી હતી

**વડોદરા**

જમવા બાબતે ઝઘડો થતા તેની અદાવત રાખી વાઘોડીયા તાલુકાના કોટંબી ગામમાં રહેતા આધેડે કુહાડીના ઘા ઝીંકી પુત્રની હત્યા કરી હતી. આ અંગેનો કેસ સાવલી કોર્ટમાં ચાલી જતા ન્યાયાધીશે પુત્રની હત્યા કરનારા પિતાને કસુરદાર ઠેરવી આજીવન કેદની સજા તેમજ રૂા.૧૦ હજારનો દંડ ફટકાર્યો હતો. આરોપી જો દંડની રકમ ન ચૂકવે તો વધુ એક વર્ષની સખ્ત કેદનો પણ આદેશ કરવામાં આવ્યો હતો. કેસની વિગત એવી છે કે, તા.૧૧ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ કોટંબી ગામમાં રહેતા કનુભાઈ ભરતભાઈ પરમાર તેમજ તેના પત્નિ કૈલાસબહેન અને પુત્ર રાકેશ ઘરે હાજર હતા ત્યારે પિતા અને પુત્ર વચ્ચે જમવા બાબતે ઝઘડો થતા રાકેશે તેના પિતા કનુભાઈને લાતો મારી હતી. ત્યાર બાદ રાત્રે જમીને પરિવારના તમામ સભ્યો સુઈ ગયા હતા. દરમિયાનમાં મોડી રાત્રે લાકડા ખખડવાનો અવાજ આવતા કૈલાસબહેન જાગી ગયા હતા અને તેમણે જોયુ તો તેમના પતિ હાથમાં કુહાડી લઈને સઈ રહેલા પુત્ર પાસે ઉભા હતા. પતિએ નિર્દયતા પુર્વક સુઇ રહેલા પુત્રની ગરદન પર ચારથી પાંચ કુહાડીના ઘા મારતા પુત્ર લોહીલુહાણ થઈ ગયો હતો અને પતિએ કરેલા આ ઘતકી હુમલાથી ગભરાઇ ગયેલા કૈલાસબહેન બુમ પણ પાડી શક્યા ન હતા. હુમલો કર્યા બાદ પતિએ હવે તમે સુઇ જાવ તેમ કહી ઘરેથી ફરાર થઈ ગયો હતો. વાઘોડીયા પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી જે તે સમયે આરોપી કનુભાઈ પરમારની ધરપકડ કરી હતી અને આ અંગેનો કેસ કોર્ટમાં ચાલી જતા તેમાં વકીલ સી.જી.પટેલે દલીલો કરી હતી.

# નવાખલમાં બાળકી હત્યા કેસમાં વળાંક આરોપી દ્વારા દુષ્કર્મ ગુજાર્યાની કબૂલાત

## ભૂવાએ તાંત્રિક વિધિ કરવા બાળકીની બલિ માંગી હતી

**આણંદ**

નવાખલ ગામમાં 5 વર્ષની માસૂમ દીકરીની હત્યાના ગાંભીર મામલે આરોપી અજય પઢિયારે દુષ્કર્મની કબૂલાત કરી છે. તેણે સ્વીકાર્યું કે, દુષ્કર્મ બાદ બાળકીનું દળું દબાવી હત્યા કરી મૃતદેહ ફેંકી દેવામાં આવ્યો હતો.

આંકલાવની પાંચ વર્ષની બાળકી શનિવારે મંદિરે જવાનું કહીને ઘરેથી નીકળી હતી. જોકે, ઘણા સમય બાદ બાળકી ઘરે ન આવતા પરિવારે મંદિર અને તેની આસપાસના વિસ્તારોમાં શોધખોળ કરી હતી. પરંતુ ક્યાંય મળી ન આવતા પરિવારે અંતે આંકલાવ પોલીસમાં જાણ કરી હતી. સમગ્ર મામલે પોલીસે તપાસ હાથ ધરી હતી. તપાસમાં પહેલા તાંત્રિક વિધિ કરાઈ હોવાનો ઘટસ્ફોટ થયો હતો. જેને લઈને પોલીસને બાળકીના સંબંધી અજય પઢિયાર પર શંકા જતાં તેની પૂછપરછ કરી હતી. જેમાં અજયે જણાવ્યું હતું કે, ‘હું તાંત્રિક વિધિ માટે ભુવા પાસે ગયો હતો. જેમાં ભુવાએ તાંત્રિક વિધિ કરવા માટે બાળકીની બલિ આપવાનું કહ્યું હતું.’જોકે, બાદમાં તેણે બાળકી સાથે દુષ્કર્મ કર્યો હોવાની કબૂલાત કરી હતી.

# ભાજપના અધિકારીરાજથી મધુ શ્રીવાસ્તવે નારાજગી વ્યક્ત કરી, ચૂંટણી લડવાનો ઈશારો

**વડોદરા**

વાઘાડિયાના પૂર્વ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે ફરી એક વખત રાજકીય મેદાનમાં સક્રિય થવાનો હુંકાર ભર્યો હતો. તેમણે પોતાના નવા કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે ભાજપના અધિકારીરાજ સામે નારાજગી વ્યક્ત કરી હતી અને ત્રીજો લોકશાહી મોરચો બનાવીને આગામી ચૂંટણી લડવાનો સ્પષ્ટ ઈશારો કર્યો હતો. મધુ શ્રીવાસ્તવે કહ્યું, વડોદરા અને વાઘોડિયા તાલુકાના મત વિસ્તારમાં જે પણ કાવતરા ચાલી રહ્યા છે, તે કાન ખોલીને સાંભળી લેજો. હું મેદાનમાં આવી રહ્યો છું. આ મધુ શ્રીવાસ્તવ છે. ભગવાન સિવાય કોઈના બાપથી ડરતો નથી. બે નંબરના ધંધા હોય, પોલીસ અધિકારી હોય કે મામલતદાર હોય, સમજી જજો, જો ચૌદમું રતન ન બતાવું તો મારું નામ મધુ શ્રીવાસ્તવ નહીં.

# OBC અનામતનો લાભ સધ્ધર અન્ય જાતિ લઈ જાય છે, ધારાસભ્યે ઊઠાવ્યા સવાલ

**દસાડા**

દસાડાના ભાજપના ધારાસભ્યએ અનામત મુદ્દે વિવાદીત બોલ બોલતાં વિવાદ સર્જાયો છે. ધારાસભ્ય પી.કે. પરમારે જાહેર મંચ પરથી કહ્યું કે, 27% ઓબીસી અનામતનો મોટાભાગનો હિસ્સો તો સમૃધ્ધ જ્ઞાતિઓ જ લઈ જાય છે. આ ઉપરાંત ભાજપના ધારાસભ્ય રાહુલ ગાંધીના સમર્થનમાં આવ્યાં છે કેમકે, તેમણે જાતિ આધારિત વસતી ગણતરી કરવા માંગ કરી છે. પાટડીમાં ક્ષત્રિય ઠાકોર સમાજ આયોજીત વિદ્યાર્થી સન્માન સમારોહમાં ધારાસભ્ય પી.કે.પરમારે ઓબીસી અનામત મુદ્દે સવાલ ઉઠાવતાં કહ્યું કે, 27% અનામતમાં કેટલીક સમૃધ્ધ જાતિઓ ઘણો ખરો હિસ્સો લઈ જાય છે પરિણામે એવી સ્થિતી સર્જાઈ છેકે, જરૂરિયાતમંદ સમાજને પુરેપુરો લાભ મળતો જ નથી.

રાહુલ ગાંધીને સમર્થન કરતાં ભાજપના ધારાસભ્યએ જાહેરમંચ પરથી એ વાત દોહરાવી કે, જાતિ આધારિત વસતી ગણતરી થવી જોઈએ જેથી સાચી સ્થિતીનો ખ્યાલ આવી શકે. વસતી ગણતરીથી જ કઈ જ્ઞાતિની કેટલી વસતી છે તે જાણી શકાશે. તેમણે એવુ સૂચન કર્યું કે, જેની જેટલી વસતી, તેનો અનામતમાં તેટલો જ હિસ્સો. આ સિધ્ધાંત આધારે જ અનામતની ફાળવણી થવી જોઈએ.

# પંચમહાલ ડેરીની ચૂંટણી: 10મી સપ્ટેમ્બર બાદ તમામ બેઠકો બિનહરીફ થવાની શક્યતા

**વડોદરા**

પંચમહાલ સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ (પંચમહાલ ડેરી)ની વ્યવસ્થાપક મંડળની ચૂંટણી આગામી 20 સપ્ટેમ્બરના રોજ યોજાશે. ચૂંટણી માટે ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે અને અત્યાર સુધીમાં કુલ 31 ઉમેદવારી ફોર્મ ભરાયા છે. જેમાં અણિયાદ મંડળીમાંથી ડેરીના વર્તમાન ચેરમેન અને શહેરાના ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડે પણ ફોર્મ ભર્યું છે. ચૂંટણી માટે ભરાયેલા ફોર્મની ચકાસણીની પ્રક્રિયા હાથ ધરાયા બાદ ચિત્ર વધુ સ્પષ્ટ થશે. જોકે, ફોર્મ પરત ખેંચવાની છેલ્લી તારીખ 10મી સપ્ટેમ્બર બાદ જ વાસ્તવિક પરિસ્થિતિનો ખ્યાલ આવશે. હાલની પરિસ્થિતિ જોતાં ડેરીની તમામ બેઠકો બિનહરીફ થવાની શક્યતાઓ સેવાઈ રહી છે.

# સુરતમાં નકલી વિઝા બનાવતી ફેક્ટરી, 1 પકડાયો

## ફેક્ટરીમાં વિવિધ દેશોના બોગસ વિઝા સ્ટીકર બનાવવામાં આવતા હતા, સ્ટીકરો દિલ્હી, ચંદીગઢ, પંજાબ, હરિયાણામાં વેચાતા હતા

સુરત

ગુજરાતમાં જાણે કે નકલીની ભરમાર હોય તેમ એકબાદ એક નકલી વસ્તુઓ પકડાઈ રહી છે. નકલી પીએમઓ, સીએમઓ, ટોલનાકુ, પીએસઆઈ બાદ વધુ એક વખત નકલી વસ્તુ ઝડપાઈ હતી. હવે સુરતમાંથી નકલી વિઝા ફેક્ટરી ઝડપાઇ હતી. નકલી વિઝા ફેક્ટરી ઝડપાતાં ચકચાર મચી ગઈ હતી.

સુરત પીસીબી અને એસઓજીએ સંયુક્ત કાર્યવાહી કરીને અડાજણ વિસ્તારમાંથી પ્રતિક શાહ નામનો વ્યક્તિની ધરપકડ કરી હતી. આ



વ્યક્તિ નકલી વિઝા બનાવતી ફેક્ટરી ચલાવતો હતો. આ ફેક્ટરીમાં યુકે, કેનેડા, મેસેડોનિયા, સર્બિયા, ચેકોસ્લોવાકિયા અને યુરોપ જેવા દેશોના નકલી વિઝા સ્ટીકરો મળી આવ્યા હતા. જેના પરથી સામે આવ્યું કે, અહીં આ તમામ દેશોના નકલી વિઝા બનાવવામાં આવતા હતા. પોલીસે આ મામલે પ્રતિક શાહની ધરપકડ કરી હતી. આરોપી પાસેથી 5 વિઝા સ્ટીકર મળ્યા હતા.

આ નકલી વિઝા સ્ટીકરો દિલ્હી, ચંદીગઢ, પંજાબ અને હરિયાણાના એજન્ટોને વેચતો હતો. આરોપી પ્રતિક સામે અત્યાર સુધીમાં 12 ગુના નોંધાયેલા છે. તેણે અત્યાર સુધીમાં 700 નકલી સ્ટિકર બનાવ્યા હોવાનું પણ સામે આવ્યું હતું. તે એક સ્ટીકર બનાવવાના 15,000 લેતો હતો. આ નકલી સ્ટિકરના આધારે કેટલાક લોકો વિદેશ પણ જતા રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે આ રેકેટમાં તેની સાથે કોણ કોણ સંકળાયેલા છે તેની તપાસ શરૂ કરી હતી. તેમજ છ એજન્ટોને વોન્ટેડ જાહેર કર્યા હતા.

ઓરીજનલ લાગે તેવું જ સ્ટીકર બનાવવા માટે ઝીણવટભર્યું કામ કરતો હતો અને એક સ્ટીકર બનાવવામાં તેને સાત દિવસનો સમય લાગતો હતો. આ બોગસ સ્ટિકર તે કુરિયર મારફતે એજન્ટોને મોકલતો હતો. આરોપી બોગસ સ્ટિકર્સ બનાવવા માટે જરૂરી હોલમાર્કવાળા પેપર ઓનલાઈન ખરીદતો હતો. ત્યારબાદ તે લેપટોપ અને અન્ય સાધનોની મદદથી એડિટિંગ કરી, કલર પ્રિન્ટરથી પ્રિન્ટ કાઢી અને સ્ટિકરના આકારમાં કટિંગ કરીને બોગસ વિઝા સ્ટિકર બનાવતો હતો. આ સ્ટિકર્સ તે કુરિયર મારફતે એજન્ટોને મોકલી આપતો હતો.

# સુરત મેયરની ઓફિસ બહાર પ્રદર્શન વિપક્ષોની ટીંગાટોળી કરી બહાર કઢાયા

## સંચાલનના નિયમોમાં લેખિત જવાબ બાબતે કોઈ સ્પષ્ટતા નથી

સુરત

સુરત પાલિકાની સભાની પ્રશ્નોતરીના પ્રશ્નોના જવાબ લેખિત ન આપવાની વાત કરતા વિપક્ષે રજૂઆત સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. વિપક્ષે જણાવ્યું હતું કે, વિપક્ષ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબ આપવામાંથી છટકબારી કાઢી સાફ શબ્દોમાં મેયરે જવાબ આપવાની ના પાડી દીધી જે મામલો ખૂબ જ ગંભીર છે. આ રજુઆત માટે મેયરનો જવાબ માંગવા ગયા હતા જ્યાં રામ ધુન અને સૂત્રોચ્ચાર કરી મેયરનો હુરિયો બોલાવ્યો હતો. ત્યાર બાદ પોલીસ બોલાવતા પોલીસ અને પાલિકાના સિક્યુરીટી સ્ટાફે વિપક્ષના તમામને ટીંગાટોળી કરી ડિટેઇન કરી લીધા હતા. વિપક્ષે મેયર મનમાની કરી લોકશાહીનું ગળું દબાવતા હોવાનો આક્ષેપ કર્યો હતો. સુરત પાલિકાની સામાન્ય સભામાં કોર્પોરેટર પ્રશ્નો પૂછતા હોય ત્યારે સભામાં સમય મર્યાદા હોવાથી મ્યુનિ. કમિશનર જવાબ ન આપી શકે તો સામાન્ય રીતે જવાબ આપવાની પ્રણાલી ચાલતી આવી રહી છે. પરંતુ ગત સભામા મેયરે લેખિતમા સભ્યોને જવાબ ન આપવાની જાહેરાત કરી હોવાથી વિપક્ષે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

# સુરતમાં નવું કૌભાંડ: શાહ દંપતીએ 100 દિવસમાં 15 ટકાના વળતરની લાલચે કરોડોનું ફૂલેકું ફેરવ્યું

## લોભામણી સ્કીમથી અંજાઇને અનેક લોકો અને વેપારીઓ રોકાણ કરી નાખ્યું

સુરત

સુરતમાં સિંગણપોર-કોઝ વે રોડ ઉપર સિલ્વર સ્ટોન આર્કેડમાં શાહ ઇન્વેસ્ટમેન્ટ નામની શેર ટ્રેડિંગ ઓફિસ ચલાવવામાં આવી રહી હતી. આ ઓફિસના માલિક અને સંચાલક હાર્દિક શાહ અને તેની પત્ની પૂજા શાહ છે. આ બંને લોકોએ રોકાણકારોને 100 દિવસમાં 12થી 15 ટકાના વળતરની લાલચ આપી હતી. આ સિવાય આ દંપતીએ પોતાની આ સ્કીમની જાહેરાત જાણીતા ઇન્ફ્લુએન્સર્સ અને સેલેબ્સ દ્વારા પણ કરાવી હતી. જેમાં જાણીતા ફિલ્મ સ્ટાર જાનકી બોડીવાલા, પૂજા જોશી અને મિત્ર ગઢવી જેવા લોકોનો સમાવેશ થાય છે. આ સિવાય દંપતીએ સોશિયલ મીડિયા ઇન્ફ્લુએન્સર્સ ખજૂર ભાઈ ઉર્ફે નીતિન જાની પાસેથી પણ આ સ્કીમ વિશે જાહેરાત કરાવી હતી. જેનાથી આકર્ષાઇને અનેક લોકો તેમજ વેપારીઓએ હજારો-લાખો રૂપિયાનું રોકાણ કર્યું હતું. દંપતીએ આ પ્રકારે અનેક લોકો પાસેથી લાખોનું રોકાણ મેળવી પૈસા પરત ન ચૂકવતા પીડિત રોકાણકારોએ આ વિશે ફરિયાદ દાખલ કરાવી અને બાદમાં આખાકૌભાંડનો ભાંડો ફૂટ્યો હતો. આ શાહ દંપતી સામે બે દિવસમાં સીઆઈડી ક્રાઈમમાં બીજો ગુનો દાખલ કરાયો છે. હાલ સીઆઈડી ક્રાઈમે અંદાજિત 1.33 કરોડના ચીટિંગનો ગુનો દાખલ કરી આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. હાલ, આ દંપતી છેતરપિંડીના કેસમાં ચોક બજાર પોલીસ સ્ટેશનની જેલમાં બંધ છે.

# જોળવામાં મિલમાં ડ્રમ ફાટ્યા બાદ આગ લાગતાં બે કામદારોનાં મોત

સુરત

પલસાણા તાલુકાના જોળવા ગામમાં આવેલી ટેક્સટાઇલ મિલમાં કેમિકલ ભરેલું ડ્રમ અચાનક ફાટ્યું હતું. જેના કારણે ભીષણ આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં બે કામદારોના મોત થયા હતા. જ્યારે અનેક લોકો ઘાયલ થયા હતા. આગના ધુમાડા દૂર સુધી જોવા મળ્યા હતા. મૃત્યુઆંક વધવાની પણ શક્યતા છે.

આગનો કોલ મળતાં જ ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ઘાયલ કામદારોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, પલસાણા તાલુકાના જોળવા ગામમાં સંતોષ ટેક્સટાઈલમાં ડ્રમ ફાટવાથી આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં બે કામદોરાના સ્થળ પર જ મોત થયા હતા. જ્યારે 20થી વધુ ઘાયલ થયા હતા. કામદારો તેમના કામમાં મશગૂલ હતા ત્યારે અચાનક કેમિકલ ભરેલા ડ્રમમાં ધડાકો થયો હતો. આ ધડાકો એટલો શક્તિશાળી હતો કે જોતજોતામાં જ મિલને આગની લપેટમાં લઈ લીધી હતી. આગના કારણે મિલમાં અફરાતફરી મચી ગઈ હતી. કામદારોએ જીવ બચાવવા ભાગદોડ કરી હતી. મિલમાં આગ લાગ્યાના સમાચાર ફેલાતાં જ ત્યાં કામ કરતાં કામદારોના પરિવારજનો પણ પહોંચી ગયા હતા.

# દક્ષિણ ગુજરાતમાં મેઘમહેર, સૌથી વધુ ઉમરપાડામાં 6 ઈંચ

સુરત

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહિત મોટાભાગના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. જેમાં આગામી 7 સપ્ટેમ્બર સુધી રાજ્યના 25થી વધુ જિલ્લામાં યલો-ઓરેન્જ અને રેડ એલર્ટ જાહેર કર્યુ છે. તેવામાં આજે (4 સપ્ટેમ્બર) રાજ્યના 156 તાલુકામાં વરસાદ ખાબક્યો છે. જેમાં સૌથી વધુ સુરતના ઉમરપાડામાં 6 ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત, વ્યારા, કુકરમુંડા, માંડવી, માંગરોળ, કામરેજ, ઓલપાડ, 26 તાલુકામાં બે ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

## સુરતમાં સેવા સાથે કલાનું પ્રદર્શન

# બન્ને હાથ ગુમાવનાર કલાકારે મોઢા-પગથી બનાવી ગણેશજીની તસવીર





ઉધના

ગણેશોત્સવ દરમિયાન સુરતના કેટલાક ગણેશ મંડપ શ્રીજીની ભક્તિ સાથે સમાજ સેવાનું ઉત્તમ ઉદાહરણ બની રહ્યાં છે. તેમાં પણ ઉધનાના એક ગણેશ મંડપમાં સેવા સાથે સાથે દિવ્યાંગ કલાકારની કલાને પ્રોત્સાહન આપવાની કામગીરી પણ કરવામાં આવી રહી છે. બન્ને હાથ ગુમાવનાર કલાકારે આ મંડપમાં મુકેલી બાપાની પ્રતિમાને કાગળ પર કંડારી છે. બન્ને હાથ નથી પરંતુ પોતાના મોઢા અને પગ વડે શ્રી ગણેશજીનું પેઈન્ટીંગ કરીને દર્શનાર્થીઓને પણ સ્તબ્ધ કરી દીધા હતા.

ઉધનાના મહાદેવ નગરમાં શ્રીજીની સ્થાપના કરવામાં આવી છે. આ ગણેશ આયોજકો ગણપતિ બાપ્પાની ભક્તિ સાથે સાથે સેવાકીય પ્રવૃત્તિ કરી રહ્યાં છે દરમિયાન આયોજકોને માહિતી મળી કે દિવ્યાંગ કલાકાર મનોજ ભીંગારે, જેમણે બંને હાથ ગુમાવ્યા છે, તે પોતાના મોઢા અને પગ વડે અદભૂત પેઈન્ટિંગ બનાવે છે. આ જાણ થતાં આયોજકોએ તેમને પ્રોત્સાહન આપવા તથા તેમની કલા ગણેશ ભક્તો સુધી પહોંચે તે માટે તેમને મંડપમાં આમંત્રિત કરી બાપાની પ્રતિમા સમક્ષ પેઈન્ટીંગ બનાવડાવ્યું હતું.

ભક્તિભાવ અને કલાનો સંગમ રૂપે બનેલું આ દૃશ્ય દર્શનાર્થીઓ માટે અનોખું આકર્ષણ બન્યું. મોઢા અને પગ વડે તૈયાર કરાયેલ શ્રીજીનું ચિત્ર જોઈને લોકો આશ્ચર્યચકિત થઈ ગયા અને મનોજભાઈ ના આ કલાને દર્શન કરવા આવનારા ભક્તો એ વધાવી લીધી હતી. ઉધનાના ગણેશ મંડપમાં દિવ્યાંગ કલાકારને પ્રોત્સાહન આપી શ્રીજીની પ્રતિમાનું આબેહુબ પેઈન્ટીંગ જોઈ આયોજકો પણ દંગ રહી ગયા હતા.

ડિંડોલી ખાતે રહેનારા મનોજ ભીંગારે 10 વર્ષના હતા ત્યારે જ એક અકસ્માત થયો હતો અને આ અકસ્માતમાં તેઓએ બન્ને હાથ ગુમાવી દીધા હતા. જોકે, તેઓ હિંમત હાર્યા ન હતા અને આ પડકાર ઝીલી લીધો હતો.

# સુરતના વિદ્યાર્થીની કમાલ, હૃદયનું મોનિટરિંગ કરી ડૉક્ટરને બધો ડેટા પહોંચાડતી ચીપ બનાવી

## ચીપની મદદથી તબીબી સારવાર ઝડપથી આપી શકાશે, ચીપને વપરાશ માટે મંજૂરી

સુરત

કોરોના બાદ અચાનક હાર્ટ એટેકના કેસમાં વધારા વચ્ચે સુરતની એસવીએનઆઈટીમાં પીએચ.ડીનો અભ્યાસ કરતા વિદ્યાર્થીએ ગાઇડ અને અન્ય અધ્યાપકની મદદથી દોઢ વર્ષની મહેનત બાદ એક એવી ચીપ તૈયાર કરી છે. જે હૃદયનું સતત મોનિટરીંગ કરે છે. અને બ્લુટુથ કે અન્ય ડિવાઈસથી તમામ ડેટા ડોક્ટર પાસે પહોંચાડી શકાય છે. દેશમાં કુલ 31 સેમીકન્ડકટર ચીપ તૈયાર થઈ છે તેમાં સુરતમાં તૈયાર થયેલી આ ચીપનો પણ સમાવેશ થાય છે.

આ ચીપ બે ભાગમાં બની છે. એક ભાગ ડિઝાઈન અને બીજો ભાગ ફેબ્રિકેશનનો છે. દોઢ વર્ષની મહેનતના અંતે આ ચીપ તૈયાર થયા બાદ સેમી કન્ડકટર લેબોરેટરી (એસસીએસ) મોહાલી મોકલાઇ હતી. ત્યાંથી વધુ ચકાસણી માટે સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ કોમ્પ્યુટરીંગ (સીડેક) બેંગ્લોર મોકલાઇ હતી. અહીથી ચીપને વપરાશ માટે લીલીઝંડી મળી હતી.

ચીપ તૈયાર કરવામાં રૂા.15 લાખ જેટલો ખર્ચ થયો હતો. જે કેન્દ્ર સરકારના ચીફ ટુ સ્ટાર્ટઅપ પ્રોગ્રામ હેઠળ ફાળવવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, હાલમાં સ્વાતંત્ર્ય દિવસે દિલ્હીમાં લાલા કિલ્લા પરથી વડાપ્રધાને સંબોધનમાં જાહેરાત કરી હતી કે, આ વર્ષથી પ્રથમ મેક ઇન ઈન્ડિયા ચીપ બજારમાં આવશે. પહેલા ડિઝાઈન બનાવવામાં આવ્યા બાદ હાર્ડવેર સ્વરૂપે તૈયાર કરવામાં આવી હતી.

# પૂર્વપ્રેમીને છોડી રહેવા આવેલી યુવતી દ્વારા ફાંસો આપી પ્રેમીની હત્યા કરાઈ

## લાશને ઢસડીને બેડરૂમમાં મુકી આવી : યુવતીની કબૂલાત

**વડોદરા**

નવાયાર્ડ વિસ્તારમાં પ્રેમીને ઘેર રહેવા આવેલી પ્રેમિકાએ રાતે દારૂ બાબતે બોલાચાલી બાદ દુપટ્ટાથી ગળે ફાંસો આપી દેતાં પ્રેમીનું મોત નીપજ્યું હતું. પ્રેમિકાએ હત્યાના બનાવને કુદરતી મોતમાં ખપાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ પોસ્ટમોર્ટમમાં ફાંસો આપવામાં આવ્યો હોવાનું ખૂલતાં કવિતા ભાંગી પડી હતી.

નવાયાર્ડના રાજીવનગર ખાતે બનેલા બનાવ અંગે દિનેશ બાબુભાઇ પરમારે પોલીસને કહ્યું છે કે,હું અને મારો ભાઇ મુકેશ સાથે રહીએ છીએ અને છુટક મજૂરી કરીએ છીએ.મુકેશ ત્રણ મહિના પહેલાં જ ગુજરાત એસ્ટેટમાં પેકેજિંગ કંપનીમાં કામે લાગ્યો હતો.

દિનેશે કહ્યું છે કે,અમારી નજીકમાં આવેલા રામનગરમાં કવિતા રહે છે.જે અગાઉ પ્રકાશ ઉર્ફે ચિન્ટુ મકવાણા સાથે રહેતી હતી અને ચાર મહિનાથી મારા ભાઇ મુકેશ સાથે પ્રેમ થતાં મુકેશ તેને ત્યાં રહેતો હતો.છેલ્લા ૧૫ દિવસથી મુકેશ કવિતાને અમારા ઘરમાં રહેવા લાવ્યો હતો.

તા.૧લીએ રાતે મારા કાકાની પુત્રીનું મોત થતાં અમે બંને ભાઇ મધરાતે ઘેર આવીને નાહ્યા હતા.ત્યારબાદ હું જમીને રસોડામાં સૂવા ગયો હતો.ત્યારબાદ રાતે પોણા બે વાગે કવિતાએ મને ઉઠાડયો હતો અને તમારા ભાઇ બોલતા નથી તેમ કહ્યું હતું.જેથી હું બેડરૃમમાં ગયો ત્યારે મારો ભાઇ નીચે જમીન પર ચત્તોપાટ પડેલો હતો.અમે દવાખાને લઇ જતાં તેને મરણ પામેલો જાહેર કર્યો હતો.

પોસ્ટમોર્ટમ દરમિયાન તેનું મોત ગળે ફાંસો આપવાથી થયું હોવાનું ખૂલતાં અમે કવિતાને પૂછ્યું હતું.જેથી તેણે મુકેશ દારૃ પી ને આવ્યો હોવાથી ઝઘડો થતાં મુકેશે નખ માર્યા હોવાનું કહ્યું હતું. જેથી તેણે પણ દુપટ્ટો મુકેશને ગળે નાંખી ખેંચી રાખતાં તેનું મોત નીપજ્યું હતું. ત્યારબાદ તે લાશને પહેલા રૃમમાંથી ખેંચીને બેડરૃમમાં લઇ આવી હતી. ફતેગંજ પોલીસે હત્યાનો ગુનો નોંધી વધુ પૂછપરછ હાથ ધરી છે.

# થરાદમાં હિટ એન્ડ રનની ઘટનામાં બેના દર્દનાક મોત, કાર ચાલક ફરાર

**થરાદ**

બનાસકાંઠાના થરાદ તાલુકામાં હિટ એન્ડ રનની એક દર્દનાક ઘટનામાં બે લોકોના મોત થયા છે. થરાદના માણકા-ભાલચી રોડ પર આ ઘટના બની હતી, જ્યાં એક બેફામ કાર ચાલકે રોડની સાઈડમાં ઉભેલા લોકોને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત બાદ કાર ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. ભાલચી રોડ પર માણજી અસલ અને રાણાભાઈ ગણેશા નામના બે યુવકો રસ્તાની બાજુમાં ઉભા હતા. તે સમયે પૂરપાટ ઝડપે આવી રહેલી એક કારના ચાલકે તેમને ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે બંને યુવકોને ગંભીર ઈજાઓ થઈ અને ઘટનાસ્થળે જ તેમનું મોત થયું હતું.

અકસ્માત બાદ કાર ચાલક પોતાની કાર લઈને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. આ ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે અને ફરાર કાર ચાલકને પકડવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

# અમદાવાદ એરપોર્ટ ઉપરથી ઓગસ્ટ મહિનામાં ૧૦ કરોડનું કોકેન ઝડપાયું

## ત્રણ આફ્રિકન કેરિયર પાસેથી ત્રણ કિલો કોકેન મળ્યું

**અમદાવાદ**

અમદાવાદ એરપોર્ટ પરથી માત્ર કરોડો રૂપિયાના સોનાની જ દાણચોરી થતી નથી. અમદાવાદ એરપોર્ટ પરથી ઓગસ્ટ મહિનામાં ૧૦ કરોડ રૂપિયાનું કોકેન પણ ઝડપી લેવામાં ડીઆરઆઇ સફળ રહી હતી. જુદી જુદી ત્રણ ફ્લાઇટમાં આફ્રિકાથી આવેલા કેરિયર પાસેથી ડીઆરઆઇની ટીમે ત્રણ કિલોથી વધુ કોકેન ઝડપી લીધું હતું. આ કોકેન લેવા માટે આવેલા બે પેડલરોને જાણ થઇ કે આફ્રિકન કેરિયર ઝડપાઇ ગયા છે કે તરત જ તેઓ ભાગી ગયા હતા. આફ્રિકન યુવાનોને ખબર જ નહોતી કે તેઓ આ કોકેનની કેપ્સ્યૂલ કોના માટે લાવી રહ્યા છે. 3 લેયર બાદ મુખ્ય ખેલાડી પાસે કોકેન પહોંચે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. કોકેન દિલ્હી અને મુંબઇની રેવ પાર્ટી માટે લાવવામાં આવ્યું હોવાનું પણ પ્રાથમિક તપાસમાં સામે આવી રહ્યું છે. અમદાવાદ એરપોર્ટ પર તમામ સેન્ટ્રલ એજન્સીઓની વોચ છે. કસ્ટમ્સ અને એર ઇન્ટેલિજન્સ યુનિટ દ્વારા તમામ મુસાફરો પર વોચ રાખવામાં આવી રહી છે. ત્યારે જ ઓગસ્ટ મહિનામાં જુદી જુદી ત્રણ ફ્લાઇટમાં ૩ આફ્રિકન પેસેન્જર પાસેથી ડીઆરઆઇના અધિકારીઓએ ૩ કિલો કરતાં વધારે કોકેન જપ્ત કર્યું હતું. આ પેસેન્જર કોકેનના કેરિયર હતા અને તેમણે શરીરમાં કોકેન છૂપાવ્યું હતું. પેસેન્જરોને ઝડપી લઇ તેમની સ્ક્રીનીંગ કરતા તેને એક્સરેમાં ચેક કરતાં તેમના શરીરમાં કોકેન છૂપાવ્યું હોવાની વિગતો મળતાં અધિકારીઓએ તેમને હોસ્પિટલમાં દાખલ કરી તેમને ટ્રીટમેન્ટ આપી તેમના શરીરમાંથી આ કોકેનની કેપ્સ્યૂલ કાઢી કબજે લીધી હતી.આ કેરિયરોની પૂછફરછ કરતાં અધિકારીઓના ધ્યાને આવ્યું હતું કે આફ્રિકન કેરિયરને ખબર નહોતી કે તેઓ કોના માટે કોકેન લાવી રહ્યા છે. તેમણે આ કોકેનની કેપ્સ્યૂલ અમદાવાદ એરપોર્ટ પર તેમને રિસિવ કરવા આવેલા બે યુવાનોને આપી દેવાની હતી. જોકે તેઓ ઝડપાઇ જતાં આ પેડલરો પણ ભાગી ગયા હતા.


Imperial
PEST CONTROL
Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820



First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ

| Brampton (West) | Scarborough | we are back to Great Punjab |
|---|---|---|
| 519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours | 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, | 2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER |
| Phone 647-657-9631 | Phone 647-657-9631 905-673-9631 | |
| ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM | ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM | --------: MON - FRI :-------- 10 AM TO 7 PM --------: SAT-SUN :-------- 11AM TO 6PM |

Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# એકાઉન્ટન્ટ તરીકે કામ કરી ઈમેલ આઈડી હેક કરી, ડેટાનાં નામે રૂ. 80 લાખની માગણી

## રાજકોટમાં લેબર સપ્લાયનું કામ કરતી કંપનીના ડિરેક્ટરની સાયબર ક્રાઈમમાં ફરિયાદ

રાજકોટ

150 ફૂટ રિંગ રોડ પરનાં ચંદ્રપાર્ક-2, શેરી નંબર 14માં રહેતા કૈલાશભાઈ પ્રજાપતિ (ઉ.વ. 35)ની કંપનીનું ઈ-મેઈલ આઈડી પૂર્વ કર્મચારી અનંત વાઘજીભાઈ કોબીયાએ હેક કરી, કંપનીનો ડેટા વાયરલ કરવાની ધમકી આપી રૂ. 80 લાખ માંગ્યાની સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે, જેના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ફરિયાદમાં કૈલાશભાઈએ જણાવ્યું છે કે, તે પ્રોમોકાશ આઉટ સોર્સિંગ નામની કંપનીમાં ડાયરેક્ટર છે. કંપનીની ઓફિસ મવડી સર્કલ પાસે આર.કે. એમ્પાયર બિલ્ડિંગમાં આવેલી છે, જ્યાંથી તે લેબર સપ્લાયરનું કામ કરે છે. તા. 27 જૂનનાં રોજ ઓફિસે હતા ત્યારે મોબાઈલની સ્ક્રીન ઉપર તેનું મેઈલ આઈડી અન્ય કોઈ ડિવાઈસમાં લોગઈન થયાનું નોટીફીકેશન આવ્યું હતું. ત્યાર પછી તે આઈડી લોગઈન થતું ન હોવાથી હેક થયાનું જણાયું હતું. તેનાં થોડા દિવસો પછી ત્રણેક વર્ષ પહેલા તેની કંપનીમાં એકાઉન્ટન્ટ અને એચ.આર. તરીકે નોકરી કરતો અનંત મળ્યો હતો. જેણે કહ્યું કે, મેં તારી કંપનીનાં ઈ-મેઈલ આઈડી હેક કર્યા છે, જો તારે આ આઈડી તથા કંપનીનો ડેટા પાછો જોઈતો હોય તો મને રૂ. 80 લાખ આપવા પડશે, જો રૂપિયા નહીં આપ તો તારી કંપનીનો ડેટા વાયરલ કરી નાખીશ. આ રીતે અનંતે નોકરી દરમિયાન તેની જાણ બહાર કપટથી તેનું મેઈલ આઈડી હેક કરી, તેનાં કોમ્પ્યુટરમાં રહેલો ડેટા વાયરલ કરવાની ધમકી આપી, બ્લેકમેઈલિંગ શરૂ કરતાં સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં અરજી કરી હતી, જેના આધારે બીએનએસ અને આઈટી એક્ટ હેઠળ ગુનો દાખલ કરાયો હતો.

# પોરબંદર ખાતે આંગડિયા પેઢીના સંચાલક સાથે 44 લાખની ઠગાઇ

## યુવાનને વિશ્વાસમાં લઇ 60 લાખનું આંગડિયું કરાવ્યું

પોરબંદર

મિલપરામાં લાડવા ડેલા પાછળ રહેતા અને ઈન્દ્રપ્રસ્થ હોટલમાં નીચેના ભાગે એચ.એમ. આંગડિયા પેઢી ચલાવતા વિમલ પ્રતાપ સીડાને રાજીવનગરમાં રહેતા શૈલેષ સાવલિયા તેના પાડોશી હતા અને પરિચય થતાં તેમણે રાજીવનગર પેટ્રોલ પંપ પાછળ લંડન હાઉસ એપાર્ટમેન્ટમાં રહેતા પુંજા અરભમ અમર વિમલને ત્યાં આંગડિયું કરવા આવશે તેમ ભલામણ કરી હતી. ત્યારબાદ પૂંજા અરભમ અમર વતી નાણાંકીય વ્યવહાર કરવા શૈલેષ વિમલની ઓફિસે આવતો અને તેના ઉપર ભરોસો રાખી નાણાકીય વહીવટ થતો હતો. પૂંજા અમરે વિમલને મેસેજ કરી ભરૂચના રાજા મોઢા નામનાં વ્યક્તિને 60 લાખનું આંગડિયું મોકલવા જણાવ્યું હતું. પરંતુ અપૂરતી રકમ જમા હોવાના કારણે વિમલને પૈસા જમા કરાવવાનું કહેતાં પૂંજાએ લીલા નિલેશ પાસેથી પેમેન્ટ આવશે એટલે ચૂકવી આપશે તેમ જણાવ્યું હતું. વિમલે 60 લાખ ભરૂચના રાજા મોઢાને મોકલ્યા હતાં. પૂંજાના ફરિયાદીની બ્રાન્ચમાં જમા રહેલી રકમ અને ચાર્જ એમ કુલ હિસાબ કરતાં બાકીની લેણી રકમ 44,07,550 ની ઉઘરાણી કરતાં રકમ ચૂકવી ન હતી.

# ગોંડલમાં મિત્રએ મિત્રની પત્નીને પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ આચર્યું

ગોંડલ

કમઢીયા ગામના યુવક સામે એક પરિણીતાએ દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. મળતી વિગત પ્રમાણે, આરોપી યુવક તેના પતિને મિત્ર હતો અને નિયમિત તેમના ઘરે આવતો હતો. જેના કારણે મહિલા અને યુવક વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. આ યુવકે તેને લગ્નની લાલચ આપી હતી. જેથી તે જુલાઈ, 2025માં ઘર છોડીને નીકળી ગઈ હતી.

જે બાદ આરોપી અને તેનો મિત્ર મોટર સાયકલ પર બેસાડીને લઈ ગયા હતા. કેશવાળા ગામના પાટીયા પાસે આવેલા એક ગેરેજની પાછળ આરોપીએ તેની સાથે ત્રણથી ચાર વખત શરીર સંબંધ બાંધ્યો હતો. આરોપીના કહેવાથી મહિલાએ તેના પતિ પાસેથી નોટરી કરારથી છૂટાછેડા પણ લઈ લીધા હતા. પીડિતા જ્યારે તેને લગ્નની વાત કરતી ત્યારે ના પાડી હતી. આ બાદ પોલીસે મધ્યસ્થી કરતાં આરોપીએ ત્રણ દિવસમાં લગ્ન કરવાનું વચન આપ્યું હતું. પરંતુ તે બાદ ફરી ગયો હતો અને ફોન બંધ કરીને ગાયબ થઈ ગયો હતો. મહિલાએ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીને ઝડપવાના ચક્રો ગતિમાન કર્યા હતા.

# ભત્રીજીને ભગાડી જનારો યુવક મેળામાં દેખાતા કાકાએ રાજબાઈના મેળામાં છરીના ઘા ઝીંક્યા

## ચાર મહિના પહેલા યુવકને માફ કરી સંબંધો તોડી નાખવા ધમકી આપી હતી

વાગડ

રાપર તાલુકાના મોમાવવાંઢનો રહેવાસી 19 વર્ષીય યુવક નરેશ સામાભાઈ કોળી ચાર મહિના પહેલા એક યુવતીને ભગાડી ગયો હતો. જેતે સમયે યુવતીના પરિવારજનોએ તેને શોધી કાઢ્યો હતો અને યુવતીને પણ સમજાવી પરત ઘરે લાવ્યા હતા. યુવતીના પરિવારે નરેશને યુવતીથી દુર રહેવા અને સંબંધ તોડી નાખવા ધમકી આપી હતી. તે સમયે સમાધાન થયું હતું અને યુવાનને માફ કરી દીધો હતો. પરંતુ, આ ઘટનાનો આજે કરુણ અંજામ આવ્યો છે. રાપર તાલુકાના કારુડા-સલારી વચ્ચે ભરાયેલા રાજબાઈ માતાના લોકમેળામાં યુવતીના પરિવારજનો અને નરેશ સામસામે આવી ગયા હતા. જેથી, યુવતીના પરિવારને શંકા ગઈ હતી કે, નરેશ હજુ પણ તેમની દીકરીનો પીછો કરે છે. જેથી યુવક આગળ જતા જ યુવતીના બે સગા કાકા જાવીન મોહન પરમાર અને કાંતિ મોહન પરમાર નરેશની પાછળ દોડી ગયા હતા અને કહેલુ કે, તુ હજુ કેમ અમારી ભત્રીજીનો પીછો કરે છે, આમ કહીને છરીના આડેધડ ઘા ઝીંકી દીધા હતા. જેમાં નરેશના શરીરના ભાગે ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચતા તેને સારવાર પણ નસીબ થઈ ન હતી અને ઘટના સ્થળે નરેશે દમ તોડી દીધો હતો. સરાજાહેર લોકમેળામાં હત્યાની ઘટનાને પગલે મેળો મહાલવા આવેલા લોકોમાં પણ ભયનો માહોલ ફેલાયો હતો અને નાસભાગ મચી ગઈ હતી.

# 50 દેશના 18.32 કરોડ લોકોએ ઓનલાઈન અને 16 લાખ ભક્તોએ સોમનાથ મહાદેવના પ્રત્યક્ષ દર્શન કર્યા

## 1.75 લાખથી વધુ ભક્તોએ પ્રસાદીનો લાભ લીધો, 4 વર્ષમાં ભક્તોની સંખ્યા સૌથી વધુ

સોમનાથ

શ્રાવણ માસનો પ્રારંભ તા.25 જુલાઈ રોજ થયેલ અને તા.23 ઓગસ્ટના રોજ શ્રાવણની પુર્ણાહુતી થયેલી હતી. શ્રાવણ માસની પુર્ણીમા, 4 સોમવારો, જન્માષ્ટમી, સાતમ-આઠમ, અગીયારસ, માસિક- શિવરાત્રી, અમાસ સહિતના પર્વો હર્ષોલ્લાસ સાથે ભક્તિમય વાતાવરણમાં ઉજવાયા હતા. આ શ્રાવણ નવા પ્રકલ્પોના પ્રારંભ સાથે વિશેષ રહ્યો હતો, જેમાં અનેક નવી પહેલ ને કારણે યાત્રી સુવિધાઓ વધુને



વધુ સુલભ બની હતી.

સોમનાથ મહાદેવના દર્શન, પુજન, અર્ચન કરીને 16.17 લાખથી વધુ ભક્તો ધન્ય બન્યા હતા. તો સાથેજ 50 થી વધુ દેશોમાં 18.32 કરોડ ભક્તોએ વિશ્વના ખૂણે ખૂણે સોમનાથ મહાદેવના દર્શનનો લાભ લીધો હતો. સોમનાથ તીર્થમાં ખાસ કરીને શ્રાવણના સોમવારો, પૂનમ, માસિક શિવરાત્રી અમાસ દરમ્યાન યોજાતી પાલખીયાત્રા મોટું આકર્ષણ બની હતી, આ સાથે જન્માષ્ટમીમાં પર શ્રાવણની સર્વાધિક 1.73 લાખ જેટલી દર્શનાર્થીઓની મેદની ઉમટી હતી. માસિક શિવરાત્રિ પર્વે યોજાતા પ્રહર પુજનમાં જ્યોત પુજન, મહાપૂજા, મહાઆરતિ યાત્રીકોની સવિશેષ હાજરી નોંધાઈ હતી.

# જામનગરમાં 3 દિવસમાં એક જ પરિવારના 3ના હાર્ટએટેકથી મોત

જામનગર



રાજ્યમાં હૃદયરોગના હુમલાના સતત વધી રહેલા બનાવો વચ્ચે જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના લતીપર ગામમાં એક મોટી કરુણાંતિકા સર્જાઈ છે. અહીં એક જ પરિવારના ત્રણ સભ્યોના માત્ર ત્રણ દિવસના ટૂંકા ગાળામાં હૃદયરોગના હુમલાથી મૃત્યુ થતાં સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે. લતીપર ગામના રામાણી પરિવારમાં ત્રણ દિવસની અંદર ત્રણ પુરુષ સભ્યોએ જીવ ગુમાવ્યો છે. રામાણી પરિવારના 85 વર્ષીય વડીલ ગાંડુભાઈ રામાણી, અરજણભાઈ રામાણી ( ઉ.વ. 74) અને અશ્વિનભાઈ રામાણી (ઉ.વ. 45) નું પણ હૃદયરોગના હુમલાથી મૃત્યુ થયું છે. એક જ પરિવારના ત્રણ પુરુષ સભ્યોના આકસ્મિક અને એક પછી એક મૃત્યુથી પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. આ ઘટનાએ ગામમાં ભારે શોક અને ગમગીનીનો માહોલ સર્જ્યો છે. રાજ્યભરમાં વધી રહેલા હૃદયરોગના કેસ વચ્ચે આ કરુણ ઘટનાએ ચિંતામાં વધુ વધારો કર્યો છે.

# જામનગરના એક ઘરમાં ગણપતિનું મ્યુઝિયમ: 3000થી વધુ મૂર્તિઓનો અનોખો સંગ્રહ

જામનગર

જામનગરના એક નિવૃત્ત બેંક કર્મચારીએ 40 વર્ષની મહેનત અને લગનથી એક અનોખો સંગ્રહ તૈયાર કર્યો છે. શહેરના પટેલ કોલોની વિસ્તારમાં રહેતા દિલીપભાઈ ધ્રુવના ઘરમાં દેશ-વિદેશના 3000 થી વધુ ગણપતિનું કલેક્શન છે, જે કોઈ મ્યુઝિયમથી ઓછું નથી. તેમના આ અસાધારણ કાર્ય માટે તાજેતરમાં તેમનું મહિલા કોર્પોરેટર ડિમ્પલબેન રાવલ અને ભારત તિબ્બત સંઘ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. દિલીપભાઈના સંગ્રહમાં માત્ર મૂર્તિઓ જ નહીં, પરંતુ કિચન, બોલપેન, ફોટો ફ્રેમ અને વિવિધ કલાકૃતિઓ સ્વરૂપે ગણપતિ જોવા મળે છે. તેમના કલેક્શનમાં સંગીત વગાડતા, ક્રિકેટ રમતા, ડોક્ટર અને પ્રોફેસરના સ્વરૂપમાં ગણપતિની મૂર્તિઓ પણ સામેલ છે.

# જૂનાગઢના માંગરોળમાં જર્જરિત મકાન ધરાશાયી, દાદા અને પૌત્રના કરૂણ મોત

## જર્જરિત મકાનો સામે કડક કાર્યવાહી કરવા લોકોની માંગ

જુનાગઢ

જૂનાગઢના માંગરોળમાં એક અત્યંત કરુણ અને દુઃખદ ઘટના સામે આવી છે. જેમાં એક જર્જરિત મકાન ધરાશાયી થતાં દાદા અને તેમના પૌત્રનું મોત નિપજ્યું છે. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

આ દુર્ઘટના માંગરોળના ચા બજાર વિસ્તારમાં બની હતી. એક જર્જરિત અને જૂનું મકાન અચાનક ધસી પડ્યું હતું. તે જ સમયે એક દાદા તેમના પૌત્ર સાથે બાઈક પર ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન મકાનનો કાટમાળ સીધો તેમના પર પડ્યો હતો, જેના કારણે બંને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા અને ઘટનાસ્થળે જ તેમનું કરુણ મોત થયું હતું. આ ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો અને પોલીસ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. કાટમાળ હટાવવાની કામગીરી તાત્કાલિક શરૂ કરવામાં આવી હતી. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ગમગીની છવાઈ ગઈ છે. આવા જર્જરિત મકાનો સામે તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી પણ સ્થાનિક લોકો કરી રહ્યા છે.

# પરંપરા યથાવત્ : જામનગરમાં ગણપતિ દાદાને ધરાવાયો 17,551 લાડુનો મહાભોગ

જામનગર

જામનગરના કૃષ્ણનગર વિસ્તારમાં જય અંબે મિત્ર મંડળે છેલ્લા 21 વર્ષથી ચાલી આવતી પરંપરાને જાળવી રાખી છે. આ વર્ષે ગણેશ મહોત્સવની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવી છે. મંડળ દ્વારા ગણપતિ દાદાને 17,551 લાડુનો મહાભોગ ધરાવીને એક નવો વિક્રમ સ્થાપિત કરવામાં આવ્યો છે. આ ભવ્ય ભોગ માટે કૃષ્ણનગરના 500થી વધુ સ્વયંસેવકોએ રાતભર અવિરત મહેનત કરી હતી. આ વિશાળ સંખ્યામાં લાડુ બનાવવા માટે 500 કિલો ઘઉંનો લોટ, 250 કિલો ઘી, 450 કિલો તેલ, 250 કિલો ગોળ અને 40 કિલો ડ્રાયફ્રુટ-ખસખસનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. રાત્રિના 9.30 વાગ્યાથી શરૂ થયેલી આ પ્રવૃત્તિ વહેલી સવાર સુધી ચાલી હતી.

સ્વદેશ



## સંજય લીલા ભણશાળી સામે છેતરપિંડીની પોલીસ ફરિયાદ

મુંબઇ : રણબીર કપૂર, આલિયા ભટ્ટ તથા વિકી કૌશલની ફિલ્મ ‘લવ એન્ડ વોર’નાં શૂટિંગ મુદ્દે ફિલ્મ સર્જક સંજય લીલા ભણશાળી સામે રાજસ્થાનના બિકાનેરમાં છેતરપિંડીની પોલીસ ફરિયાદ થઈ છે. પ્રતીક રાજ માથુરે નોંધાવેલી ફરિયાદ અનુસાર તેને નવેમ્બર ૨૦૨૪માં સંજય લીલા ભણશાળીના ઉત્કર્ષ બાલીએ રાજસ્થાનમાં લાઈન પ્રોડયૂસર તરીકે જોડાવા કહ્યું હતું. સામાન્ય રીતે કોઈ ફિલ્મના આઉટડોર લોકેશન વખતે લોજિસ્ટિક્સ, તમામ જરુરી મંજૂરીઓ, સ્થાનિક મેનપાવર તથા ઈક્વિપમેન્ટ સહિતની જવાબદારીઓ આ લાઈન પ્રોડયૂસર સંભાળતા હોય છે.

## 60 કરોડના ચીટિંગ કેસમાં ફસાતાં શિલ્પાએ રેસ્ટોરાં બંધ કરવી પડી






મુંબઇ : શિલ્પા શેટ્ટીએ ૬૦ કરોડના ચીટિંગ કેસમાં ફસાયા બાદ તેની મુંબઈનાં બાંદ્રાની ‘બેસ્ટિયન’ રેસ્ટોરાં બંધ કરી દેવી પડી છે. શિલ્પાએ આ રેસ્ટોરાં ૨૦૧૬માં ચાલુ કરી હતી. તા. ચોથી સપ્ટેમ્બરના ગુરુવારે આ રેસ્ટોરાંનો છેલ્લો દિવસ હશે તેવી સોશિયલ મીડિયા પોસ્ટ ખુદ શિલ્પાએ મૂકી છે. ચર્ચા અનુસાર શિલ્પા અને તેના પતિ રાજ કુન્દ્રા સામે ૬૦ કરોડનાં ચીટિંગની ફરિયાદ થતાં તેમણે આ રેસ્ટોરાં બંધ કરવી પડી છે. મુંબઈના એક બિઝનેસમેન દીપક કોઠારી દ્વારા મુંબઈ પોલીસની આર્થિક ગુના નિવારણ શાખામાં નોંધાવાયેલી ફરિયાદ મુજબ શિલ્પા અને રાજ કુન્દ્રાએ ૨૦૧૫થી ૨૦૨૩ વચ્ચે બેસ્ટ ડીલ ટીવી કંપનીમાં રોકાણના નામે ૬૦ કરોડ રુપિયા મેળવ્યા હતા. આ કંપની હવે બંધ થઈ ગઈ છે.

## સુહાના ખાન પર ખેડૂતને ફાળવેલી જમીન ગેરકાયદે રીતે ખરીદવાનો આરોપ



અલીબાગના થલ ગામમાં ખેડૂતો માટે ફાળવેલી જમીન ખરીદવા બદલ શાહરૂખ ખાનની પુત્રી સુહાના ખાન કાયદાકીય મુશ્કેલીમાં મુકાઈ છે. કાગળો અને પરવાનગી વગર ખરીદેલી રૂ. 13 કરોડની આ જમીન સુહાના ખાને રૂ. 77 લાખ સ્ટેમ્પ ડ્યુટી ભરીને પોતાના નામે કરાવી હતી. આ જમીનની કિંમત આશરે 13 કરોડ રૂપિયા છે, જે સુહાનાએ મુંબઈના એક બિઝનેસમેન પાસેથી ખરીદી હતી. જમીનનું ટ્રાન્સફર 30 મે, 2023ના રોજ સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેન્ક દ્વારા કરવામાં આવ્યું હતું. હાલમાં, આ મામલો તપાસ હેઠળ છે અને અલીબાગના મામલતદાર પાસેથી આ અંગે રિપોર્ટ મંગાવવામાં આવ્યો છે. આરોપ છે કે જમીન ખરીદતી વખતે સુહાના ખાને કાગળોમાં પોતાને ખેડૂત તરીકે દર્શાવી છે. આ મામલો ગરમાયા બાદ તેની તપાસ ચાલી રહી છે.

# બિપાશા બાદ હવે અનુષ્કા માટે ટિપ્પણીથી મૃણાલ ઠાકુર વિવાદમાં



મુંબઈ : અગાઉ બિપાશા બસુ એક સ્ત્રી નહિ પરંતુ મર્દાના લાગે છે તેવી જૂની ટિપ્પણી માટે વિવાદમાં આવેલી મૃણાલ ઠાકુર હવે અનુષ્કા શર્મા માટેની એક જૂની ટિપ્પણી માટે ફરી ટ્રોલ થઈ રહી છે. વાયરલ થયેલા જૂના વિડીયોમાં તે અનુષ્કાનું નામ લીધા વિના એવી ટિપ્પણી કરી રહી છે કે તેણે ભલે મને બાદમાં હિ ટ થયેલી ફિલ્મમાં રિપ્લેસ કરી પણ હકીકત એ છે કે હાલ તે કોઈ કામ નથી કરી રહી અને હું હજુ પણ ફિલ્મોમાં એક્ટિવ છું. જાણકારોના મતે આ ટિપ્પણી સલમાન ખાનની ‘સુલતાન’ ફિલ્મના સંદર્ભમાં છે. આ ફિલ્મ માટે પહેલાં મૃણાલ ઠાકુર હિરોઈન તરીકે નક્કી થઈ હતી. બિપાશા અંગેના જૂના વિડીયો માટે મૃણાલે તાજેતરમાં જાહેરમાં માફી માગી હતી. હવે અનુષ્કા સંબંધિત ટિપ્પણી માટે પણ તે માફી માગે તેવી માગણી નેટ યૂઝર્સ કરી રહ્યા છે.





## ચાલબાઝની રીમેકમાં શ્રીદેવીના રોલ માટે જાહ્નવીને ઓફર





મુંબઈ : જાહ્નવી કપૂરને ‘ચાલબાઝ’ ફિલ્મની રીમેકમાં શ્રીદેવીની મુખ્ય ભૂમિકા ઓફર થઈ હોવાનું કહેવાય છે. અગાઉ આ ફિલ્મ શ્રદ્ધા કપૂરને લઈને બનાવવાની ઘોષણા કરવામાં આવી હતી. પરંતુ તે પછી આ ફિલ્મનું હજી સુધી શૂટિંગ શરૂ થયું નથી. હવે એક દાવા અનુસાર જાહ્નવી કપૂરને આ રોલ ઓફર કરાયો છે. જોકે, બોલીવૂડ વર્તુળોમાં એવી પણ ચર્ચા છે કે આ વાત જાહ્નવીની હાલમાં રીલિઝ થયેલી ફિલ્મ ‘પરમ સુંદરી’ના પ્રચાર માટે ઉડાડવામાં આવી હોય તે પણ શક્ય છે. ફિલ્મની તથા કલાકારોની પીઆર ટીમ ફિલ્મ રીલિઝ વખતે કલાકારો સંબંધિત જાતભાતની અફવાઓ ચલાવતી હોય છે જેથી સંબંધિત કલાકાર વિશે વધારેને વધારે ચર્ચા થાય. જાહ્નવી એક એક્ટ્રેસ તરીકે અતિશય નબળી છે અને તેથી ચાલબાઝ જેવી ફિલ્મ ની ડબલ રોલની મહત્વની જવાબદારી તે ઉઠાવી શકે કે તે અંગે શંકા સેવાય છે. ‘પરમ સુંદરી’ ફિલ્મમાં પણ મોટાભાગના રિવ્યૂ મુજબ સિદ્ધાર્થ મલ્હોત્રાની સરખામણીએ જાહ્નવી બહુ ઉણી ઉતરી છે.

# જી લે જરામાંથી કેટરીના, પ્રિયંકા, આલિયાની બાદબાકીની સંભાવના

મુંબઈ : ‘જી લે જરા’માંથી પ્રિયંકા ચોપરા, કૈટરીના કૈફ અને આલિયા ભટ્ટની બાદબાકી થાય તેવી સંભાવના છે. ફરહાન અખ્તરે આ મહત્વાકાંક્ષી ફિલ્મ પર આશરે ત્રણ વર્ષ પહેલાંથી કામ ચાલુ કર્યું હતું. પરંતુ, પ્રિયંકા, આલિયા અને કેટરિના ત્રણેયની સાથે તારીખો મળે તેવો મેળ પડયો જ ન હતો.




ફરહાન કંટાળીને છેવટે અન્ય પ્રોજેક્ટસ તરફ વળી ગયો હતો. હવે ફરહાને એક ઈન્ટરવ્યૂમાં સ્પષ્ટ કર્યું છે કે આ ફિલ્મ પોતે બંધ નથી કરી. વાસ્તવમાં તેના માટે લોકેશન ફાઈનલ કરવા સહિતની કામગીરી ચાલી રહી છે. જોકે તેણે કબૂલ્યું છે કે ફિલ્મના કલાકારો કોણ હશે તે અંગે હજુ કશું નક્કી નથી.

આ ફિલ્મ ‘દિલ ચાહતા હૈ’નું ફિમેલ વર્ઝન હશે એમ મનાય છે. ત્રણ બહેનપણીઓ વર્ષો પછી મળે છે અને સાથે રોડ ટ્રિપ પર નીકળે છે તેવી વાર્તા હશે તેમ કહેવાય છે.



# ॥ સંસ્કૃતિ ॥




Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશ
Leading Gujarati Newspaper

સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news



Paresh Peshva
Marketing Director
SWADESH


## ચૂંટણીમાં વોટ ચોરીને જ મુદ્દો બનાવવા રાહુલ અને તેજસ્વીનીની તૈયારી

# બિહારમાં રાહુલની વોટ અધિકાર યાત્રા, ભાજપ ફફડ્યો

પ્રાસંગિક

ધવલ શુક્લ

ઓગષ્ટ મહિનામાં રાહુલ ગાંધીએ પ્રેસ કોન્ફરન્સ કરીને દેશ સમક્ષ ભારતમાં થયેલી છેલ્લી 3 ચૂંટણીના ગફલાને ઉજાગર કર્યા બાદ રાજકારણમાં દિવસે દિવસે ગરમાટો વધતો જાય છે. રાહુલ ગાંધીએ બેગ્લુરુની મહાદેવપુરા બેઠકના સાત લાખ મતદારોની યાદીનો અભ્યાસ કરીને એકાદ લાખ વોર્ટસ બોગસ હોવાના પુરાવા રજૂ કર્યા હતા. આ સાથે જ તેમણે ચૂંટણી પંચ પર તે ભાજપને જીતાડવા પુરતી મદદ કરી રહ્યાનો ગંભીર આરોપ મુક્યો હતો. રાહુલે રજૂ કરેલા પુરાવા બાદ પંચ આજ સુધી યોગ્ય ખુલાસા કરી શક્યું નથી. બીજી તરફ રાહુલ ગાંધી સતત ભાજપ અને પંચ પર પ્રહારો કરતા રહ્યા છે.

બિહારમાં રાહુલે તેજસ્વીની યાદવ સાથે વોટર અધિકાર યાત્રાનું આયોજન કરતા તેને જબરદસ્ત પ્રતિસાદ મળ્યો છે. બિહારના સાસારામથી શરૂ કરાયેલી આ યાત્રા 16 દિવસ સુધી 23 જિલ્લામાં ફરી અને 1300 કિમી કાપીને અંતે ગત મંગળવારે પટણામાં તેનું સમાપાન થયું. આ સમયે વિપક્ષી ગઠબંધન I.N.D.I.A. દ્વારા પટણાના ગાંધી મેદાનમાં જનસભા યોજાઈ, જેમાં રાહુલ ગાંધી અને રાષ્ટ્રીય જનતા દળ (RJD)ના નેતા તેજસ્વી યાદવે સભા સંબોધી હતી, રાહુલ ગાંધીએ કહ્યું કે, વૉટ ચોરી માત્ર ચૂંટણીમાં ગેરરીતિ નથી, પરંતુ તે દેશના યુવાનોના ભવિષ્ય સાથે જોડાયેલો ગંભીર મુદ્દો છે. વૉટ ચોરી એટલે તમારા અધિકારો, આરક્ષણ, રોજગાર અને શિક્ષણના અવસરોની ચોરી. જો આ ચાલુ રહેશે, તો તમારું રાશન કાર્ડ અને તમારી જમીન પણ છીનવીને ઉદ્યોગપતિઓને આપી દેવામાં આવશે. તેમણે મહારાષ્ટ્રની ચૂંટણીઓનો ઉલ્લેખ કરીને કહ્યું કે, ‘મહારાષ્ટ્રમાં કોંગ્રેસ, એનસીપી અને શિવસેના પાસેથી ચૂંટણી છિનવી લેવાઈ. લોકસભા ચૂંટણી બાદ લગભગ એક કરોડ નવા મતદારો મતદાર યાદીમાં ઉમેરાયા છે. અમારા ગઠબંધનને લોકસભા અને વિધાનસભા ચૂંટણીમાં લગભગ બરાબરના મત મળ્યા હતા, તો પછી આ નવા મતદારોના વૉટ ભાજપના ખાતામાં કેવી રીતે ગયા? આ બાબત દર્શાવે છે કે, ચૂંટણી પંચ અને ભાજપ મળીને વૉટની ચોરી કરી રહ્યા છે.



આ વેળા રાહુલે મહાત્મા ગાંધી અને બાબાસાહેબ આંબેડકરનો પણ ઉલ્લેખ કરી કહ્યું કે, ‘જે શક્તિઓએ મહાત્મા ગાંધીની હત્યા કરી હતી, તે જ શક્તિઓ આજે સંવિધાનને ખતમ કરવાનો પ્રયાસ કરી રહી છે, પરંતુ અમે આવું નહીં કરવા દઈએ. મતદાતા અધિકાર યાત્રાને સમગ્ર બિહાર અને દેશભરમાંથી અપાર સમર્થન મળ્યું છે.

જે બાદ તેજસ્વી યાદવ અને અન્ય વિપક્ષી નેતાઓએ પણ આ સભાને સંબોધિત કરી. બિહારમાં મુખ્યમંત્રી પદના દાવેદાર એવા તેજસ્વી યાદવે પણ કહ્યું કે બિહારની ધરતી લોકતંત્રની જનની છે. ભાજપના લોકો ચૂંટણી પંચ સાથે મળીને લોકતંત્ર અને બંધારણને નાબુદ કરી નાખવા માગે છે. નરેન્દ્ર મોદી ગુજરાતમાં ફેક્ટરી લગાવશે અને વિક્ટ્રીની આશા બિહારમાં રાખે છે, એવું નહીં ચાલે. આવુ કરીને તેઓ બિહારને ઠગવા માગે છે જે સંભવ નથી. બિહારની પ્રજા આવા લોકોને પાઠ ભણાવશે.

યાત્રા દરમિયાન રાહુલે સતત વોટ ચોર ગદ્દી છોડના નારા ગૂંજવ્યા છે. જનતાએ પણ તેમાં જોરદાર સાથ આપતા ગેલમાં આવેલા રાહુલે ભાજપને પડકારતા કહ્યું કે, ભાજપીઓ સાંભળી લેજો, માધવપુરામાં અમે એટમ બોમ્બ બતાવ્યો હતો. હવે અમે હાઈડ્રોજન બોમ્બ ફોડવાની તૈયારીમાં છીએ. તમારી વોટ ચોરીનું સત્ય હવે આખા દેશને ખબર પડી જશે. તેમણે હાઈડ્રોજન બોમ્બ ફુટ્યા બાદ મોદી જાહેરમાં દેખાવા લાયક ન રહેશે તેવો પણ દાવો કર્યો હતો. આ ઉપરાંત કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાઅર્જુન ખડગેએ કહ્યું કે પીએમ મોદીને ચોરીની ટેવ છે. ક્યારેક તે પૈસા ચોરે છે. તો ક્યારેય વોટ ચોરી કરે છે. તે બિહારમાં પણ વોટ ચોરી કરીને ચૂંટણી જીતવા માગે છે પણ આપણે સાવચેત રહેવું પડશે. બાબા સાહેબ આંબેડકર, ગાંધીજી, નહેરુએ દેશના લોકોને વોટ અધિકાર આપ્યો છે.

હવે બિહારમાં બનેલા સૌથી મોટા ઘટના ક્રમમાં પટણામાં રેલી પૂર્ણ થતા જ રાહુલ અને તેજસ્વીની ચાલ્યા ગયા હતા. આ સમયે મંચ પર પહોંચેલા એક યુવાને મોદીની માતા વિશે અપશબ્દો બોલ્યા હતા. આ બાબતને લઈને ખુદ મોદીએ એક કાર્યક્રમમાં વર્ચ્યુઅલી હાજરી આપતાં હરિફો સામે નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે, હાલમાં જ બિહારમાં આરજેડી-કોંગ્રેસના મંચ પરથી મારા માતાશ્રીને ગાળો આપવામાં આવી. માતા તો આપણું સંસાર છે. તે આપણું સ્વાભિમાન છે. આ સમૃદ્ધ પરંપરા ધરાવતા બિહારમાં થોડા સમય પહેલાં જે બન્યું, તે મારી કલ્પનામાં પણ ન હતું. મારી માતા રાજકારણ સાથે કોઈ લેવાદેવા ધરાવતા ન હતા, તેમ છતાં તેમને ગાળો આપવામાં આવી છે.

મોદી અને તેમની સ્વર્ગસ્થ માતા વિરુદ્ધ થયેલા નફરતભર્યા ભાષણના વિરોધમાં ગુરુવારે NDAની મહિલાશક્તિએ બિહાર બંધનું આહ્વાન કર્યું હતું. જેને પગલે બેગુસરાય, સીતામઢી, નવાડા, બાંકાં, જમુઈ અને બેતિયાહમાં અસર વર્તાઈ હતી. બેતિયાહમાં 80 ટકા દુકાનો બંધ રહી અને રસ્તાઓ સૂમસામ દેખાયા હતા. જો કે, રાજ્યમાં આમજનતાને મોટી તકલીફો પડતા ભાજપની રમત ઉલટી પડવાની સંભાવના વધી છે. બીજી તરફ રાહુલની યાત્રાને જબરદસ્ત પ્રતિસાદ મળતો જોઈને એનડીએ છાવણી ચિંતામાં મુકાઈ છે. જેને પગલે દિલ્હીમાં અમીત શાહની હાજરીમાં યોજાયેલી બેઠકમાં અત્યારથી બેઠક વહેંચણી કરી દેવાઈ હતી. કહેવાય છે કે, બિહારમાં એનડીએમાં 102 બેઠક પર જનતા દળ, 101 બેઠક ઉપર ભાજપ અને 20 બેઠક પર પાસવાનની લોકજન શક્તિ પાર્ટી તથા 10 બેઠક પર માંઝીની પાર્ટી ચૂંટણી લડે તેવું સમાધાન થયું છે. જો કે, આ વાતો ફેલાતા જ સૌથી મોટી નારાજગી ચિરાગ પાસવાને વ્યક્ત કરતા સ્પષ્ટતા કરી હતી કે, તેની પાર્ટી ગઠબંધનમાં રહીને 70 બેઠક પર ચૂંટણી લડશે. એ જ રીતે માંઝીએ પણ 10ને બદલે 30થી 40 બેઠકો માંગી હતી. સાથીપક્ષોનું આ વલણ જોતા આવનારા દિવસોમાં બિહારમાં એનડીએ ગઠબંધન ટકાવવું પણ ભાજપ માટે મુશ્કેલ બને તેમ છે. વળી, રાહુલની હાલની યાત્રા 67 વિધાનસભા મત વિસ્તારમાંથી ફરી હતી. આ તમામ વિસ્તારમાં લોકો સ્યંભૂ ઉમટી પડ્યા હતા. રાહુલ ગાંધી પણ લોકોને ખૂબ જ સહજતાથી મળી પ્રશ્નો સાંભળતા હતા. સાથે સાથે તેઓ ભાષણ દરમિયાન રોજગારી, મોંઘવારી જેવા મુદ્દાઓ ઉઠાવતા ભાજપને નિશાને લેવાનું ભુલતા ન હતા. યાત્રા દરમિયાન રાહુલે દલિત, વંચિતો અને આદિવાસીઓને અન્યાય થતો હોવાની વાતો રજૂ કરી ભાજપના હિંદુત્વના મુદ્દાને ઢીલો પાડવા નક્કર પ્રયાસ કર્યો છે.

એટલે જ ખુદ નીતિશકુમાર પણ રાહુલની યાત્રાની સફળતા બાદ મુંઝાયા હોવાનું કહેવાય છે. થોડા દિવસોમાં જ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી યોજાવાની છે ત્યારે નીતિશકુમારનું વલણ બિહાર તથા દેશની રાજનીતિમાં મહત્વનું પુરવાર થશે તેમ રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે. બિહાર ભાજપ માટે મહત્વનું રાજ્ય છે. અહીં નીતીશકુમાર સાથે મળી ભાજપ વર્ષોથી સત્તા પર છે. આવા સંજોગોમાં બિહારમાં પછડાટ મળવી એ ભાજપ માટે દેશમાં મોટી મુશ્કેલી નોતરી શકે છે. જેને પગલે ભાજપ છાવણીમાં હાલ ફફડાટ મચી ગયો છે.

**16 દિવસ સુધી ચાલેલી યાત્રામાં લાખો લોકો જોડાયા, આ વેળા રાહુલે સતત ભાજપ અને ચૂંટણી પંચ મળીને ‘વૉટ ચોરી’ કરવા સાથે લોકોના અધિકારો, આરક્ષણ અને રોજગારને છીનવી રહ્યાના ગંભીર આરોપો મુકતા તેના પડઘા દિલ્હી સુધી પડ્યા છે**


Ganesha Accounting & Shiv Financial Services
proudly presents
Navratri 2025
Ganesha Accounting & Tax Services Inc.
Personal, Business & Corporate Tax
Accounting & Book Keeping
Financial Statement
Payroll, HST, WSIB Returns
New Business Registration & Incorporation
Manishaben Sevak
647-770-3876
ganesha.taxservices@gmail.com
SHIV FINANCIAL SERVICES
Super Visa Insurance & Visitor to Canada Medical Insurance
CALL FOR FREE QUOTE
JAGDISHBHAI SEVAK
647-236-7620
Garba Night
with
Jitendra Joshi
Legendry Garba Singer of
North America & India (Nadiadi)
Registration is Full
Delicious food is available
from Multiple vendors.
13 | SEP | 2025
SATURDAY - 6:30PM
Sringeri Temple Hall
80 Brydon Drive, Etobicoke, ON
Title Sponsors
GAURANG NAGAR
CENTURY 21. People's Choice Realty Inc.
Gaurang Nagar
Real Estate Broker
C : 647-760-0996
E : realtor.gaurang@gamil.com
Buy | Sell | Lease | Invest
Devang Vyas
Mortgage Agent | Level 2 | #M20003201
416-830-5349
mortgage.devang@gmail.com
www.mortgagebydevang.ca
703-100 Allstate Parkway, Markham, ON L3R 6H3
Independently Owned & Operated FSRA #13093
in association with
Yeshvi Travel
yeshvitravel@gmail.com
SERVICES
Auto Home, Commercial, Business, Insurance Life, Travel Critical illness insurance
15+ YEARS OF EXPERIENCE
DEALING WITH 15+ COMPANIES
Jay Brar
Email : jay.brar@fsbgroup.ca
647-400-5100
905-731-8572
GLORS Heating & AC
HEATING & AIR CONDITIONING
647-883-4051
GlorsHeating.com
We might not be the cheapest, but best in quality GUARANTEED
Classic Honda
SANDIP SHAH
Sales Consultant
sandip.shah@performance.ca
416-741-1115
info@rohitlaw.ca
www.rohitlaw.ca
ROHIT SHARMA
BARRISTER & SOLICITOR
JYOTISH SONI
AUM PROPERTY INSPECTIONS INC.
Cell: 647-801-7664
www.AumPropertyInspections.ca
KRUPA SHAH LAW PROFESSIONAL CORPORATION
Krupa Shah
11 Dawes Road, Brampton, ON - L6X 0R8
MARUTI CONSTRUCTION INC
Sandip Dave
647 501 9797
WE DO CUSTOM HOUSE, COMMERCIAL & INDUSTRIAL CONSTRUCTION & RENOVATION.
We Work with WSIB & Liability Insurance.
PESTISECT PEST CONTROL
Our Services includes
+1-647-924-2753
info@pestisect.ca
www.pestisect.ca
Pal Physio & Rehab
Jignesh Shah
6100 Finch Avenue W, Suite E-103, Etobicoke, ON. M9V 0A1
MAHARANI JEWELLERS LTD.
7112 Airport Rd. Malton, Mississauga
1011 Albion Rd. Etobicoke, ON
shreehari
CANADA PR, USA E2 L1
& all other immigration services
Ganesha Accounting & Tax Services Inc.
Manishaben Sevak
647-770-3876
SONI STUDIOS
PHOTOGRAPHY
DHARMIK SONI
647-323-1334
@SONISTUDIOS
PG TRADING LTD.
Remittance and Currency Exchange
MONEY TRANSFER
CANADA TO INDIA
INDIA TO CANADA
+1 437-955-0442
Media Support
ગુજરાત ન્યૂઝલાઈન
647 400 6248
ગુજરાત વીકલી
ગુજરાત નો રણકાર
સ્વદેશ

# બ્રામ્પ્ટનમાં પથિક અને રૂચા શુક્લાના નિવાસે ગણેશોત્સવની ઉજવણી

## માતૃત્વ (Motherhood) થીમ હેઠળ પાર્વતી માતાની કોડમાં ભગવાન ગણેશને બિરાજમાન કરાયા








**બ્રામ્પ્ટન**

ભારતનો એક અતિ મહત્વનો ધાર્મિક અને સાંસ્કૃતિક તહેવાર ગણેશોત્વ હવે માત્ર ભારતમાં જ નહીં, પરંતુ વિશ્વના અનેક દેશોમાં કે જ્યાં ભારતીય સમાજ વસે છે ત્યાં ભવ્ય રીતે ઉજવવામાં આવે છે. ભાદરવા સુદ ચતુર્થીથી આનંદ ચતુર્દશી સુધી ૩ થી ૧૧ દિવસ સુધી ચાલતા આ પાવન તહેવારમાં ભગવાન ગણેશજીનું પૂજન કરાય છે. ભગવાન ગણેશજીને વિઘ્નહર્તા અને બુદ્ધિના દેવ તરીકે માનવામાં આવે છે.

બ્રામ્પ્ટન શહેરમાં જાણીતા દંપતિ પથિક અને રૂચા શુક્લા છેલ્લા ૧૧ વર્ષથી પોતાના નિવાસસ્થાને આ તહેવાર ભક્તિપૂર્વક ઉજવે છે. દર વર્ષે રૂચાબેન દ્વારા ઘરના મંદિરમાં અનોખી થીમ આધારિત સજાવટ કરવામાં આવે છે.

આ વર્ષે માતૃત્વ (Motherhood) થીમ હેઠળ પાર્વતી માતાની કોડમાં ભગવાન ગણેશ બિરાજમાન હતા. અગાઉના વર્ષોમાં અયોધ્યા રામ મંદિર, ૧૨ જ્યોતિર્લિંગ, ફૂલોથી સજાવટ અને ચોકલેટ થીમ જેવા થીમ પર અદભૂત સજાવટ કરવામાં આવી હતી.

### વિસર્જન સમયે ગણપતિ બાપા મોરયાનો નાદ ગૂંજ્યો, ભક્તો ગરબે પણ ઘૂમ્યા

શુક્લા પરિવાર હંમેશા પર્યાવરણપ્રેમી ગણેશ પ્રતિમાની સ્થાપના કરે છે. જેથી પ્રતિમા સરળતાથી વિસર્જિત થાય છે અને પર્યાવરણને કોઈ નુકસાન ન થાય.

આ પ્રસંગે શુક્લા પરિવારના મિત્રો તથા સૈંકડો ભક્તોએ હાજરી આપી હતી. સાથે સાથે અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવો જેમ કે બ્રામ્પ્ટન વેસ્ટના સાંસદ (MPP) અમરજીત ગિલ, આન્ટેરિયોના ટ્રાન્સપોર્ટ ખાતાના મંત્રી પ્રભમીત સક્કરિયા, બ્રામ્પ્ટન વેસ્ટના સાંસદ (MPP) અમરજોત સંધુ, બ્રામ્પ્ટન ઈસ્ટના સાંસદ (MPP) હરદીપ ગ્રેવાલ તથા બ્રામ્પ્ટન સિટી કાઉન્સિલર પૉલ વિસેન્ટે, કેનન ડેનિસ અને રૉડ પાવર પણ ગણેશજીના દર્શન માટે પધાર્યા હતા.

૨૮ ઓગસ્ટના દિવસે ગણેશ પ્રતિમાનું ઘરે જ વિસર્જન કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે ભક્તો ગરબા રમ્યા અને ગણપતિ બાપ્પા મોરિયાનો નાદ ગૂંજી ઉઠયો હતો. આ રીતે બ્રામ્પ્ટન શહેરમાં ગણેશોત્સવની ઉજવણી માત્ર ધાર્મિક પ્રસંગ તરીકે જ નહીં, પરંતુ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાના જતનનું ઉત્તમ ઉદાહરણ પણ બની રહી હતી.

# ગુજરાતી સિનિયર્સ ક્લબ બ્રામ્પ્ટનની લોફર્સ લેક ખાતે પિકનિક : સંગીત સંધ્યામાં ગીતો સાથે મનોરંજન

## ખુશનુમા વાતાવરણનો સભ્યોએ આનંદ માણ્યો, સભ્યોના જન્મદિવસ અને વેડીંગ એનિવર્સરીની ઉજવણી




**બ્રામ્પ્ટન**

ગુજરાતી સિનિયર્સ ક્લબ બ્રામ્પ્ટનના ૪૮ સભ્યો ગત ૨૪-ઓગષ્ટ-૨૫ના રોજ પિકનિક કરવા લોફર્સ લેક પર ગયા હતા. પિકનીક સમયે સૌ સભ્યો સમયસર સ્થળે આવી પહોંચ્યા હતા અને ગ્રૂપમાં ગોઠવાયા હતા.

જે બાદ ખુશનુમા વાતાવરણની મજા માણતા માણતા હર્ષો ઉલ્લાહથી ગપસપ સાથે ચા-નાસ્તાની મજા માણી હતી. લંચના સમયે સભ્યો સાથે પોટલક લંચમાં લાવેલી વાનગીઓ એકબીજાને આગ્રહથી ખવડાવી સૌએ આનંદ માણ્યો હતો. વ્યોમેશભાઈ અને જ્યોતિકાબેન દવે તરફથી બપોરે ગરમ ગરમ ચા આપવામાં આવી હતી. જે બાદ લોફર્સ લેક રિક્રીશન સેન્ટરના હૉલ નં.-૨માં સૌ સભ્યોએ સ્થાન ગ્રહણ કરી લીધું હતુ. હોલમાં ઈશ્વરભાઈ પટેલની સંગીત સંધ્યા શરૂ થઈ હતી. જેમાં ઈશ્વરભાઈ પટેલ, નરસીભાઈ પંચાલ, ચંચલબેન પ્રજાપતિ, પદમાબેન કંસારા અને જેલીબેન મિસ્ત્રીએ ગીતો ગાઈને સભ્યોને મનોરંજન પીરસ્યું હતું. ચંચલબેનની નૃત્યની સુંદર રજૂઆતની સૌએ પ્રશંસા કરી હતી. ઈશ્વરભાઈ પટેલે બધા સભ્યોને અંતાક્ષરી રમાડી હતી, જેની બધા સભ્યોએ ભાગ લઈ અને ભરપૂર મોજ માણી હતી. ત્યારબાદ સભ્યોના જન્મદિવસ અને વેડીંગ એનિવર્સરીની ઉજવણી કરવામાં આવી હતી. છેલ્લે સાંજનાં ભોજનમાં શ્રીખંડ, પુરી, બટાટાવડા, પુલાવ, કઢીના ભોજન જમી સૌ છૂટા પડ્યા હતા.

# કેલોનામાં ભાડૂઆતોને આકર્ષવા માલિકો વચ્ચે સ્પર્ધા, ઓફર શરૂ

## બિલ્ડરો મોટાભાગે કોન્ડોમિનિયમના બાંધકામ પર ધ્યાન કેન્દ્રિત કરવા માંડ્યા

**કેલોના**

કેલોના, બી.સી.માં ખાલી જગ્યાઓના સંકેતો પ્રચંડ છે, કારણ કે 2025 માં અત્યાર સુધીમાં ભાડા પૂલમાં આશરે 1,100 નવા એકમો ઉમેરવામાં આવ્યા છે, અને આગામી વર્ષમાં 2,000 જેટલા વધુ એકમો આવશે. કેલોના શહેરના હાઉસિંગ પોલિસી અને પ્રોગ્રામ્સ વિભાગના મેનેજર જેમ્સ મૂરે જણાવ્યું હતું કે, “ભાડાના મકાનો આપણા સમુદાયમાં સતત મોટી સમસ્યાઓમાંની એક રહી છે, ખાલી જગ્યાઓનો દર ખૂબ ઓછો છે, કિંમતો ખૂબ ઊંચી છે,” ભાડાના એકમોનો ધસારો એ સ્થિર બજારને વેગ આપવા માટે સરકારી પ્રોત્સાહનોનું પરિણામ છે, જેમાં બિલ્ડરો તાજેતરના વર્ષોમાં કોન્ડોમિનિયમના બાંધકામ પર મોટાભાગે ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. “ટ્રોઈકાના મુખ્ય નાણાકીય અધિકારી જેફ કેનેડીએ જણાવ્યું કે, ભાડામાં વધારો થવાથી કેલોનામાં ખાલી જગ્યાઓનો દર મોટા પ્રમાણમાં વધ્યો છે. શહેર અનુસાર દર 2024ના જૂનમાં 1.7 ટકાથી વધીને આ વર્ષના જૂનમાં 4.5 ટકા થયો છે, જેનાથી ભાડા ખર્ચ ઓછો થયો છે. તેણે પણ પરિસ્થિતિ બદલી નાખી છે અને હવે મકાનમાલિકો ભાડૂતો માટે સ્પર્ધા કરી રહ્યા છે, ભાડૂતો એકબીજા સામે રહેઠાણ માટે સ્પર્ધા કરી રહ્યા છે. સ્પર્ધાત્મકતામાં કેટલાક મકાનમાલિકો રહેવા માટે જગ્યા શોધી રહેલા ભાડૂતો માટે મુખ્ય પ્રોત્સાહનો ઓફર કરે છે. તેમાં ટ્રોઈકાના ‘285 ડગલ’ નામના નવા હેતુ-નિર્મિત ભાડાના મકાનમાં પ્રોત્સાહનોનો સમાવેશ થાય છે.

# TFWથી કેનેડિયન કામદારો અને યુવાનોની તક છીનવાય જાય છે : પિયર પોઈલીવરે

## કાર્યક્રમને તાકીદે બંધ કરી દેવા માંગણી, સ્થળાંતર અધિકાર જૂથો દ્વારા પોઈલીવરના અભિગમની ટીકા

**ઓન્ટેરિયો**

પિયર પોઈલીવરે ઈચ્છે છે કે કેનેડા તેનો કામચલાઉ વિદેશી કામદાર કાર્યક્રમ સમાપ્ત કરે. તેમનું કહેવું છે કે તે કેનેડિયન કામદારોને નુકસાન પહોંચાડે છે. તેઓ ફક્ત ખેતીની નોકરીઓ માટે એક અલગ કાર્યક્રમનો પ્રસ્તાવ મૂકે છે. સરકાર આ કાર્યક્રમનો બચાવ કરે છે. તેઓ કહે છે કે તે જરૂરી ભૂમિકાઓ પૂર્ણ કરે છે. સ્થળાંતર અધિકાર જૂથો પોઈલીવરેની યોજનાની ટીકા કરે છે. તેઓ તેમના પર ઝેનોફોબિયાનો આરોપ લગાવે છે. કેનેડા કામચલાઉ વિદેશી કામદારો અંગેના એક અહેવાલ જારી થયા બાદ કેનેડાના રૂઢિચુસ્ત નેતા, પિયર પોઈલીવરે, કેનેડિયન સરકારને કામચલાઉ વિદેશી કામદાર (TFW) કાર્યક્રમ તાત્કાલિક સમાપ્ત કરવા વિનંતી કરી હતી. તેમણે કહ્યું કે તે વેતનને દબાવી દે છે અને કેનેડિયન કામદારો અને યુવાનો પાસેથી તકો છીનવી લે છે. પોઈલીવરે કહ્યું, “આપણા યુવાનો અને કામદારોને સુરક્ષિત રાખવા માટે નિર્ણાયક પગલાં લેવાનો સમય આવી ગયો છે. તેથી સરકાર “તાત્કાલિક નવા TFW પરમિટ આપવાનું બંધ કરે અને આ વેતન-દમનકારી, તક-ચોરી કાર્યક્રમ સમાપ્ત કરે. અહેવાલ મુજબ, સસ્તા વિદેશી શ્રમની ઉપલબ્ધતા કેનેડિયન સમુદાયોમાં વેતન વૃદ્ધિને રોકી રહી છે કે કેમ તે અંગે ચિંતા વધી રહી છે. ત્યારે તેમનો પ્રસ્તાવ આવ્યો છે. ગ્લોબલ ન્યૂઝે અહેવાલ આપ્યો છે કે આ વર્ષે, કેનેડા કાર્યક્રમ હેઠળ 82,000 કામચલાઉ વિદેશી કામદારોને પ્રવેશ આપવાની યોજના ધરાવે છે. ગયા વર્ષે, સરકારે નવા નિયમો રજૂ કર્યા હતા જેમાં એવા વિસ્તારોમાં ઓછા વેતનવાળા કામચલાઉ વિદેશી કામદારો માટે અરજીઓ પર પ્રતિબંધ મુકાયો હતો. બીજી તરફ કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નેએ કહ્યું હતું કે કેનેડાના અર્થતંત્રમાં કામચલાઉ વિદેશી કામદારો કાર્યક્રમની “ભૂમિકા” છે અને સરકાર તે અસરકારક રીતે કાર્ય કરે તે સુનિશ્ચિત કરવા માટે કામ કરી રહી છે, જેમ કે ગ્લોબલ ન્યૂઝ દ્વારા અહેવાલ છે.

# માધવપુરા સહકારી બેંકના 1020 કરોડના કૌભાંડમાં ચુકાદાની રાહ જોતા ખાતેદારો ગુજરી પણ ગયા

## આરોપી હર્ષદકુમાર દુર્ગાપ્રસાદ શર્મા અને તેની કંપનીને નિર્દોષ ઠરાવી છોડી મુકાયા

**માધવપુરા**

માધવપુરા બેન્કના કૌભાંડમાં એસીબીની કલમ લાગુ ના પડે તેમ ઠરાવી એસીબી કોર્ટે થોડા મહિના પહેલાં 22 જેટલા કેસો નીચલી કોર્ટ(મેટ્રો કોર્ટ) ને પરત મોકલી આપવામાં આવ્યા છે ત્યારે બીજીબાજુ, 25 વર્ષ બાદ એક કેસમાં ચુકાદો આપતાં સ્પેશિયલ એસીબી કોર્ટે માધવપુરા બેન્કને રૂ.37.91 લાખનું નુકસાન પહોંચાડવાના પ્રકરણમાં આરોપી હર્ષદકુમાર દુર્ગાપ્રસાદ શર્મા અને તેની કંપનીને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવા હુકમ કર્યો છે. જો કે, મેટ્રો કોર્ટમાં મોકલાયેલા કેસો ક્યારે ચાલશે અને ક્યારે ચુકાદો આવશે તેની રાહ જોતાં બેન્કના ઘણા ખાતેદારો-થાપણદારો તો હવે ગુજરી પણ ગયા છે. એસીબી કોર્ટે આ કેસમાં લાંચ રૂશ્વતની કલમ લાગુ પડતી નથી તેમ કહી 22 કેસો મેટ્રો કોર્ટમાં મોકલી આપ્યા હતા આ કેસમાં માધવપુરા બેન્કના અધિકારી ચેતનકુમાર શાહે તા.5-4-2004ના રોજ આરોપી હર્ષદકુમાર શર્મા અને તેની કંપની શ્રીરામ એલોયસ એન્ડ સ્ટીલ, બેન્કના ચેરમેન રમેશ નંદલાલ પરીખ અને એમડી દેવેન્દ્ર ભગવાનજી પંડયા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, આરોપી હર્ષદુમાર શર્મા અને તેની કંપનીને બેન્ક દ્વારા નીતિ નિયમો નેવે મૂકી ચઢતા વ્યાજે લાખો રૂપિયાની લોન આપી દેવાઇ હતી અને બાદમાં તેઓએ રૂ.37.91 લાખની વ્યાજ સાથેની રકમ ભરપાઇ નહી કરતાં આખરે ફરિયાદ થઇ હતી.

# સુરત સિટીમાં એક જ રાતમાં 8 ગણેશ પંડાલમાં ચોરીથી ચકચાર

**સુરત**

મહીધરપુરા વિસ્તારના દારૂખાના રોડ પર તસ્કરોએ આઠ ગણેશ પંડાલને નિશાન બનાવ્યા હતા. અહીંથી પૂજાનો સામાન, રોકડ, ચાંદીની મૂર્તિ ઉઠાવી ગયા હતા. એક ગણેશ પંડાલમાં ગણપતિની નાની મૂર્તિને ખંડિત પણ કરવામાં આવી હતી. જેથી સ્થાનિકોએ સવારના સમયે ખંડિત મૂર્તિની જગ્યાએ નવી મૂર્તિની સ્થાપના કરી હતી.

પોલીસે સ્પષ્ટતા કરી હતી કે આ ઘટના માત્ર ચોરીનો પ્રયાસ છે અને એનો કોઈ ધાર્મિક લાગણી દુભાવવાનો ઈરાદો નથી. પોલીસે જણાવ્યું હતું કે અમને જાણ થઈ છે કે ચોરી કરનારી વ્યક્તિ હિન્દુ સમાજમાંથી જ છે. આ ઘટના માત્ર ચોરીની છે, કોઈ ધાર્મિક તણાવ ઊભો કરવાનો ઈરાદો નથી. જે જગ્યાએ ચોરીનો બનાવ બન્યો છે ત્યાં રાત્રિના 2 વાગ્યા સુધી તો લોકો બેઠા હતા. ત્યાર બાદ બે લોકોએ આવી આ ચોરીને અંજામ આપ્યો હતો.

પોલીસે સીસીટીવીના આધારે મહિધરપુરા વિસ્તારમાં ગણેશ પંડાલમાં થયેલી ચોરીના કિસ્સામાં પોલીસે બે આરોપીઓ આકાશ ઉર્ફે તાંબો ગોવિંદ દંતાણી અને સોહિલ સાંઈ દંતાણીની ધરપકડ કરી હતી. પોલીસે ચોરી થયેલો તમામ મુદ્દામાલ પણ તેમની પાસેથી જપ્ત કર્યો હતો.

# અમદાવાદના તળાવમાં નાવડી ઉંધી વળતા 3 ડૂબ્યા : બેના મૃતદેહ મળ્યાં

**અમદાવાદ**

શહેરના સરખેજ વિસ્તારમાં મંગળવારે દુઃખદ ઘટના બની હતી. સરખેજના શકરી તળાવમાં 3 યુવકો ડૂબી જતા સમગ્ર વિસ્તારમાં હાહાકાર મચી ગયો હતો. સ્થાનિક ચાર યુવક શકરી તળાવમાં કોર્પોરેશનની પાણીમાંથી ગંદકી કાઢવાની બોટ લઈને અંદર ગયા હતા.

જો કે ચોથો યુવક થોડીવારમાં જ બોટમાંથી ઉતરી ગયો હતો. જ્યારે બાકીના ત્રણ યુવાન પાણીમાં ઉતર્યા હતા. આ દરમિયાન બોટ ઉંધી વળી જતા ત્રણેય યુવક ડૂબી ગયા હતા. જેમાંથી બે યુવકના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા. જ્યારે એક યુવકની શોધખોળ અંધારું થઈ ગયું હોવા છતાં ચાલુ રાખવામાં આવી હતી. આ ઘટનાની જાણ થતાં જ સ્થાનિકોના ટોળે-ટોળા ઘટના સ્થળે દોડી આવ્યા હતા. સ્થાનિકોએ પ્રહલાદનગર ફાયર સ્ટેશનને જાણ કરતા ફાયર વિભાગની ટીમ પણ ઘટના સ્થળે દોડી આવી હતી અને બચાવ કામગીરી હાથ ધરી હતી. ફાયરની ટીમ દ્વારા તળાવમાંથી 2 યુવકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા. મૃતકોમાં 18 વર્ષના પપ્પુ ચાવડા અને 21 વર્ષીય વિશાલ કિશોર ચાવડાનો સમાવેશ થાય છે. જ્યારે એક 1 છોકરાની શોધખોળ ચાલી રહી છે.

# સેવન્થ ડે સ્કૂલમાં હત્યા કેસમાં CCTV ફૂટેજથી ખુલ્લી પડી બેદરકારીની પોલ

**અમદાવાદ**

સેવન્થ ડે એડવેન્ટિસ્ટ હાયર સેકન્ડરી સ્કૂલમાં 19 ઓગસ્ટ 2025ના રોજ ધોરણ 10ના વિદ્યાર્થી નયન સંતાનીની હત્યાની ઘટનાને 15 દિવસ વીતી ગયા છે, અને હવે આ કેસમાં એક ચોંકાવનારા સીસીટીવી વીડિયો સામે આવ્યા છે. આ વીડિયોમાં નયન ઈજાગ્રસ્ત હાલતમાં શાળાના ગેટથી અંદર આવતો જોવા મળે છે, જે શાળા વ્યવસ્થાની બેદરકારીને ઉજાગર કરે છે અને સમાજમાં આક્રોશ વધારે છે. જે પોલીસ તપાસમાં નવા તથ્યોને ઉજાગર કરે છે. સામે આવેલા સીસીટીવી ફૂટેજમાં બપોરે 12:53 વાગ્યે નયન પીળા ટી-શર્ટ અને સફેદ પેન્ટમાં શાળાના મુખ્ય દ્વારથી અંદર પ્રવેશ કરતો દેખાય છે, જ્યારે તેની સાથે ત્રણ-ચાર અન્ય વિદ્યાર્થીઓ પણ છે. શાળા બહાર થયેલા ઝઘડામાં બોક્સ કટરથી ઈજા થયા બાદ તે પેટના ભાગે હાથ દબાવીને ચાલી રહ્યો છે, અને લોહી વહી રહ્યું છે. આ સમયે શાળામાં વિદ્યાર્થીઓની અવરજવર છે અને સિક્યોરિટી ગાર્ડ પણ ત્યાં હાજર છે, પરંતુ કોઈ તરફથી તાત્કાલિક મદદ મળતી નથી.

### સ્કૂલ હાઈકોર્ટના શરણે, DEOના નિર્ણયને પડકાર

અમદાવાદ : અમદાવાદની સેવન્થ ડે એડવેન્ટિસ્ટ સ્કૂલમાં થોડા દિવસ પહેલા જ એક વિદ્યાર્થી દ્વારા સગીરની હત્યાના વિવાદમાં સેવન્થ ડે સ્કૂલને અમદાવાદ શહેર ડીઇઓ તરફથી ફટકારવામાં આવેલી કારણદર્શક નોટિસ અને તેની કાયદેસરતાને વિવાદીત સ્કૂલ તરફથી ગુજરાત હાઇકોર્ટમાં પડકારવામાં આવી છે.

# પુત્રને દેવુ કરી કેનેડા ભણવા મોકલ્યો, પણ તે ઘડપણનો સહારો બનવાને બદલે હત્યારો બન્યો

## લગ્ન નહીં કરવા મુદ્દે પુત્ર તકરાર કરતો હતો : ધક્કો મારતા માતાનું મોત

**અમદાવાદ**

સોલાના વર્ધમાન કૃપા ફ્લેટમાં રહેતા વ્રજ, જે 2018 થી 2024 દરમિયાન સ્ટુડન્ટ વિઝા પર કેનેડા રહ્યો હતો, તે ભારત પરત ફર્યા બાદ કોઈ કામધંધો કરતો નહોતો. આ કારણે તેના લગ્ન થઈ રહ્યા નહોતા. આ બાબતે તે અવારનવાર તેના માતા-પિતા અને બહેન સાથે ઝઘડા કરતો હતો. મંગળવારની રાત્રે જ્યારે તેની બહેન નકશી તેની માતા પારૂલબેનના પગમાં દુખાવો થતો હોવાથી બરફ ઘસી રહી હતી, ત્યારે વ્રજે ફરીથી લગ્નનો મુદ્દો ઉઠાવ્યો. તેણે ગુસ્સામાં આવીને માતાને કહ્યું કે, "તમે અને મારા પપ્પા લગ્ન કેમ નથી કરાવતા? મારા માટે છોકરી શોધી આપો." આટલું કહીને તેણે પારૂલબેનની પીઠ પર જોરદાર મુક્કો માર્યો હતો. મુક્કાના કારણે પારૂલબેનને અસહ્ય પીડા થઈ અને તેઓ નીચે ફસડાઈ પડ્યા હતા. તેમની દીકરી નકશીએ પાડોશીની મદદથી તેમને સોલા સિવિલ હોસ્પિટલ લઈ ગઈ. જોકે, સારવાર દરમિયાન પારૂલબેનનું દુઃખદ અવસાન થયું હતું. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં જાણવા મળ્યું કે, મુક્કાના કારણે તેમની બરોળ ફાટી ગઈ હતી અને આંતરિક રક્તસ્ત્રાવને કારણે શરીરમાં લોહી પ્રસરી ગયું હતું, જે તેમના મૃત્યુનું કારણ બન્યું. ઘટના બાદ પારૂલબેનના પતિ મયંકભાઈએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. તેમણે જણાવ્યું કે, તેમણે પુત્રને પગભર કરવા માટે દેવું કરીને તેને કેનેડા ભણવા મોકલ્યો હતો, પરંતુ તે ઘડપણનો સહારો બનવાને બદલે હત્યારો બની ગયો. આ ઘટનાથી આખો પરિવાર ગહેરા આઘાતમાં છે. પોલીસે પુત્ર વ્રજ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધીને તેની ધરપકડ કરી છે

# ગુજરાતમાં 500થી વધુ લોકો આપમાં જોડાયા, ભાજપ અને કોંગ્રેસને ફટકો

**નર્મદા**

તિલકવાડા તાલુકામાં કંથરપુરા ગામ ખાતે આમ આદમી પાર્ટીની ગુજરાત જોડો જનસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નર્મદા જિલ્લા ભારતીય જનતા પાર્ટીમાંથી જિલ્લા પંચાયત ઉપ પ્રમુખ તરીકે ચૂંટાયેલા અને બે વાર તાલુકા પંચાયતમાં ચૂંટાયેલા દિનેશભાઈ રામાભાઈ તડવીએ ભાજપ સાથે છેડો ફાડી પોતાના સમર્થકો સાથે આપનો ખેસ ધારણ કર્યો હતો. આ સાથે સાથે આજુબાજુ ગામના માજી સરપંચ, ડેપ્યુટી સરપંચ, ગ્રામ પંચાયતના સભ્યો અને કંથરપુરા, મરસણ, વાસણ, વીરપુર, રેગણ કોલોની, વડીયા ટેકરા, ધાણીખોર, ડાભેડ, કાટકોઈ, વ્યાધર જેવા આજુબાજુના ગામોમાંથી યુવાઓ અને ગામના વડીલોએ પણ ભાજપ અને કોંગ્રેસનો છેડો ફાડ્યો અને 500થી પણ વધુ લોકોએ આમ આદમી પાર્ટીનો ખેસ ધારણ કર્યો હતો. આપમાં જોડાવવા અંગે તેમણે કહ્યું હતું કે, આમ આદમી પાર્ટીના ડેડિયાપાડાના ધારાસભ્ય અને આદિવાસી સમાજના લોકપ્રિય નેતા ચૈતર વસાવાની વિચારધારા, આમ આદમી પાર્ટીની પ્રામાણિક રાજનીતિ, વિચારધારા અને પાર્ટીએ જે કામગીરી છે તેનાથી પ્રેરિત થઈને આ તમામ નેતાઓ આગેવાનો અને યુવાનો પાર્ટીમાં જોડાયા હતા.

# ગુજરાતની સ્કૂલોમાં 40000 શિક્ષકોની જગ્યાઓ ખાલી, 5612 સ્કૂલોને તાળા વાગ્યા

**વડોદરા**

રાજ્યમાં શિક્ષણનું સ્તર કથળી રહ્યું છે તે હવે નવી વાત નથી.શાળા કોલેજોમાં ૧૫ વર્ષથી પીટીના શિક્ષકો અને લાઈબ્રેરિયનની ભરતી કરવામાં આવી નથી.ગુજરાતમાં સ્કૂલોમાં ૪૨૦૦૦ ઓરડાઓની ઘટ છે.૪૦૦૦૦થી વધુ શિક્ષકોની જગ્યાઓ ખાલી પડી છે અને ૨૯૩૬ સ્કૂલો એક જ શિક્ષકથી ચાલે છે.૫૬૧૨ સ્કૂલોને ભાજપ સરકારના શાસનમાં તાળા વાગી ગયા છે તેમ કોંગ્રેસના મુખ્ય પ્રવક્તાએ આજે વડોદરામાં પત્રકાર પરિષદમાં કહ્યું હતું. તેમણે કહ્યું હતું કે, સ્કૂલોમાં ધો ૧ થી ૫માં ૪૫ લાખ વિદ્યાર્થીઓ છે અને તેની સામે માધ્યમિકમાં વિદ્યાર્થીઓ ઘટીને ૧૭ લાખ અને ઉચ્ચતર માધ્યમિકમાં ૧૦ લાખ જ વિદ્યાર્થીઓ થઈ ગયા છે.

# અમદાવાદમાં ઓવરસ્પીડથી 1635 અકસ્માત, 515ના મોત

## કાર, ટ્રક, બસ કરતાં રિક્ષાના અકસ્માત વધુ, ટૂ-વ્હીલર ચાલક-રાહદારીઓના અકસ્માતમાં સૌથી વધુ મોત



અમદાવાદ : બેદરકારીભરી ડ્રાઈવીંગને લીધે ગુજરાતમાં માર્ગ અકસ્માતની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. રોડ એક્સીડેન્ટ ઈન ઈન્ડિયા 2023ના રિપોર્ટમાં એવા ચોંકાવનારા તારણો રજૂ થયાં છે કે, ઓવરસ્પીડને લીધે સૌથી વધુ માર્ગ અકસ્માત થઈ રહ્યાં છે. આ ઉપરાંત ગુજરાતમાં અકસ્માતના મૃત્યુદરમાં 5.4 ટકાનો વધારો નોંધાયો છે. વર્ષ 2023માં કુલ 16,349 અકસ્માત થયાં, જેમાં 7845 લોકોએ જીવ ગુમાવ્યો હતો તે પૈકી અમદાવાદ શહેરમાં ઓવરસ્પીડથી વધુ અકસ્માત થયાં હોવાનો ઘટસ્ફોટ થયો છે. જ્યારે શહેરમાં અકસ્માતમાં રાહદારી અને ટુ વ્હિલર સવારોના સૌથી વધુ મોત નિપજ્યાં હતાં. રોડ એક્સીડેન્ટ ઈન ઈન્ડિયા 2023ના રિપોર્ટમાં એ વાત સામે આવી છે કે, બેફામ ડ્રાઈવીંગને કારણે નિર્દોષ લોકો જીવ ગુમાવ રહ્યાં છે. અમદાવાદ શહેરમાં 518 અકસ્માત થયાં, જેમાં 236 રાહદારીઓએ જીવ ગુમાવ્યા હતાં. આ ઉપરાંત 47 અકસ્માત થયાં જેમાં 26 સાઈકલસવારોના મૃત્યુ થયાં હતાં. જ્યારે 998 અકસ્માત થયાં તેમાં 222 ટુ વ્હિલર ચાલકોએ જીવ ગુમાવ્યો હતો. રિપોર્ટમાં એ વાત ઘટસ્ફોટ થયો છે કે, વરસાદી માહોલ અને ધુમ્મસભર્યા વાતાવરણ કરતાં સુકા-સ્વચ્છ વાતાવરણમાં અમદાવાદમાં વધુ અકસ્માત નોધાયા છે. સુકા-સ્વચ્છ વાતાવરણમાં 1718 અકસ્માત થયાં જેમાં 512 લોકોએ જીવ ગુમાવ્યા હતાં. આ ઉપરાંત વરસાદી માહોલમાં 48 અકસ્માત થયાં જેમાં 23 લોકોના મોત નિપજ્યાં હતાં. અમદાવાદમાં કાર, ટ્રક, બસ કરતાં રીક્ષાથી થતાં અકસ્માતનુ પ્રમાણ વધુ છે. અકસ્માતનું સૌથી મોટું કારણ ઓવરસ્પીડ બની રહ્યુ છે. ઓવરસ્પીડને લીધે 1664 અકસ્માત થયાં હતાં, જેમાં 515 લોકોના મૃત્યુ થયા હતાં. દારૂ પીને ડ્રાઈવીંગ કરતાં 22 અકસ્માત થયા હતાં જેથી 2 જણાંના મોત થયા હતાં. અમદાવાદમાં બ્રિજ અને વણાંકભર્યા રસ્તા કરતાં સીધા માર્ગ વધુ અકસ્માત થઈ રહ્યાં છે.

# નવસારીમાં સામૂહિક આપઘાત : એક જ પરિવારના ત્રણે ફાંસો ખાધો, 3 વર્ષની દીકરી અનાથ બની

## કોરોના બાદ યુવક માનસિક અસ્થિર થયો, પુત્રની લાશ જોઈને માતાપિતાએ પણ આત્મહત્યા કરી

**નવસારી**

વાંસદાના મોળાઆંબા ગામે એક જ પરિવારના ત્રણ સભ્યોએ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ છે. ગામની સીમમાં આવેલ વૃક્ષ પર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે.

મોળાઆંબા ગામમાં ગોપજી ઘોટાળ ખેતી કરીને ગુજરાન ચલાવે છે. તેમના પુત્ર યોગેશને એક વર્ષ પહેલા કોરોના થયો હતો. કોરોનામાંથી યોગેશ રિકવર તો થઈ ગયો, પણ તે માનસિક રીતે અસ્થિર થઈ ગયો. આ કારણે તેણે ત્રણવાર આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ માતાપિતાએ તેના પર ધ્યાન આપતા ત્રણેયવાર તે બચી ગયો હતો. પરંતુ આખરે માતાપિતાની નજર ચૂકવીને તેણે ફરીથી મોતનો રસ્તો અપનાવ્યો હતો. માતાપિતાની નજર ચૂકવીને તે ઘરથી બહાર નીકળ્યો હતો અને ઘરથી થોડે દૂર આવેલા આંબાના ઝાડ પર ગળે ફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું હતું. કલાકો સુધી પુત્રના ખબર ન મળતા માતાપિતાએ તેની શોધ ચલાવી હતી. જેથી આંબાના ઝાડ પર તેની લટકતી લાશ મળી આવી હતી. આ જોઈને માતાપિતા આઘાતમાં સરી પડ્યા હતા. પુત્ર વગર જીવી નહિ શકે તે જોઈ તેમણે પણ એ જ વૃક્ષ પર લટકીને મોત વ્હાલુ કર્યું હતું.

માતા-પિતા અને ભાઈએ ફોન રિસીવ ન કરતાં ગોપાળ ઘાટજીની બીજી દીકરી ચિંતામાં મુકાઈ હતી. આખરે ગામમાં તેમની શોધખોળ કરાતા એક જ વૃક્ષ પર ત્રણેયની લટકતી હાલતમાં લાશ મળી આવી હતી.

# ત્રણ દિવસ માટે વિધાનસભાનું સત્ર યોજાશે, સરકાર 5 વિધેયક રજૂ કરશે

**ગાંધીનગર**

રાજ્યમાં આગામી 8થી 10 સપ્ટેમ્બર, 2025 દરમિયાન 15મી ગુજરાત વિધાનસભાનું સાતમું સત્ર યોજાશે. 8મી સપ્ટેમ્બરના રોજ સત્રની શરુઆત પ્રશ્નોતરીથી થશે ત્યારબાદ સમગ્ર દિવસ દરમિયાન શોકદર્શક પ્રસ્તાવો પર ચર્ચા થશે. ત્યારબાદ ગૃહ મુલતવી રાખવામાં આવશે. તારીખ 9 અને 10ના રોજ વિધાનસભામાં પ્રશ્નોતરી અને અન્ય કામકાજ ઉપરાંત 5 વિધેયક રજૂ કરાશે. સત્ર દરમિયાન શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગનું 'કારખાના વિધેયક, 2025', નાણા વિભાગનું 'ગુજરાત માલ અને સેવા કર (દ્વીતિય સુધારા) વિધેયક, 2025', ઉદ્યોગ અને ખાણ વિભાગનું 'ગુજરાત જનવિશ્વાસ (જોગવાઈઓના સુધારા) વિધેયક', 2025 તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનું 'ગુજરાત વૈદ્યક વ્યવસાયીઓનું (સુધારા) વિધેયક, 2025' અને 'ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ વિધેયક, 2025' રજૂ કરવામાં આવશે. વિધેયકની વિગતો આપતાં ઋષિકેશ પટેલે જણાવ્યું હતુ કે, રોજગારની વધુ તકો ઊભી કરવા માટે રાજ્ય સરકારે કામદારો માટે ખાસ કરીને મહિલા કર્મચારીઓ માટે આવશ્યક લાભો-સુરક્ષાના પગલાંઓ સબંધી કાયદાકીય જોગવાઈઓ કરીને કામના કલાકોમાં સુધારા લાવવા માટે પગલાં લેવા જરૂરી હોઈ વટહુકમ લાવવામાં આવ્યો હતો.

# ગુજરાત HCનો ચુકાદો : ઓસ્ટ્રેલિયાની કોર્ટનો છુટાછેડાનો આદેશ રદ કરી દીધો

**અમદાવાદ**

અમદાવાદમાં વર્ષ 2008માં લગ્ન કરીને થોડા સમય બાદ એક દંપતી ઓસ્ટ્રેલિયા ગયા હતા. જ્યાં બંને દંપતી વચ્ચે મતભેદ થતાં પતિએ ઓસ્ટ્રેલિયાની ફેડરલ સર્કિટ કોર્ટ સમક્ષ છૂટાછેડા લીધા હતા. સમગ્ર મામલે પત્નીએ ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેને લઈને હાઈકોર્ટે ઓસ્ટ્રેલિયાની કોર્ટનો છૂટાછેડાનો આદેશ રદ કર્યો હતો. હાઈકોર્ટે જણાવ્યું હતું કે, હિન્દુ મેરેજ એક્ટ હેઠળ થયેલા લગ્નોને વિદેશી અદાલતો ત્યાંના કાયદા મુજબ રદ્દ કરી શકતી નથી. અધિકાર માત્ર ભારતની કોર્ટ પાસે છે.

ગુજરાત હાઈકોર્ટે એક કેસમાં મહત્ત્વપૂર્ણ ચૂકાદો આપ્યો છે. જેમાં ઓસ્ટ્રેલિયન કોર્ટ દ્વારા આપવામાં આવેલા છૂટાછેડાના હુકમને હાઈકોર્ટે રદ્દ કરતાં પત્નીની અરજી મંજૂર કરી હતી. જ્યારે હાઈકોર્ટે ફેમિલી કોર્ટને દંપતીના લગ્નના હક પુન:સ્થાપિત કરવાનો આદેશ કર્યો છે. સમગ્ર મામલે પત્નીએ ઓસ્ટ્રેલિયન કોર્ટ સમક્ષ પતિ દ્વારા દાખલ કરાયેલી અરજી પર કોઈ અધિકારક્ષેત્ર લાગુ પડતો ન હોવાનો દાવો કર્યો હતો. જોકે, ઓસ્ટ્રેલિયન કોર્ટે પત્નીની વાંધો ફગાવીને છૂટાછેડા મંજૂર કર્યા હતા. સમગ્ર મામલે કેસ હાઈકોર્ટમાં આવ્યો હતો.

# સુરતમાં 13માં માળેથી કૂદીને માતાએ પુત્ર સાથે કર્યો આપઘાત, પોલીસે પતિની કરી પૂછપરછ

**સુરત**

સુરતમાં 3 વર્ષના પુત્રને લઈ માતાએ કૂદીને આપઘાત કર્યો છે, ત્યારે આપઘાત પાછળનું કારણ અકબંધ છે, મહત્વનું છે કે, પતિ સાથે ઝઘડો થતા પત્નીએ આપઘાત કર્યો હોઈ શકે છે, આ કેસમાં પોલીસને કોઈ સ્યુસાઈડ નોટ પણ મળી નથી, અલથાણા પોલીસે સમગ્ર કેસમાં ગુનો નોંધીને મૃતદેહને પીએમ માટે ખસેડયો છે.

ળતી માહિતી મુજબ, મૃતક મહિલા પૂજાબેન પટેલ (30) અને તેમનો પુત્ર ક્રિશિવ (3) ભીમરાડની માર્તન્ડ હિલ્સના A વિંગમાં છઠ્ઠા માળે રહેતા હતા. તેમના પતિ વિલેષકુમાર પટેલ લુમ્સનું કારખાનું ચલાવે છે. મોડી સાંજે પૂજાબેન તેમના પુત્ર સાથે તે જ બિલ્ડિંગના C વિંગમાં 13મા માળે ડ્રેસ સિવડાવવા ગયા હતા. આ દરમિયાન, કોઈ અગમ્ય કારણોસર બંને 13મા માળેથી નીચે પટકાયા. CCTV ફૂટેજમાં પહેલા બાળક નીચે પડતું જોવા મળ્યું, અને થોડી જ ક્ષણોમાં મહિલા પણ નીચે પટકાઈ હતી. આ ઘટના બિલ્ડિંગના ગણેશ મંડપ નજીક જ બની હતી, જેના કારણે તાત્કાલિક લોકો ભેગા થયા અને પોલીસને જાણ કરવામાં આવી. બંનેને ગંભીર ઈજાઓ થતાં ઘટનાસ્થળે જે તેમનું મોત થયું હતું.

આ ઘટના બાદ પરિવારજનોના નિવેદનોએ પરિસ્થિતિને વધુ ગૂંચવી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં માતા-પુત્રના આપઘાતની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, મૃતકના પિયર અને સાસરા પક્ષ વચ્ચે મૃતદેહના પોસ્ટમોર્ટમ સમયે સિવિલ હોસ્પિટલ બહાર ઉગ્ર બોલાચાલી પણ થઈ હતી. મૃતકના સાસરા પક્ષનો દાવો છે કે, બાળક નીચે પડી જતાં તેને બચાવવાના પ્રયાસમાં મહિલા પણ નીચે પટકાઈ હતી.

# વસ્ત્રાપુરમાં જીએએસ કેડરના સરકારી અધિકારીએ આત્મહત્યા કરતા ચકચાર

**અમદાવાદ**

ગાંધીનગર સચિવાલયમાં ફરજ બજાવતા ગુજરાત એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ(GAS) કેડરના એક સરકારી અધિકારી અમદાવાદના વસ્ત્રાપુર વિસ્તારમાં આત્મહત્યા કરી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે.

આ ઘટના વસ્ત્રાપુરની સરકારી વસાહતમાં બની છે, જ્યાં આ અધિકારી છેલ્લા ૧૧ વર્ષથી એકલવાયું જીવન જીવતા હતા. આજે તેઓએ પોતાના ઘરે ગળે ફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું છે. પ્રાથમિક તપાસમાં એકલતા આ આત્મહત્યા પાછળનું કારણ હોવાનું મનાય છે. જોકે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મૃત્યુનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

GAS કેડરના સરકારી અધિકારી મનોજકુમાર પોપટલાલ પૂજારા ગાંધીનગર સચિવાલય ખાતે GAS કેડરના અધિકારી તરીકે ફરજ બજાવતા હતા. જેઓએ આજે (૪ સપ્ટેમ્બર)વહેલી આત્મહત્યા કરી હોવાનું સામે આવ્યું છે. મનોજકુમારનો ડ્રાઈવર રોજની જેમ તેમને લેવા માટે સવારે ઘરે પહોંચ્યો હતો. જ્યાં ડ્રાઈવરે પહેલા તેમને ફોન કર્યો, પરંતુ મનોજકુમારે ફોન ન ઉપાડતા તેણે ઘરનો દરવાજો ખોલ્યો હતો. દરવાજો ખોલતાં જ ડ્રાઈવરની સામે મનોજકુમારનો મૃતદેહ લટકતો જોવા મળ્યો હતો.

# બાવળા નગરપાલિકાના મહિલા પ્રમુખે યુવકને લાફો મારી દીધો

**અમદાવાદ**

બાવળા નગરની હાલની પરિસ્થિતિ ખૂબ જ ખરાબ હોવાથી અવારનવાર રજૂઆત કરવા છતાં કોઈપણ જાતનો નિકાલ આવતો નથી. નગરપાલિકામાં ફરિયાદ કરનારા સામાજિક કાર્યકરો અને વિપક્ષના નેતાઓ સામે ભાજપના કોર્પોરેટરો અને કાર્યકરો ફરિયાદો કરતા હોય છે. ત્યારે મહિલા મેયરે યુવકને લાફો મારી દેતા મામલો બિચક્યો હતો. સોસાયટીના રહિશો નગરપાલિકાના પ્રમુખ સામે કાર્યવાહી કરવા માટે પોલીસ સ્ટેશન પહોંચ્યા હતાં. લોકોની રજૂઆતને આધારે બાવળા પોલીસે ગુનો નોંધ્યો હતો.

# બિલ્ડરની ઓડી કાર લગ્નમાં લઈ જવાનું કહી મિત્રએ વેચી દીધી

**અમદાવાદ**

નિકોલમાં રહેતા પ્રદીપસિંહ જેતાવત કન્ટ્રક્શનનો ધંધો કરે છે. પ્રદીપસિંહને કાર લેવાની હોવાથી શુભમને વાત કરતા ગત ૧૦ જુલાઈએ ૨૦૨૪માં શુભમ ઓડી કાર લઈને બતાવવા આવ્યો હતો. જેમાં તેણે કહ્યું કે એક વર્ષ પહેલાં કલોલના સોલંકી સરફરાજ પાસેથી રૂ. ૧૦.૫૦ લાખમાં ખરીદી છે અને તેના હજુ બે લાખ આપવાના બાકી છે. જે બાદ ૧૪ ઓક્ટોબર ૨૦૨૪એ શુભમે બે દિવસ લગ્નમાં કાર લઈ જવાનું કહી કાર લઈ ગયો હતો અને પરત આપતો ન હતો. પ્રદીપસિંહે તપાસ કરતા શુભમે વેચી દીધી હોવાનું બહાર આવ્યું હતું.

# પિતૃઓનું ઋણ ચૂકવવાનો સમય : શ્રાદ્ધ



આપણા શાસ્ત્રોમાં શ્રાદ્ધની વ્યાખ્યા કરી છે કે, પિતૃઓ માટે આપણે જે કંઈ કાર્ય શ્રદ્ધાથી કરીએ એ જ શ્રાદ્ધ. શ્રાદ્ધમાં શ્રદ્ધા હોવી જરૂરી છે. મનુષ્ય માત્ર ઉપર મુખ્ય ત્રણ પ્રકારના ઋણ હોય છે. દેવ ઋણ, આચાર્ય ઋણ અને પિતૃ ઋણ. શ્રાદ્ધનો ભાવ એ છે કે પિતૃઓને આપણે સાચું શ્રદ્ધા સુમન સમર્પિત કરીએ અને આ જ શ્રદ્ધા સુમન સમર્પિત કરવાનો ભાવ શ્રાદ્ધમાં છે. શ્રાદ્ધની પરંપરા છે એ સૃષ્ટિનાં આરંભમાં 'બ્રહ્માજી' એ શરૂ કરી હતી.

મહાભારત શાંતિ પર્વના દાન-ધર્માનુશાસન પર્વમાં પણ શ્રાદ્ધનો મહિમા વર્ણવ્યો છે. યુધિષ્ઠિરે ભિષ્મ પિતામહને પ્રશ્ન પૂછયો કે, ''હે પિતામહ શ્રાદ્ધની ઉત્પત્તિ કેવી રીતે થઈ ?'' ત્યારે એનો જવાબ આપતાં ભિષ્મ પિતામહ યુધિષ્ઠિરને જણાવે છે કે, પિતૃઓનું સાચું શ્રદ્ધા સુમન સમર્પિત કરવા માટે સૃષ્ટિના આરંભકાળે બ્રહ્માજીએ જ શ્રાદ્ધની ઉત્પત્તિ કરી હતી.

શ્રાદ્ધની જે વિધિ છે એ પણ બ્રહ્માજીએ જ સૌ પ્રથમ સૃષ્ટિ લોકમાં પ્રચલિત કરી છે. બ્રહ્માજીએ સૃષ્ટિ લોકમાં ઘોષણા કરી કે, ''પિતૃઓને પિંડ દાન શ્રાદ્ધ દ્વારા આપી શકાશે.'' એ પછી મૃત્યુ લોકમાં સૌથી પહેલામાં પહેલું શ્રાદ્ધ 'નિમિ રાજા' એ કર્યું છે અને ત્યારથી જ આ શ્રાદ્ધની પરંપરા પૃથ્વી લોક ઉપર ચાલી આવી છે. શ્રાદ્ધ દેવલોકમાં પણ થાય છે અને મૃત્યુ લોકમાં પણ થાય છે. વળી અમુક તિથિઓમાં એના સમયે શ્રાદ્ધ કરવાનું વિશિષ્ટ ફળ છે. જેમકે ભાદરવા માસ - આખો મહિનો કે જેમાં શુક્લ પક્ષ એ દેવોનો અને કૃષ્ણ પક્ષ એ પિતૃઓનો ગણાય છે.હવે કૃષ્ણ પક્ષમાં એકમનું શ્રાદ્ધ છે તે સંતતિ પ્રદાન કરવાવાળું છે. આ શ્રાદ્ધ જે વ્યક્તિ કરે તેને પિતૃઓની કૃપાથી વંશ વૃદ્ધિ પ્રાપ્ત થાય છે.

અમાવસ્યાનું શ્રાદ્ધ એ સર્વ મનોકામના પૂર્ણ કરવાવાળું શ્રાદ્ધ છે. શ્રાદ્ધ પક્ષમાં ''કાગવાસ'' નાંખવામાં આવે છે તેનું પણ ખાસ મહત્વ છે. આપણા પુરાણોની દ્રષ્ટિએ જોઈએ તો કાગડાનું આયુષ્ય આશરે બસ્સો વર્ષનું છે, એટલે કાગડાએ આપણા પૂર્વજોને જોયાં છે એમ માનવામાં આવે છે, તેથી વાસ નાંખવાનો મહિમા છે, અને ભાદરવા મહિનામાં જ કાગડાની પત્ની એટલે કાગડી સગર્ભા બનતી

હોય છે. આ કાગડીને પુરતું અન્ન મળી રહે એ તૃપ્ત થાય એના માટેની આ ઋષિ મુનિઓની એક વ્યવસ્થા છે કે પિતૃઓના માધ્યમથી પણ પક્ષીઓ તૃપ્ત થાય છે. વળી શાસ્ત્રોમાં એવો પણ એક મત છે - માન્યતા છે કે, કાગડાના ચરકમાંથી 'વટ વૃક્ષ' અને 'પીપળા' ના વૃક્ષનું સર્જન થયું છે. એમાં પણ ખાસ કરીને પીપળાનું વૃક્ષ એ બધા જ વૃક્ષોમાં સૌથી વધારે ઓક્સિજન આપવાવાળું વૃક્ષ છે. તેથી આ એક વ્યવસ્થા છે કે ઓક્સિજન પણ સારી રીતે પૃથ્વી પર જળવાઈ રહે અને પક્ષીઓ પણ તૃપ્ત થાય.

શ્રાદ્ધમાં દૂધપાક કે ખીર ખાવાનું મહત્વ છે. ભાદરવા મહિનામાં કૃષ્ણ પક્ષથી આરંભી અને શરદ પૂર્ણિમા સુધી આપણે ત્યાં દૂધ સેવનનું મહત્વ એટલા છે કે આયુર્વેદની રીતે જોઈએ તો એસિડિટી જેવા રોગોનો પણ નાશ એ દૂધથી થાય છે. વિષ્ણુ પુરાણ અનુસાર દૂધપાકનું ભોજન અને પિતૃઓને તૃપ્ત કરવાવાળું છે.

પિતૃઓને જ્યારે પરિવાર ઉપર કૃપા થાય છે ત્યારે ધન-ધાન્ય અને સંતતિની પ્રાપ્તિ થતી હોય છે. શ્રાદ્ધમાં કયા કયા કર્મો કરવા ? તો જ્યારે શ્રાદ્ધ પક્ષ ચાલતો હોય તો ઘરમાં ક્લેશ-કંકાસ કરવો નહીં.

# ટોરોન્ટોમાં મજૂર દિવસે રેલી : હુમલા સામે લડતનું આહવાન

## ટેરિફ અને વર્તમાન સરકારીની નીતિઓને કારણે કામદારોને ઉત્તમ વેતન મળવામા વિઘ્ન આવી રહ્યાનો યુનિયનનો આરોપ

ટોરોન્ટો : સોમવારે ટોરોન્ટોના ડાઉનટાઉનમાં વાર્ષિક મજૂર દિવસ પરેડ માટે GTA ના કામદારો અને યુનિયનના સભ્યો એકઠા થયા હતા. આ વર્ષની ઉજવણીમાં યુનિયન નેતાઓએ કામદારોના અધિકારો પરના તમામ હુમલાઓ સામે સંયુક્ત મોરચો બનાવવા હાકલ કરી હતી.

મજૂર નેતાઓએ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ અને વડા પ્રધાન માર્ક કાર્નીની સરકાર દ્વારા હડતાળનો અંત લાવવા માટે કેનેડા લેબર કોડના ઉપયોગ કરવા તરફ સૌનું ધ્યાન દોર્યું હતુ, જેમાં તેઓએ કહ્યું હતુ કે, તે કામદારોની વધુ સારા વેતન માટે સોદાબાજી કરવાની ક્ષમતાને નુકસાન પહોંચાડી રહી છે. આપણે અભૂતપૂર્વ હુમલાઓનો સામનો કરી રહ્યા છીએ, જેમાં ટ્રમ્પના ટેરિફ, જોડાણની ધમકીઓ અને એક ફેડરલ સરકારનો સમાવેશ થાય છે, જે કામદારોને વાજબી સોદો કરવાની મંજૂરી આપશે નહીં," ટોરોન્ટો અને યોર્ક રિજન લેબર કાઉન્સિલના કોમ્યુનિકેશન અને ડેટા કોઓર્ડિનેટર જ્યોર્ડી ડેન્ટે પરેડમાં જણાવ્યું હતું.

ગયા વર્ષ દરમિયાન, ફેડરલ સરકારે શ્રમ વિવાદોનો અંત લાવવા માટે કેનેડા લેબર કોડની કલમ 107નો અનેક વખત ઉપયોગ કર્યો હતો. કારણ કે, વેતન કામદારો અને નોકરીદાતાઓ વચ્ચેના વિવાદનો મુખ્ય મુદ્દો રહ્યો છે. તાજેતરમાં ફેડરલ રોજગાર મંત્રી પેટી હજદુ દ્વારા એર કેનેડાના કર્મચારીઓને નોકરી છોડી દીધાના બાર કલાકથી ઓછા સમયમાં કામ પર પાછા મોકલવા માટે આ જોગવાઈનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહી છતાં એર કેનેડાના કામદારોનું પ્રતિનિધિત્વ કરતું યુનિયન, કેનેડિયન યુનિયન ઑફ પબ્લિક એમ્પ્લોઇઝ (CUPE), 19 ઓગસ્ટના રોજ કામચલાઉ કરાર ન થાય ત્યાં સુધી ધરણા પર પાછુ ફર્યું હતુ. કેનેડા પોસ્ટ વર્કર્સનું પ્રતિનિધિત્વ કરતા યુનિયને જણાવ્યું હતું કે ફેડરલ સરકારની આ વ્યૂહરચના સૌથી સંવેદનશીલ કામદારોને નુકસાન પહોંચાડે છે.

# CRAને 'અસ્વીકાર્ય' સેવા સુધારવા યોજનાની ફરજ પડાય છે : મંત્રી

**ટોરોન્ટો**

ફેડરલ સરકારના નાણામંત્રીએ કહ્યું હતુ કે, કેનેડા રેવન્યુ એજન્સી (CRA) ને "અસ્વીકાર્ય" સ્તરની સેવાઓ સુધારવા માટે 100 દિવસની યોજના બનાવવાની ફરજ પાડવામાં આવી રહી છે. નાણા અને રાષ્ટ્રીય મહેસૂલ મંત્રી ફ્રાન્કોઈસ-ફિલિપ શેમ્પેને CRA સાથેના મુખ્ય મુદ્દાઓની રૂપરેખા આપી હતી. કારણ કે, તેમણે કહ્યું હતું કે, કેનેડિયનો "વિશ્વસનીય અને સમયસર સેવાની અપેક્ષા રાખે છે અને લાયક છે. મહેનતી CRA કર્મચારીઓના સમર્પણ છતાં, તે વધુને વધુ સ્પષ્ટ થઈ રહ્યું છે કે, એજન્સી તે ધોરણને પૂર્ણ કરી રહી નથી. મંત્રી ફ્રાન્કોઈસ-ફિલિપ શેમ્પે કહ્યું કે, CRA કોલ સેન્ટરોમાંથી કેનેડિયનો જે સેવા વિલંબ અને ઍક્સેસ પડકારોનો અનુભવ કરી રહ્યા છે તે અસ્વીકાર્ય છે. અમે આ મુદ્દાને ખૂબ ગંભીરતાથી લઈએ છીએ. તેથી જ અમે એજન્સીને સેવાઓને મજબૂત કરવા, ઍક્સેસ સુધારવા અને વિલંબ ઘટાડવા માટે 100 દિવસની યોજના અમલમાં મૂકવાનો નિર્દેશ આપ્યો છે. જૂનમાં, એક ફેડરલ વોચડોગે CRA પરના ઘણા અહેવાલોમાંથી નવીનતમ ફાઈલ કર્યો હતો, જેમાં તારણ કાઢ્યું હતું કે, ટેક્સ એજન્સીને એવી માહિતી પૂરી પાડવાની જરૂર છે. એવા કિસ્સાઓમાં જ્યાં તેઓ એજન્ટ સુધી પહોંચી શકતા હતા, તેમને "અપૂર્ણ, અચોક્કસ અથવા અસ્પષ્ટ" માહિતી પૂરી પાડવામાં આવી હતી, એમ અહેવાલમાં જણાવાયું છે.

# ઓન્ટેરિયોમાં વીજવપરાશ સૌથી વધુ ઊંચા સ્તરે

## 2025ના જુલાઈના અંતિમ દિવસોમાં વીજળીની માંગ 24 મેગાવોટને આંબી ગઈ

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયોની પાવર સિસ્ટમનું સંચાલન કરતી સ્વતંત્ર વીજળી સિસ્ટમ ઓપરેટર (IESO) એ ગ્લોબલ ન્યૂઝને જણાવ્યું હતું કે આ ઉનાળો રેકોર્ડ બુકમાં રહ્યો છે. આ વર્ષે જૂનના અંતમાં ગરમીના મોજા દરમિયાન ટોચની માંગ 24,862 મેગાવોટ (MW) સુધી પહોંચી હતી, જે 2013 પછીનો સૌથી વધુ ટોચ છે. IESOના સંચારના વરિષ્ઠ સલાહકાર માઈકલ ડોડ્સવર્થે 27 ઓગસ્ટના એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ મહિનાની શરૂઆતમાં, ઘણા દિવસો માટે તાપમાન ફરીથી 30 સેલ્સિયસને વટાવી ગયું હતું, જેમાં ટોચની વીજળીની માંગ 24,789 મેગાવોટ સુધી પહોંચી ગઈ હતી. ગયા વર્ષની સૌથી વધુ વીજળીની માંગ કરતા આ ઉનાળામાં આઠ ગણી માંગ વધી ગઈ હતી. ગ્લોબલ ન્યૂઝના હવામાનશાસ્ત્રી એન્થોની ફાર્નેલે જણાવ્યું હતું કે ટોરોન્ટોમાં સરેરાશ ઉનાળા દરમિયાન તાપમાન 30 સેલ્સિયસને વટાવી જવાની ઘટના લગભગ 17 વખત બને છે. આ ઉનાળામાં, ટોરોન્ટોમાં 24 વખત તાપમાન 30 ડિગ્રી સેલ્સિયસથી ઉપર રહ્યું હતુ. ગયા વર્ષે આવું ફક્ત 10 વખત થયું હતું, અને તેમાંથી અડધા દિવસો જૂનમાં હતા, વધુમાં ફાર્નેલે જણાવ્યું હતુ કે આ ઉનાળામાં ટોરોન્ટોમાં 14 વખત તાપમાન 32 ડિગ્રી સેલ્સિયસથી ઉપર રહ્યું હતું, જે વાર્ષિક સરેરાશ કરતાં બમણું હતું. જૂનમાં ગરમીના મોજા દરમિયાન તાપમાન નવ વર્ષના ઉચ્ચતમ સ્તર 36 ડિગ્રી સેલ્સિયસને સ્પર્શ્યું હતું અને હ્યુમિડેક્સ જૂનના સર્વકાલીન ઉચ્ચતમ સ્તર 46 ડિગ્રીને સ્પર્શ્યું હતું..

જૂનમાં, ફાર્નેલે ઓન્ટેરિયો અને ક્યુબેક માટે ગરમ ઉનાળાની આગાહી કરી હતી, અને કહ્યું હતું કે જ્યારે જૂન એક સંક્રમણકારી મહિનો હશે, ત્યારે ઠંડી મે, જુલાઈ અને ઓગસ્ટ પછી ભેજનું સ્તર સામાન્ય કરતાં વધુ રહેશે. પાછળ ફરીને જોતાં, ફાર્નેલે જણાવ્યું હતું કે દક્ષિણ ઑન્ટારિયોમાં આ ઉનાળામાં છ ગરમીના મોજા આવ્યા હતા, જેમાં તાપમાન સીઝન માટે સામાન્ય કરતાં એકથી ત્રણ ડિગ્રી વધારે હતું.

# કુલ્લુમાં ભૂસ્ખલન થતાં બે મકાન ધરાશાયી 7 લોકો દટાયાની શંકા, એકનો મૃતદેહ મળ્યો

**કુલ્લુ**

હિમાચલ પ્રદેશના કુલ્લુ જિલ્લાના અખાડા બજારમાં ગુરુવારે સવારે લગભગ 6 વાગ્યે ભૂસ્ખલનની દુર્ઘટના બનતાં સાતથી આઠ લોકો ભોગ બન્યા હોવાના અહેવાલ છે. ભૂસ્ખલનના કારણે કાટમાળ નીચે સાતથી આઠ લોકો દટાયા છે. માહિતી મળતાં જ NDRF ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ અને બચાવ કામગીરી શરૂ કરી હતી.

બચાવ કામગીરીમાં એક મૃતદેહ મળી આવ્યો છે. મૃતદેહની ઓળખ કંગન શ્રીનગર, મહારાજાના રહેવાસી તરીકે થઈ છે. જ્યારે ત્રણ ઘાયલોને બચાવીને પ્રાદેશિક હોસ્પિટલ કુલ્લુ મોકલવામાં આવ્યા છે. કુલ્લુ સદર ધારાસભ્ય સુંદર સિંહ ઠાકુર પણ ઘટનાસ્થળે પહોંચ્યા છે. અન્ય લોકોને બહાર કાઢવા માટે બચાવ કામગીરી ચાલી રહી છે. આ ભુસ્ખલનમાં ઘર ધરાશાયી થતાં ઘરમાં છ લોકો દટાયા હોવાની આશંકા છે. હજુ આ આંકડો વધી શકે છે. આ ઈમારતમાં સાથે રહેતાં અબ્દુલે જણાવ્યું હતું કે ત્રણ રૂમમાં સાત લોકો રહેતા હતા. એક વ્યક્તિએ કૂદીને પોતાનો જીવ બચાવ્યો.



એકનો મૃતદેહ મળી આવ્યો છે જ્યારે પાંચ લોકો હજુ પણ દટાયેલા છે. બચાવ કાર્ય ચાલુ છે. આ બધા લોકો જમ્મુ-કાશ્મીરના હોવાનું કહેવાય છે.

# પલામુમાં ઉગ્રવાદીઓ સાથે ભીષણ અથડામણમાં 2 જવાન શહીદ થયા

**પલામુ**

ઝારખંડના પલામુમાં ઉગ્રવાદીઓ અને ભારતીય સૈન્ય વચ્ચે ભયાનક અથડામણ સર્જાઈ હતી. જેમાં બે જવાનો શહીદ થઈ ગયા હતા. શહીદ થનારા સૈનિકોને ઓળખ સંતમ કુમાર અને સુનીલ રામ તરીકે થઈ હતી. જ્યારે આ એન્કાઉન્ટરમાં ઈજાગ્રસ્ત થનારા જવાનની ઓળખ રોહિત કુમાર તરીકે થઈ છે.

આ કેસની માહિતી આપતાં ડીઆઈજી નૌશાદ આલમે જણાવ્યું હતું કે, પોલીસને સૂચના મળી હતી કે આ વિસ્તારમાં કર્મા પૂજાનું આયોજન થઈ રહ્યું છે અને આ સમય દરમિયાન પ્રતિબંધિત સંગઠન ટીએસપીસીના નક્સલીઓ આતંક ફેલાવવાનો પ્રયાસ કરી શકે છે. માહિતીના આધારે, એસપીના નેતૃત્વમાં પોલીસકર્મીઓએ પોતાને બે ટીમોમાં વહેંચી દીધા અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું. આ દરમિયાન, હુમલામાં બે જવાન શહીદ થયા છે. વધુ માહિતી આપતા તેમણે કહ્યું કે, જવાનો પહાડી માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા કે તરત જ છૂપાયેલા માઓવાદીઓએ અચાનક ગોળીબાર શરૂ કરી દીધો. પોલીસે પણ વળતો જવાબ આપ્યો, પરંતુ એન્કાઉન્ટરમાં બે જવાન સંતન કુમાર મહેતા અને સુનીલ રામ શહીદ થયા હતા.

# MP ટુરિઝમ બોર્ડ દ્વારા ગાંધીસાગર, કુનો ફોરેસ્ટ રિટ્રીટ, ફેસ્ટિવલનું આયોજન

**ભોપાલ**

મધ્ય પ્રદેશ હવે પ્રવાસીઓને એવી સફર આપવા જઈ રહ્યું છે, જેની લાંબા સમયથી રાહ જોવાઈ રહી હતી. જંગલની રોમાંચક રાતો, નદી અને બેકવોટર્સની શાંતિ અને આકાશને સ્પર્શતી સાહસિક પ્રવૃત્તિઓ. બધુ મળી પર્યટનનો એક નવો અધ્યાય શરૂ કરવા જઈ રહ્યા છે. મધ્યપ્રદેશ ટુરિઝમ બોર્ડ આ વર્ષે બે મહત્વપૂર્ણ કાર્યક્રમો શરૂ કરવા જઈ રહ્યું છે, જેનો ઉદ્દેશ ઈકો-ટુરિઝમ અને એડવેન્ચર ટુરિઝમને નવી ઊંચાઈએ લઈ જવાનો છે. 'ગાંધી સાગર ફોરેસ્ટ રિટ્રીટ' ની ચોથી આવૃત્તિ 12 સપ્ટેમ્બર 2025 થી મંદસૌર જિલ્લાના ગાંધી સાગર ડેમ ખાતે યોજાશે અને 'કુનો ફોરેસ્ટ રિટ્રીટ'ની બીજી આવૃત્તિ 5 ઓક્ટોબર 2025 થી શ્યોપુર જિલ્લામાં કુનો રાષ્ટ્રીય ઉદ્યાન નજીક યોજાશે.

# ટેરિફ અને GST સુધારાને એકબીજાથી કોઈ લેવા દેવા નથી : નિર્મલા સીતારમણ

## ભારત સરકારે GST સ્લેબમાં ફેરફારો કર્યા : પ્રજાને રાહત

**નવી દિલ્હી**

56મી GST કાઉન્સિલની બેઠક બાદ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે સ્પષ્ટતા કરી કે તાજેતરના GST સુધારાઓનો ટેરિફ વિવાદ સાથે કોઈ સંબંધ નથી. તેમણે કહ્યું, 'ટેરિફમાં ઉથલપાથલ એ GST સુધારાને અસર કરતો મુદ્દો નથી. અમે દોઢ વર્ષથી તેના પર કામ કરી રહ્યા છીએ.'

નાણામંત્રીએ કહ્યું કે લાંબા સમયથી મંત્રીઓનું એક જૂથ વીમા વગેરેના દરો પર કામ કરી રહ્યું છે. તેમાંથી કોઈનો ટેરિફ સાથે કોઈ સંબંધ નથી. નાણામંત્રીએ કહ્યું, 'વિવિધ આંકડાઓ જાહેર કરવામાં આવી રહ્યા છે - આટલું નુકસાન, આટલું નુકસાન. હું આ ચર્ચામાં સામેલ નહીં થાઉં. કેમ કે કોઈએ આટલું કહ્યું, કોઈએ આટલું કહ્યું. અમારી પાસે અમારો પોતાનો ડેટા છે.' કેન્દ્ર સરકારે દિવાળી પહેલા GST સુધારાની જાહેરાત કરી છે, હવે હેર ઓઈલ, શેમ્પૂ, ટૂથપેસ્ટ, ટોયલેટ સાબુ, ટૂથબ્રશ અને શેવિંગ ક્રીમ પર GST 18% થી ઘટાડીને 5% કરવામાં આવ્યો છે.

# પોલીસ મારું એન્કાઉન્ટર કરવા માગે છે, દુષ્કર્મ કેસમાં ફરાર AAP ધારાસભ્યનો દાવો

**સિનૌર**

પંજાબ પોલીસે સનૌર વિધાનસભા મતવિસ્તારના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય હરમીત સિંહ પઠાણમાજરાની ધરપકડ કરવા માટે સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે, જે દુષ્કર્મના કેસમાં વોન્ટેડ છે. તે મંગળવારે કરનાલના ડાબરી ગામથી ફરાર થઈ ગયો હતો. ધારાસભ્ય હરમીત સિંહ પઠાણમાજરાએ બુધવારે એક વીડિયો જાહેર કરીને દાવો કર્યો હતો કે, 'મને માહિતી મળી છે કે પંજાબ પોલીસ મારૂ એન્કાઉન્ટર કરવા માંગે છે. મેં પોલીસ પર ગોળીબારના કર્યો નથી.' અહેવાલો અનુસાર, પંજાબમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય હરમીત સિંહ પઠાણમાજરાએ પોલીસ અને ભગવંત માન સરકાર પર મોટો આરોપ લગાવ્યો છે.

# પટણા-ગયા હાઈવે પર અકસ્માત, ટ્રક અને કારની ટક્કરમાં 5 વેપારીઓના કરુણ મોત

## અકસ્માત બાદ ફસાયેલા લોકોને કટર અને ક્રેનની મદદથી બહાર કાઢવામાં આવ્યા હતા

**પટના**

બિહારમાં એક મોટો માર્ગ અકસ્માત થયો છે. બુધવારે રાત્રે પોણા એક વાગ્યાના સુમારે પટના-ગયા-ડોભી ફોર લેન હાઈવે પર પરસા બજાર પોલીસ સ્ટેશન વિસ્તારના સુઈયા વળાંક પાસે થયેલા ભયાનક અકસ્માતમાં 5 લોકોના મોત થયા છે. મૃતકોમાં રાજેશ કુમાર, સંજય કુમાર સિંહા, કમલ કિશોર, પ્રકાશ ચૌરસિયા, સુનીલ કુમારનો સમાવેશ થાય છે. આ બધા જંતુનાશકો અને કૃષિ ઉત્પાદનના વેપારીઓ છે. આ અકસ્માત ત્યારે થયો જ્યારે એક ઝડપી ગતિએ આવતી ગ્રાન્ડ વિટારા કાર પાછળથી આગળ વધી રહેલી ટ્રકમાં પાછળના ભાગે ઘૂસી ગઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે ગ્રાન્ડ વિટારાના ટુકડા થઈ ગયા. આ દરમિયાન જોરદાર



અવાજ સાંભળીને નજીકના વિસ્તારના લોકો ત્યાં પહોંચી ગયા હતા. બાદમાં લોકોએ અકસ્માત અંગે પોલીસને જાણ કરી. આ માર્ગ અકસ્માત એટલો ભયાનક હતો કે ટક્કરને કારણે ફોર વ્હીલર ટ્રકમાં ફસાઈ ગઈ હતી. કટર અને ક્રેનની મદદથી ફસાયેલા લોકોને બહાર કાઢવામાં આવ્યા.

# બંગાળ વિધાનસભામાં ટીએમસી અને ભાજપ ધારાસભ્યો બાખડ્યા

**કોલકાતા**

પશ્ચિમ બંગાળ વિધાનસભામાં ગુરુવારે હોબાળો થયો હતો. હોબાળો એટલી હદે વધી ગયો હતો કે, શાસક પક્ષ ટીએમસી અને વિપક્ષ ભાજપના ધારાસભ્યો મારામારી પર ઉતરી આવ્યા હતા. જેના લીધે ધારાસભ્ય શંકર ઘોષની તબિયત લથડી હતી. તેમને એમ્બ્યુલન્સમાં હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. શંકર ઘોષ બંગાળ ભાજપના ચીફ વ્હિપ છે.

બંગાળી પ્રવાસીઓ પર કથિત અત્યાચાર સંબંધિત સરકારના પ્રસ્તાવ પર ચર્ચા દરમિયાન હોબાળો થયો હતો. મમતા બેનર્જી પ્રસ્તાવ રજૂ કરવા ઊભા થયા ત્યારે જ ભાજપના ધારાસભ્યોએ સૂત્રોચ્ચાર શરુ કર્યા હતા. મુખ્યમંત્રીએ બોલવાનું શરુ કરતાંની સાથે જ ભાજપના ધારાસભ્યોએ ૨ સપ્ટેમ્બરે વિપક્ષના નેતા શુભેન્દુ અધિકારીને સસ્પેન્ડ કરવા માટે સૂત્રોચ્ચાર શરુ કરી દીધા હતા. તેના જવાબમાં શાસક પક્ષ તરફથી તીવ્ર પ્રતિક્રિયા આવી અને ગૃહનું વાતાવરણ ગરમાયું હતું. અધ્યક્ષ બિમન બેનર્જીએ ભાજપના ચીફ વ્હિપ શંકર ઘોષને આજના સેશન દરમિયાન ગૃહમાંથી સસ્પેન્ડ કર્યા હતા. પરંતુ ઘોષે ગૃહ છોડવાનો ઇનકાર કરતાં માર્શલોને બોલાવવામાં આવ્યા અને તેમને બળજબરીપૂર્વક બહાર કાઢવામાં આવ્યા હતા.

# IIT-મદ્રાસ દેશની ઉત્કૃષ્ઠ શિક્ષણ સંસ્થા, IIM-બેંગ્લોર બીજું : NIRF

**બેંગ્લોર**

અમદાવાદની આઈઆઈએમએ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટ તરીકે ફરી એકવાર બાજી મારી પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે. શિક્ષણ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા NIRF-2025માં મેનેજમેન્ટ કેટેગરીમાં અમદાવાદની IIM સળંગ છઠ્ઠા વર્ષે ટોચની ઈન્સ્ટિટ્યુટ રહી છે. આઈઆઈએમ 2020થી સતત ટોચની મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટ રહી છે. આ કેટેગરીમાં આઈઆઈએમ બેંગ્લોર બીજા અને આઈઆઈએમ કોઝિકોડે ત્રીજા સ્થાને રહી છે. દરવર્ષે NIRF દ્વારા ટોચનું પ્રદર્શન કરનારી યુનિવર્સિટી, કોલેજ અને ઈન્સ્ટિટ્યુટની યાદી જાહેર કરી છે. આ યાદી કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન દ્વારા રજૂ કરવામાં આવી હતી. આ વર્ષે વિવિધ 17 કેટેગરીમાં ઉત્કૃષ્ટ શિક્ષણ સેવા પ્રદાન કરનારી ઈન્સ્ટિટ્યુટ આઈઆઈટી મદ્રાસ રહી છે. જે દેશની બેસ્ટ એન્જિનિયરિંગ કોલેજ હોવા ઉપરાંત એકંદરે તમામ કેટેગરીની નંબર વન ઈન્સ્ટિટ્યુટ બની છે. ત્યારબાદ આઈઆઈએસસી બેંગ્લોર બીજા ક્રમે અને IIT બોમ્બે ત્રીજા ક્રમે રહી છે. એન્જિનિયરિંગ કેટેગરીમાં આઈઆઈટી મદ્રાસ ઉપરાંત આઈઆઈટી દિલ્હી અને આઈઆઈટી બોમ્બે ટોપ-3 રહી છે.

# છત્તીસગઢમાં વાહને ગણપતિના વિસર્જન માટે જતા લોકોને કચડ્યાં, 3ના મોત, 22 ઈજાગ્રસ્ત

**રાંચી**

છત્તીસગઢના જશપુર જિલ્લાના બગીચામાં ગણેશ વિસર્જન ઉત્સવયાત્રા દરમિયાન એક વાહનની અડફેટે આવતા મહિલા સહિત ત્રણ લોકોના મોત અને અંદાજે 22 જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ ઘટના મંગળવારે રાત્રે અંદાજે 12 વાગ્યે બગીચા ચરઇડાંડ સ્ટેટ હાઇવે પર મંગળવારે મોડી રાત્રે અંદાજે 12 વાગ્યે બની હતી. જ્યાં એક બોલેરોએ બેકાબૂ થઈને સામેથી આવી રહેલા શ્રદ્ધાળુઓને કચડીને ચાલી ગઈ હતી. પ્રત્યક્ષદર્શી કેશવ યાદવે જણાવ્યું કે, બોલેરો રાયકેરા વિસ્તારથી આવી રહી હતી અને ગણેશજીના વિસર્જન ઉત્સવયાત્રામાં 150થી પણ વધુ લોકો સામેલ હતા. ગુસ્સે ભરાયેલા ટોળાએ બોલેરોના ડ્રાઈવરને સ્થળ પર જ માર માર્યો અને બોલેરોમાં સવાર અન્ય લોકો ત્યાંથી






ભાગી ગયા હતા. આ ઘટનાની સૂચના મળતા જ બગીચાના એસડીઓપી દિલીપ કોસલ અને પોલીસની ટીમની સાથે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યા અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. કેશવ યાદવે એમ પણ કહ્યું કે હોસ્પિટલમાં ઈજાગ્રસ્ત દર્દીઓની હાલમાં સ્થિતિ ખૂબ જ ગંભીર છે.

# કાશ્મીર સહિત ઉ. ભારતના રાજ્યોને SCની નોટિસ CJIએ કહ્યું કે, ગેરકાયદે વૃક્ષોનું નિકંદન કરી દેવાયું

## સુપ્રીમનો હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ-પંજાબને 3 સપ્તાહમાં જવાબ રજૂ કરવા આદેશ

**દહેરાદૂન**

હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ સહિત ઉત્તર ભારતના ઘણા રાજ્ય છેલ્લા થોડા દિવસથી પૂરની આફતનો સામનો કરી રહ્યા છે. પૂરથી પ્રભાવિત રાજ્યોમાં જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને પંજાબમાં જનજીવન ખોરવાયુ છે. આ રાજ્યોની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારને ફિટકાર લગાવી છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ બીઆર ગવઈ અને તેમની બેન્ચે જણાવ્યું કે, પહેલી નજરે એવુ લાગે છે કે, વૃક્ષોનું આડેધડ નિકંદન કાઢવામાં આવ્યું છે. વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં રાજ્ય સરકારને નોટિસ પાઠવી આ મામલે જવાબ માગવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટે હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, અને પંજાબને ત્રણ સપ્તાહની અંદર જવાબ રજૂ કરવા આદેશ કરાયો છે.

સીજેઆઈએ આ મામલાની સુનાવણી કરતાં કહ્યું કે, આ પૂરની સ્થિતિ પહાડના ટોચના વિસ્તારોમાં મોટાપાયે વૃક્ષોનું આડેધડ નિકંદન થયુ હોવાનો સંકેત આપે છે. સંબંધિત અધિકારીઓનો સંપર્ક સાધી આ પરિસ્થિતિ પાછળના કારણો જાણવા આદેશ છે.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે, તે પર્યાવરણ અને વન મંત્રાલયના સચિવનો સંપર્ક સાધી આ મામલે વિસ્તૃત માહિતી મેળવશે. અમે પ્રકૃતિની સાથે એટલો બધો હસ્તક્ષેપ કર્યો છે કે, હવે તે અમને નુકસાન પહોંચાડી રહી છે. આ મામલે ચીફ જસ્ટિસે પણ સહમતિ દર્શાવી હતી.

# સરકારમાં બેઠેલા પિતા નીતિ બનાવે છે અને તેમના પુત્રો કમાણી કરે છે : કોંગ્રેસ

**નવી દિલ્હી**

ગુરુવારે કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી પર ગંભીર ભ્રષ્ટાચારના આરોપો લગાવ્યા છે. કોંગ્રેસનો દાવો છે કે, ગડકરીના પુત્રોની ઈથેનોલ ઉત્પાદક કંપનીઓએ સરકારની નીતિઓનો લાભ લઈને ઝડપી મસમોટો નફો કમાવ્યો છે. તેમણે ગડકરીના બંને પુત્રોની કંપનીઓની કમાણીનો પણ ઉલ્લેખ કર્યો છે અને કેન્દ્ર સરકાર પર પણ આકરા પ્રહારો કર્યા છે. કોંગ્રેસના પ્રવક્તા પવન ખેડાએ કહ્યું કે, નિખિલ ગડકરી, સારંગ ગડકરી નિતિશ ગડકરીના પુત્રો છે. બંને પુત્રોની કંપની ઈથેનોલનું ઉત્પાદન કરે છે. સરકારના બેઠેલા પિતા પોલિસી બનાવી રહ્યા છે અને તેમના પુત્રો કમાણી કરી રહ્યા છે. તેમણે કહ્યું કે, નિખિલ ગડકરીની કંપની સિઅન એગ્રોએ જૂન-૨૦૨૪માં ૧૮ કરોડની કમાણી કરી હતી, પછી આ કમાણી જૂન-૨૦૨૫માં વધીને ૭૨૩ કરોડ રૂપિયા પર પહોંચી ગઈ છે. કંપનીના શેરની કિંમત જાન્યુઆરી-૨૦૨૫માં ૩૭ રૂપિયા હતી, હવે શેરની કિંમત વધીને ૬૩૮ રૂપિયા પર પહોંચી ગઈ છે. છેલ્લા ૧૧ વર્ષના ઈતિહાસમાં કોઈ પણ યોજના નિર્ધારિત સમયગાળામાં પૂરી થઈ નથી, પરંતુ ૨૦ ટકા ઈથેનોલ મિશ્રણનો ટાર્ગેટ ૨૦૨૫ના નિર્ધારિત સમયગાળ પહેલાં પૂરો કરી દેવાયો છે.

# સૌથી મોટા રિયલ્ટી સોદામાં જવાહરલાલ નેહરૂના બંગલાના 1100 કરોડ ઉપજ્યા

**નવી દિલ્હી**

દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરૂનું સત્તાવાર નિવાસસ્થાન તરીકે જાણીતો દિલ્હીના વૈભવી વિસ્તાર લુટિયન્સ બંગલો ઝોનમાં મોતીલાલ નેહરૂ માર્ગ પર આવેલો ૩.૭ એકરમાં પથરાયેલો બંગલો દેશના સૌથી મોંઘા રિઅલ એસ્ટેટ સોદામાં ૧૧૦૦ કરોડ રૂપિયામાં વેચાઈ જશે. વર્તમાન માલિકો રાજસ્થાનના શાહી પરિવારના સભ્યો રાજકુમારી કાકર અને બિના રાની પાસેથી એક અગ્રણી બિઝનેસમેન દ્વારા આ બંગલો ખરીદવામાં આવી રહ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર માલિકોએ ૧૪૦૦ કરોડ રૂપિયાની માંગ કરી હતી પણ આખરે ૧૧૦૦ કરોડ રૂપિયામાં સોદો પત્યો હોવાનું મનાય છે.

# કુકી સમુદાય સાથે કેન્દ્ર-મણીપુર સરકારે કરી ડીલ, મણિપુરમાં શાંતિ સ્થાપિત થવાના એંધાણ

**નવી દિલ્હી**

કેન્દ્ર અને મણિપુર સરકારે ગુરુવારે કુકી-ઝો કાઉન્સિલ સાથે એક નવા સમાધાન પર હસ્તાક્ષર કર્યા છે. જે હેઠળ તમામ પક્ષે રાજ્યની ક્ષેત્રીય અખંડિતતા જાળવી રાખવા માટે નેશનલ હાઈવે-૨ શરૂ કરવા સહમતિ દર્શાવી છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના અધિકારીઓ અને KZCના એક પ્રતિનિધિમંડળ વચ્ચે બેઠકો યોજાયા બાદ આ કરાર કરવામાં આવ્યો છે. ત્રણેય પક્ષોએ મણિપુરમાં સ્થાયી શાંતિ અને સ્થિરતા લાવવા માટે વાતચીતના માધ્યમથી સમાધાન પર ભાર મૂકવા સહમતિ વ્યક્ત કરી હતી.

ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે, કેઝેડસીએ રાજ્ય માટે જીવન રેખા સમાન એનએચ-૨ પર શાંતિ જાળવા માટે કેન્દ્ર સરકાર તરફથી તૈનાત સુરક્ષાદળો સાથે સહયોગ સાધવા આશ્વાસન આપ્યું છે. મણિપુરને નાગાલેન્ડ અને પૂર્વોત્તરના અન્ય હિસ્સા સાથે જોડતી નેશનલ હાઈવે-૨ મે, ૨૦૨૩થી રાજ્યમાં ભડકી ઉઠેલી જાતિય હિંસાના કારણે બંધ કરવામાં આવ્યો હતો.

નેશનલ હાઈવેને ફરીથી શરૂ કરવાનો પ્રયાસ હિંસા પ્રભાવિત મણિપુરમાં સામાન્ય સ્થિતિ સ્થાપિત કરવાની દિશામાં મહત્ત્વનું પગલું છે.

# ભારતની પ્રથમ માઈક્રોપ્રોસેસર ચિપ વિક્રમ-32 બિટ લોન્ચ

**નવી દિલ્હી**

ભારતને પ્રથમ સ્વદેશી વિક્રમ-૩૨ બિટ માઈક્રોપ્રોસેસર ચિપ મળી ગઈ છે. આ ચિપના લોન્ચિંગ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે એ દિવસો દૂર નથી જ્યારે ભારતમાં બનેલી એક નાની એવી ચિપને કારણે વિશ્વમાં મોટું પરિવર્તન આવશે. સેમીકોન ઈન્ડિયા ૨૦૨૫ના સમ્મેલનમાં કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે વડાપ્રધાન મોદીને વિક્રમ-૩૨ બિટ પ્રોસેસર અને ચાર સેમીકન્ડક્ટર પ્રોજેક્ટના ટેસ્ટ ચિપ્સ આપી વિસ્તૃત માહિતી આપી હતી. મોદીએ આ સેમીકન્ડક્ટરને ૨૧મી સદીનો ડિજિટલ હીરો ગણાવી હતી. ચંડીગઢમાં ઇસરોના સેમિકન્ડક્ટર લેબ દ્વારા વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટર સાથે મળીને આ ચિપ તૈયાર કરવામાં આવી છે જે ભારતની પ્રથમ ૩૨-બિટ માઈક્રોપ્રોસેસર ચિપ છે. આ ચિપને સત્તાવાર રીતે વિક્રમ ૩૨૦૧ નામ આપવામાં આવ્યું છે.

# US ઓપન : યુકી ભાંબરી ડબલ્સની સેમિફાઈનલમાં પહોંચ્યો

## ઇન્ડો-કિવિ જોડી સેમિફાઇનલાં બ્રિટિશ જોડી નીલ સ્કૂપ્સ્કી અને જો સેલિસબરી સામે રમશે

**ન્યૂયોર્ક**

ભારતનો ટેનિસ ખેલાડી યુકી ભાંબરી પોતાના જોડીદાર ન્યૂઝીલેન્ડના માઈકલ વિનસ સાથે પહેલીવાર કોઈ ગ્રાન્ડસ્લેમ ટૂર્નામેન્ટની મેન્સ ડબલ્સની સેમિફાઈનલમાં પહોંચી ગયો છે. ભાંબરી અને વિનરે ૧૧મો ક્રમાંક ધરાવતી નિકોલા મેકટિચ અને રાજીવ રામની જોડીને પરાજય આપ્યો હતો. બુધવારે રાત્રે રમાયેલી ક્વાર્ટર ફાઈનલ મેચમાં ભારત અને ન્યૂઝીલેન્ડના ખેલાડીઓની જોડીએ ૧૧મો ક્રમાંક ધરાવતી મેકટિચ અને રાજીવ રામની જોડીને ૬-૩,૭-૬, ૬-૩થી પરાજય આપ્યો હતો. આ મેચમાં ભાંબરીની ઝડપી નેટ પ્લે અને વિનસની દમદાર સર્વિસનું શાનદાર પ્રદર્શન જોવા મળ્યું હતું જેનાથી બંનેએ જીત મેળવી હતી.ભાંબરી અને વિનસની આગામી મેચ સેમિફાઈનલમાં નીલ સ્કૂપ્સ્કી અને જો સેલિસબરીની બ્રિટિશ જોડી સામે થશે. ભાંબરી અને વિનસે ત્રીજા



રાઉન્ડમાં ગોંઝાલો એસ્કોબાર (કોલંબિયા) અને મિગુએલ એન્જેલ રેયેસવરેલા (મેક્સિકો)ને હાર આપીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. આઠમો ક્રમાંક ધરાવતી અમાંડા એનિસિમોવાએ ઈગા સ્વિયાતેકને સીધા સેટમાં ૬-૪,૬-૩થી પરાજય આપીને યુએસ ઓપનની વુમન સિંગલ્સની સેમિફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. બે મહિના પહેલાં જ છ વાર ગ્રાન્ડસ્લેમ ટાઈટલ જીતનારી સ્વિયાતેકે વિમ્બલ્ડનની ફાઈનલમાં એનિસિમોવાને સીધા સેટમાં ૬-૦,૬-૦થી પરાજય આપ્યો હતો. અમેરિકન ખેલાડી એનિસિમોવાની આ ત્રીજી ગ્રાન્ડ સ્લેમ ફાઈનલ છે. હવે તેનો સામનો ચાર વારની ચેમ્પિયન જાપાનની નાઓમી ઓસાકા સામે થશે, જેણે કોકો ગોફને હરાવી હતી. જ્યારે મેન્સ સિંગલ્સમાં ગત ચેમ્પિયન ઈટાલીના યાનિક સિનરે ઈટાલીના જ દસમો રેન્ક ધરાવતા ખેલાડી લોરેન્જો મુસેત્તિને ૬-૧,૬-૪,૬-૨થી હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. હવે તેનો સામનો ૨૫મો ક્રમાંક ધરાવતા ફેલિક્સ આગર એલિયાસ્સિમે સામે થશે જેણે આઠમો રેન્કિંગ ધરાવતા એલેક્સ ડિ મિનોરને ૪-૬,૭-૬,૭-૫, ૭-૬થી પરાજય આપ્યો હતો. સિનરની આ સતત પાંચમી ગ્રાન્ડ સ્લેમ સેમિફાઈનલ છે.

# વિરાટે કોહલીએ BCCIની દેખરેખ હેઠળ જ ફિટનેસ ટેસ્ટ આપી હોવાના અહેવાલ

### ભારત આવ્યા વિના જ ફિટનેસ ટેસ્ટ પાસ કરી લીધી, લંડનમાં ટેસ્ટ આપી

મુંબઈ : ભારતીય ક્રિકેટ ટીમનો સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી લંડનમાં વસતો હોવાને કારણે તે બીસીસીઆઈના સેન્ટર ઓપ એક્સિલેન્સ ખાતે ફિટનેસ ટેસ્ટમાં ગેરહાજર રહ્યો હતો. પૂર્વ ભારતીય સુકાનીએ હવે ઈંગ્લેન્ડમાં પોતાની ફિટનેસ ટેસ્ટ પાસ કરી લીધી છે. તેની સાથે જ તે વિદેશની ધરતી પર ફિટનેસ ટેસ્ટ કરાવનાર વર્તમાન ખેલાડીઓ પૈકીનો એક બની ગયો છે. અહેવાલો અનુસાર વિરાટ કોહલીએ ઈંગ્લેન્ડમાં જ ફિટનેસ ટેસ્ટ પાસ કરી લીધો છે. વિરાટે બીસીસીઆઈની દેખરેખ હેઠળ જ ફિટનેસ ટેસ્ટ આપ્યો હતો. અહેવાલોમાં સૂત્રોના હવાલાથી જણાવાયું હતું કે કોહલીએ ઈંગ્લેન્ડમાં ફિટનેસ ટેસ્ટ આપતા પહેલા બોર્ડની મંજૂરી લીધી હશે. ટીમ ઈન્ડિયાના સુકાની રોહિત શર્મા સહિત કેટલાક ખેલાડીઓએ બેંગ્લુરુ ખાતે ફિટનેસ ટેસ્ટ આપ્યો હતો. સેન્ટર ઓફ એક્સિલેન્સ ખાતે ફિટનેસ ટેસ્ટ પાસ કરનારા ખેલાડીઓમાં રોહિત શર્મા, મોહમ્મદ સિરાજ, શુભમન ગિલ, જિતેશ શર્મા, પ્રસિદ્ધ કૃષ્ણા, ઋતુરાજ ગાયકવાડ, સહિતના ખેલાડીઓ સામેલ છે.



# આર. અશ્વિન બાદ વધુ એક સ્પિનર અમિત મિશ્રાની નિવૃત્તિની જાહેરાત

**નવી દિલ્હી**

રવિચંદ્રન અશ્વિન બાદ ભારતના વધુ એક સ્પિનરે નિવૃત્તિની જાહેરાત કરી દીધી છે. ૨૫ વર્ષ સુધી પ્રોફેશનલ ક્રિકેટમાં સક્રિય રહેનાર અમિત મિશ્રાએ ગુરુવારે ચાર સપ્ટેમ્બરે ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. અમિત હવે ઈન્ટરનેશનલ ક્રિકેટ ઉપરાંત આઈપીએલ તેમજ ઘરેલુ ક્રિકેટમાં પણ રમતો જોવા નહીં મળે. જોકે, તે હવે દુનિયાની અન્ય ટી-૨૦ લીગમાં રમતો જોવા મળી શકે છે. અમિત મિશ્રાએ એક પ્રેસ રિલીઝ પ્રસિદ્ધ કરીને પોતાના રિટાયરમેન્ટની જાણકારી આપી હતી. અમિત મિશ્રાએ ૨૨ ટેસ્ટ, ૩૬ વનડે



અને ૧૦ ટી-૨૦ ઈન્ટરનેશનલ મેચ રમી છે. તેણે ૨૦૦૩માં ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ડેબ્યૂ કર્યુંર્ હતું અને તે ઘરેલુ ક્રિકેટમાં એક્ટિવ હતો. અમિત મિશ્રાએ ટેસ્ટમાં ૭૬, વનડેમાં ૬૪ અને ટી-૨૦ ક્રિકેટમાં ૧૬ વિકેટ ઝડપી હતી. આઈપીએલમાં તેના નામે ૧૭૪ વિકેટ છે. તેની પાસે કુલ ૧૫૨ ફર્સ્ટ ક્લાસ અને ૧૫૨ લિસ્ટ એ મેચનો પણ અનુભવ છે.

# BCCIએ જર્સી સ્પોન્સર માટે બેઝ પ્રાઈઝ નક્કી, મેચદીઠ સાડા ત્રણ કરોડ મળી શકે

### ICC-ACC ઇવેન્ટ્સ માટે મેચ દીઠ ઓછામાં ઓછા દોઢ કરોડ રૂપિયા મળશે

**નવી દિલ્હી**

ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ (BCCI)એ ટીમ ઈન્ડિયાના નવા લીડ સ્પોન્સર માટે તમામ મેચો માટે બેઝ પ્રાઈઝ વધારી દીધી છે. ડ્રીમ૧૧ સાથે BCCIનો કરાર સમાપ્ત થઈ ગયો છે કારણ કે ભારત સરકારે રિયલ મનીબેઝ્ડ ગેમ્સને એક



બિલ લાવીને પ્રતિબંધિત કરી દીધી છે. જેના કારણે ભારતીય ટીમની નવી જર્સી માટે બોર્ડે નવા સ્પોન્સરની શોધખોળ શરૂ કરી છે. સ્પોન્સર માટે નવા માપદંડો અને બેઝ પ્રાઈઝ નક્કી કરાઈ છે અને તે રકમ ડ્રીમ૧૧ દ્વારા બોર્ડને ચૂકવાતી રકમ કરતા પ્રતિ મેચ ૧૦ ટકા કરતા વધારે છે. નવી જર્સીના સ્પોન્સરથી BCCIને દ્વિપક્ષીય સિરીઝ માટે પ્રતિ મેચ ઓછામાં ઓછા સાડા ત્રણ કરોડ રૂપિયા મળશે, જ્યારે આઈસીસી અને એસીસી ઈવેન્ટ્સ માટે નવી કંપની પ્રતિ મેચ ઓછામાં ઓછા દોઢ કરોડના હિસાબે નાણાં આપશે. ડ્રીમ૧૧ તરફથી BCCIને દ્વિપક્ષીય મેચો માટે ૩.૧૭ કરોડ અને મલ્ટિનેશનલ ટૂર્નામેન્ટ્સ માટે પ્રતિ મેચ ૧.૧૨ કરોડની રકમ મળતી હતી.

# કોમનવેલ્થ ગેમ્સની યજમાની કોને મળશે? અમદાવાદને ટક્કર આપવા નાઈજીરિયા મેદાનમાં

### કોમનવેલ્થ ગેમ્સ 2030ની યજમાની માટે ભારત અને નાઇજીરિયા વચ્ચે ટક્કર

**નવીદિલ્હી**

કોમનવેલ્થ ગેમ્સ 2030ની યજમાનીની રેસ વધુ રોમાંચક બની ગઈ છે. ભારતે અમદાવાદને દાવેદાર બનાવ્યું હતું, પરંતુ હવે એક અન્ય દેશ પણ મેદાનમાં ઉતરી આવ્યો છે. આનો અર્થ એ છે કે ભારતને યજમાનીની રેસમાં આકરી ટક્કરનો સામનો કરવો પડશે. 2030ના કોમનવેલ્થ ગેમ્સની યજમાની માટે ભારત અને નાઈજીરિયા વચ્ચે સીધી ટક્કર છે. ભારતીય ઓલિમ્પિક ઍસોસિએશન(IOA) એ 29 ઑગસ્ટે અમદાવાદને યજમાની માટે અંતિમ પ્રસ્તાવ આપ્યો હતો. નાઈજીરિયાએ પણ 31 ઑગસ્ટની સમયમર્યાદા પહેલા ઔપચારિક બોલી લગાવી છે. આ ગેમ્સ ખાસ છે, કારણ કે 2030માં કોમનવેલ્થ ગેમ્સની 100મી વર્ષગાંઠ ઉજવાશે.

ભારત તરફથી અમદાવાદને એટલા માટે પસંદ કરવામાં આવ્યું છે કારણ કે અમદાવાદ વિશ્વ-કક્ષાનું સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને મોટી ઈવેન્ટ્સનું આયોજન કરવાની ક્ષમતા ધરાવે છે. ભારતે અગાઉ 2010માં દિલ્હીમાં સફળતાપૂર્વક કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કર્યું હતું. નાઈજીરિયાએ અબુજાને આગળ રાખીને દાવો કર્યો છે કે તે આફ્રિકામાં કોમનવેલ્થ ગેમ્સની નવી ઓળખ બનશે. જો નાઈજીરિયા જીતશે, તો આફ્રિકા ખંડમાં કોમનવેલ્થ ગેમ્સની યજમાની કરવાનો આ એક ઐતિહાસિક મોકો હશે. કોમનવેલ્થ સ્પોર્ટ્સની ઈવેલ્યુએશન કમિશન હવે બંને દેશોની બોલીનું મૂલ્યાંકન કરશે.

# યુવરાજસિંહના નેતૃત્વ હેઠળ IPLજેમ હવે ભારતમાં ગોલ્ફ લીગ રમાશે

નવી દિલ્હી : વિવિધ લીગ્સ ભારતીય રમતો માટે હવે સફળતાની ફોર્મ્યુલા બની રહી છે. આઈપીએલ તેનું જીવંત ઉદાહરણ છે. અને તે કારણે જ હવે આઈપીએલની જેમ જ ગોલ્ફ માટે ઈન્ડિયન ગોલ્ફ પ્રીમિયર લીદ (IGPL)નો પ્રારંભ થવા જઈ રહ્યો છે. મજાની વાત એ છે કે આ લીગનો સૌથી મોટો ચેહરો સ્ટાર ક્રિકેટર યુવરાજ સિંહ છે. IGPL ભારતની પહેલી પ્રોફેશનલ ગોલ્ફ ટૂર્નામેન્ટ રહેશે જેમાં મહિલા અને પુરુષો બંને એક જ મંચ પર રમતા જોવા મળશે. આ યુનિફાઈડ ફોર્મેટનો ઉદ્દેશ્ય ભારતમાં ગોલ્ફની રમતને પ્રોત્સાહિત કરવાની અને તેમાં સમાવેશી ઉત્કૃષ્ટતા અને એથલીટના સશક્તિકરણને વધારો આપવાનો છે. IGPL ભારતીય ગોલ્ફ સંઘની સાથે મળીને કામ કરશે.

# જીએસટી ૨.૦ : IPL મેચની ટિકિટોના ભાવ ઊંચકાશે

### આઇપીએલ અને અન્ય મોટી ટૂર્નામેન્ટની ટિકિટો લક્ઝરી કેટેગરીમાં સામેલ કરાઈ

**નવી દિલ્હી**

GST ૨.૦ની જાહેરાત થઈ ગઈ છે. સંખ્યાબંધ વસ્તુઓ સસ્તી થઈ ગઈ છે પરંતુ ક્રિકેટ ફેન્સને આ GST રિફોર્મથી આંચકો લાગી શકે છે કારણ કે હવે તેમના માટે સ્ટેડિયમમાં બેસીને મેચ જોવી મોંઘી બની જશે. તેને લક્ઝરી માનવામાં આવશે અને તેથી હવે તમારે આઈપીએલની મેચો પર ૪૦ ટકા GST ચૂકવવો પડશે. તે સિવાય કેટલાક રાજ્યોમાં તેની પર મનોરંજન કર પણ લાગે છે જે કેટલાક રાજ્યોમાં ૨૫ ટકા જેટલો છે. એમ હવે તમારે આઈપીએલની ટિકિટ પર ૬૫ ટકા સુધી વધારે રકમ ખર્ચવી પડી શકે છે. હાલ સુધી આઈપીએલ અથવા તેના જેવી મોટી ટૂર્નામેન્ટ્સની ટિકિટ પર ૨૮ ટકા જીએસટી લાગતો હતો જેમાં ૧૪-૧૪ ટકા કેન્દ્ર અને રાજ્યને મળતા હતા પરંતુ હવે આઈપીએલ જેવી ટૂર્નામેન્ટની ટિકિટોને લક્ઝરી અથવા બિનજરૂરી વસ્તુઓમાં સામેલ કરાઈ છે. GST ૨.૦માં તેનો સ્લેબ ૨૮ ટકામાંથી હટાવીને ૪૦ ટકા કરી દેવાયો છે. આ ૪૦ ટકા સ્લેબમાં કેસિનો, રેસ ક્લબ, લક્ઝરી આઈટમ્સ અને બિનજરૂરી વસ્તુઓને સામેલ કરવામાં આવી છે. દા.ત. પહેલા રૂ.૧,૦૦૦ની આઈપીએલ ટિકિટ માટે તમારે ૧,૨૮૦ રૂપિયા ચૂકવવા પડતા હતા પરંતુ હવે તેના માટે તમારે રૂ.૧,૪૦૦ ચૂકવવા પડશે. માન્યતા પ્રાપ્ત ખેલ આયોજનો પર ભારે કર નહીં લગાવાય. જો કોઈ માન્યતાપ્રાપ્ત ખેલ આયોજનની ટિકિટ ૫૦૦ રૂપિયા છે તો તે પહેલાની જેમ જ કર મુક્ત રહેશે. જ્યારે ૫૦૦ કરતા વધારે કીંમતની ટિકિટો પર પહેલાની જેમ ૧૮ ટકા દરે જીએસટી લાગુ પડતો રહેશે. જેથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના માન્યતા પ્રાપ્ત ખેલ આયોજનોના પ્રેક્ષકો પર કોઈપણ પ્રકારે વધારાનો બોજ નહીં પડે. જીએસટી કાઉન્સિલ દ્વારા સટ્ટાબાજી, જુગાર, લોટરી, રેસિંગ અને ઓનલાઈન ગેમિંગ જેવી ગતિવિધિઓને ૪૦ ટકા જીએસટીના દાયરામાં સામેલ કરાયા છે.



# અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓ સંકટમાં, 4700 વિઝા રદ

## દિવસમાં ત્રણ કલાકથી વધુ કામ કરવાની મંજૂરી આપવા પર પ્રતિબંધ મૂકાયો, અનેક ભારતીયોની નોકરીઓ પણ જોખમમાં મૂકાઈ

**વોશિંગ્ટન**

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ભારે ટેરિફ લાદ્યા બાદ હવે વિદ્યાર્થીઓ માટે કડક નિયમો લાગુ કરવાનું શરૂ કર્યું છે. આના કારણે ત્યાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ટ્રમ્પના કડક વીઝા નિયમોને લીધે અમેરિકામાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓ માટે મુશ્કેલીઓ વધી છે. સરકારી તપાસના ડરથી ઘણા વિદ્યાર્થીઓએ પોતાની પાર્ટ-ટાઈમ નોકરીઓ ગુમાવી છે.

કડક વીઝા નિયમોને કારણે, અમેરિકન નોકરીદાતાઓ હવે ભારતીય વિદ્યાર્થીઓને પાર્ટ-ટાઈમ નોકરીઓ આપતા નથી, અથવા જો આપે છે તો કામના કલાકો ખૂબ જ ઓછા હોય છે, જેનાથી તેમની આવક ઘટી ગઈ છે. આ પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓએ અથવા તો પોતાના ખર્ચાઓમાં ભારે ઘટાડો કરવો પડ્યો છે અથવા તો પરિવાર પાસેથી આર્થિક મદદ લેવી પડી છે. સામાન્ય રીતે, અમેરિકામાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓ પાર્ટ-ટાઈમ નોકરી કરીને પોતાના ખર્ચાઓ પૂરા કરતા હતા, પરંતુ ટ્રમ્પના વહીવટીતંત્રે તેમના માટે આ મુશ્કેલ બનાવી દીધું છે.

નવા સરકારી આંકડાઓ મુજબ, પૂરતી હાજરી ન હોવા અને ગેરકાયદેસર નોકરી કરવાને કારણે તાજેતરમાં 4700 થી વધુ વિદ્યાર્થીઓના વિઝા રદ કરવામાં આવ્યા છે. લોસ એન્જલસના એક 25 વર્ષીય વિદ્યાર્થીએ પોતાની વ્યથા વ્યક્ત કરતાં જણાવ્યું કે, સરકારી તપાસને કારણે તેની પાર્ટ-ટાઈમ રેસ્ટોરન્ટની નોકરી છૂટી ગઈ, જેના કારણે તેની આર્થિક મુશ્કેલીઓ વધી ગઈ છે. અગાઉ, તે અભ્યાસની સાથે દિવસના આઠ કલાક કામ કરી પોતાનો ખર્ચ સરળતાથી કાઢી લેતો હતો. એક અન્ય વિદ્યાર્થીએ જણાવ્યું કે, તેને એક રેસ્ટોરન્ટમાં નોકરી તો મળી ગઈ, પરંતુ તેને દિવસમાં ત્રણ કલાકથી વધુ કામ કરવાની મંજૂરી આપવામાં આવી ન હતી. આનાથી તેની કમાણી ઓછી થઈ ગઈ. હવે આવા વિદ્યાર્થીઓ ન તો ભાડાઈ વ્યવસ્થા કરી શકે છે કે ન તો કરિયાણાનો સામાન ખરીદી શકે છે. આર્થિક તંગીના કારણે ઘણા વિદ્યાર્થીઓએ નાના ઘરમાં રહેવું પડે છે.

## ટ્રમ્પને ઝટકો, જજે હાર્વર્ડની ફન્ડિંગમાં કાપ મૂકવાનો નિર્ણય પલટી નાખ્યો



ડોનાલ્ડ ટ્રમ્પને પહેલા ટેરિફ પછી કેલિફોર્નિયામાં સૈનિકોની તહેનાતી મામલે કોર્ટે જોરદાર ઝટકો આપ્યા બાદ હવે ફરી એક મામલે મોટો આંચકો કોર્ટે આપ્યો છે. માહિતી અનુસાર અમેરિકાની એક કોર્ટે ટ્રમ્પ સરકારના હાર્વર્ડ યુનિવર્સિટીને રિસર્ચ માટેના ભંડોળમાં 2.6 બિલિયન ડૉલરનો કાપ મૂકવાના નિર્ણયને ઉલટાવી દીધો. આ નિર્ણય હાર્વર્ડ યુનિવર્સિટીની એક મોટી જીત છે. જસ્ટિસ એલિસન બરોઝે કહ્યું કે, ટ્રમ્પ સરકારે મૂકેલો આ કાપ ખોટો હતો અને હાર્વર્ડે સરકારની કેટલીક માંગણીઓ સ્વીકારવાનો ઈનકાર કર્યો હોવાથી બદલાની કાર્યવાહી રૂપે જ કરવામાં આવ્યો હતો. ટ્રમ્પ સરકારે હાર્વર્ડ પર કેમ્પસમાં યહૂદી વિરોધી પ્રવૃત્તિઓને રોકવામાં નિષ્ફળ જવા અને ત્યાં ઉદારવાદી વિચારોને પ્રોત્સાહન આપવાનો આરોપ મૂક્યો હતો. 11 એપ્રિલે એક પત્ર દ્વારા ટ્રમ્પ વહીવટીતંત્રે હાર્વર્ડ પાસેથી કેમ્પસમાં થતા વિરોધ પ્રદર્શનો, શૈક્ષણિક નીતિઓ અને પ્રવેશ પ્રક્રિયાઓમાં વ્યાપક ફેરફારોની માંગ કરી હતી. પત્રમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોના વલણનું ઓડિટ કરવા, 'મેરિટ-આધારિત' પ્રવેશ અને નિમણૂક નીતિઓ લાગુ કરવા અને વિવિધતા, સમાનતા અને સમાવેશ કાર્યક્રમો બંધ કરવા જેવા પગલાં લેવાની માંગ કરવામાં આવી હતી.

## ...તો અમેરિકાના અન્ય દેશો સાથેના વેપાર કરારો રદ થઈ શકે

અમેરિકાની સુપ્રીમ કોર્ટમાં ટેરિફને લઈને કેસ હારી જવાની ચિંતા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને સતાવી રહી છે, જેઓ ભારત સહિત અનેક દેશો સામે ટેરિફ વોર શરૂ કરી ચૂક્યા છે. જો સુપ્રીમ કોર્ટનો નિર્ણય તેમની વિરુદ્ધ આવે, તો અમેરિકાના અન્ય દેશો સાથેના વેપાર કરારો રદ થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ અમેરિકન અપીલ કોર્ટે ટ્રમ્પના ટેરિફના નિર્ણયને ગેરકાયદેસર ઠેરવ્યો હતો. બુધવારે, ટ્રમ્પે એક ચેતવણી આપતા જણાવ્યું કે જો સુપ્રીમ કોર્ટ ટેરિફને ગેરકાયદેસર ઠેરવે તો યુરોપિયન યુનિયન, જાપાન, અને દક્ષિણ કોરિયા જેવા અન્ય દેશો સાથેના વેપાર કરારો રદ કરવાની ફરજ પડશે. વ્હાઈટ હાઉસ ખાતે પત્રકારો સાથે વાતચીત દરમિયાન તેમણે કહ્યું કે, 'જો સરકાર આ કેસ હારી જાય તો અમેરિકા પર મોટી અસર થશે.

## US રાષ્ટ્રપતિ ભારત પર વધુ કડક પ્રતિબંધ મૂકવાની તૈયારીમાં

અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે ભારતને ફરી એક વખત ચેતવણી આપી છે. તેમનુ કહેવુ છે કે ભારત અને રશિયા વેપાર ચાલુ રહેશે તો અમેરિકા ભારત પર વધુ પ્રતિબંધ લગાવશે. તેમણે ટેરિફ હેઠળ ફેઝ-2 અને ફેઝ-3ના પ્રતિબંધ લગાવવાની વાત કહી. અમેરીકા અને ભારત વચ્ચેના 50 ટકાના ટેરિફ વિવાદ વચ્ચે અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે ભારતને ફરી એક વખત ચેતવણી આપી છે. તેઓ ભારત પર ટેરિફ હેઠળ વધુ કડક પ્રતિબંધો લગાવી શકે છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચેતવણી આપી છે કે જો ભારત સરકારે રશિયા સાથે પોતાનો વેપાર ચાલુ રાખ્યો, તો અમેરિકા ટેરિફ હેઠળ ફેઝ-2 અને ફેઝ-3ના પ્રતિબંધો લગાવશે. રશિયા સાથે વેપાર સંબંધો જાળવનાર દેશોને પ્રતિબંધોનો સામનો કરવો પડી શકે છે.

## અમેરિકા સામે ચીનનો ખોંખારો, કોઈની ધમકીથી ડરતું નથી : જિનપિંગ

ટ્રમ્પે ટેરિફ વડે આખા વિશ્વમાં હાહાકાર મચાવ્યો છે. ચીને તેના ટેરિફનો જવાબ પાવર પોલિટિક્સથી આપ્યો છે. ચીનની વિક્ટરી ડે પરેડમાં રશિયાના પ્રમુખ પુતિન સહિત કુલ ૨૬ દેશ હાજર રહ્યા હતા. મુખ્યત્વે અમેરિકા વિરોધી દેશ હતા. ચીને વિક્ટરી ડે પરેડે અત્યાધુનિક શસ્ત્રો સાથે જબરદસ્ત તાકાતનું પ્રદર્શન કરીને રીતસરનો અમેરિકાને સંકેત આપ્યો કે ચીન કોઈની પણ ધમકીથી ડરતું નથી. તે કોઈના આગળ પણ ઝૂકશે નહીં અને સતત આગળ વધતુ રહેશે. ચીને પશ્ચિમ અમેરિકા-યુરોપ સામે શાંઘાઈ કોઓપરેશનના નામે રીતસરની શાંઘાઈ ધરી જ રચી દીધી છે, જેને ગ્રેટ વોલ ઓફ ચાઈના કહી શકાય. આમ ચીને વિશ્વસ્તરે તે વધુ મોટી ભૂમિકા ભજવવા માટે સજ્જ છે તેવો સંકેત આપ્યો હતો.

# ફ્રાંસ,જર્મની અને બ્રિટન સહિતના નાટો દેશો યુધ્ધની તૈયારીમાં, ત્રીજા વિશ્વયુદ્ધના ભણકારા

## જર્મનીએ ઓપરેશન ડોયચલેંડ નામથી 1000 જેટલા પાનાનો દસ્તાવેજ તૈયાર કર્યો

**પેરિસ**

કેટલાક ગુપ્ત દસ્તાવેજો પરથી માનવામાં આવે છે કે નાટો, બાલ્ટિક દેશો અને ખાસ કરીને ફ્રાંસે યુદ્ધની તડામાર તૈયારીઓ શરૂ કરી છે. ફ્રાંસ પોતાના નાગરિકોને હોસ્પિટલમાં મોટા પાયે યુધ્ધ એક્શનમાં જોતરી રહ્યું છે. ફ્રાંસના આરોગ્ય મંત્રાલયે કાયદેસર ગાઈડ લાઈન્સ પણ બહાર પાડી છે. જેમાં માર્ચ ૨૦૨૬થી દેશની હોસ્પિટલોમાં દરરોજ સેંકડો ઘાયલોને સારવાર આપવાની તૈયારી પર ભાર મુકાયો છે. દસ્તાવેજો પરથી માલૂમ પડે



છે કે દસ્તાવેજો પરથી માલૂમ પડે છે કે ફ્રાંસ માત્ર પોતાના સૈનિકોને પરંતુ ફ્રાંસ નાટો દેશો સૈનિકોની સાર સંભાળ માટે પણ વ્યવસ્થા કરી રહ્યું છે. આ હોસ્પિટલોમાં આગોતરી તૈયારી કરવા આદેશ અપાયો છે. નાટોના આર્ટિકલ ૫ હેઠળ સંગઠન સાથે જોડાયેલા ૩૨ દેશોમાંથી કોઈ પણ દેશ પર હુમલો થાય તો તમામ દેશોએ યુદ્ધમાં ઝંપલાવવાનું હોય છે. આવી સ્થિતિમાં બ્રિટન, અમેરિકા અને યુરોપના અનેક દેશો સીધા યુધ્ધમાં આવી શકે છે. જર્મનીના ટોચના જનરલ કાર્સ્ટન બ્રેઉરે ચેતવણી આપી છે કે રશિયા ઝાપડ ૨૦૨૫ યુદ્ધાભ્યાસને આક્રમકતા દર્શાવવા માટે ઉપયોગ કરી રહ્યું છે. લીક થયેલા દસ્તાવેજો પ્રમાણે સ્કેંડિનેવિયાઈ દેશોમાં નાગરિકોને યુધ્ધ સમયે કેવી રીતે બચવું તેનું માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

# લિસ્બનમાં ભયાનક ટ્રેન અકસ્માત 15ના મોત, 18થી વધુ લોકો ઘાયલ

**લિસ્બન**

પોર્ટુગલના લિસ્બનમાં એક ગંભીર ટ્રેન અકસ્માત થયો છે. એક કેબલ કાર પાટા પરથી ઊતરીને એક ઈમારત સાથે અથડાઈ અને પલટી મારી ગઈ. પોલીસે દુર્ઘટનાનું કારણ સ્પષ્ટ કર્યું છે. મૃતદેહોને કબજામાં લઈ પીએમ માટે મોકલવામાં આવ્યા છે અને ઘાયલોને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

પોર્ટુગલના લિસ્બનમાં બનેલી આ ટ્રેન દુર્ઘટનામાં અત્યાર સુધીમાં 15 લોકોના મોત થયા છે અને અંદાજે 18 લોકો ઘાયલ થયા છે, ઘાયલ વ્યક્તિઓની હાલત અત્યારે સ્થિર છે. પોલીસ તપાસમાં ખુલ્યું છે કે ટ્રેનનો કેબલ તૂટી જતાં તેનું બેલેન્સ બગડી ગયું હતું. જેના કારણે ટ્રેન પાટા પરથી ઊતરી ગઈ અને પલટી મારી. ટ્રેન પલટતી વખતે નજીકની ઈમારત સાથે અથડાઈ ગઈ. જેના કારણે તેનું ભારે નુકસાન થયું. મળતી માહિતી પ્રમાણે પોર્ટુગલ રેલવેની કેબલ કારને "ફનિક્યુલર" કહેવામાં આવે છે, જે રસ્તાઓ પર બનેલા રેલવેના પાટા પર દોડે છે.આ ઘટના સાંજે આશરે 6 વાગ્યે થયો હતો. લિસ્બનના એલેવેડોર દા ગ્લોરિયા રૂટ પર દોડતી ફનિક્યુલરની કેબલ અચાનક તૂટતાં તે પાટા પરથી ઊતરી ગઈ અને પલટતી વખતે ઈમારત સાથે અથડાઈ હતી.

## ઈન્ડોનેશિયામાં ફરીવાર ફૂડ પોઈઝનિંગ, શાળાનું ભોજન ખાધા બાદ 400 બાળકો બીમાર

**જકાર્તા**

ઈન્ડોનેશિયાના પશ્ચિમ બેંગકુલુ પ્રાંતમાં રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિઆંતોના ફ્લેગશિપ ફૂડ પ્રોગ્રામ હેઠળ પીરસવામાં આવેલા મફત સ્કૂલ ભોજન ખાધા બાદ લગભગ 400 બાળકો બીમાર પડ્યા છે. બીમાર બાળકો, જેમની ઉંમર 4 થી 12 વર્ષની છે, તેમને તાત્કાલિક સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બેંગકુલુ પ્રાંતના વાઈસ ગવર્નર મિઆને ઘટનાની પુષ્ટિ કરી અને જણાવ્યું છે કે, તાત્કાલિક ધોરણે તપાસ શરૂ કરવામાં આવી છે. અમે રસોડાની કામગીરી હાલ બંધ કરી દીધી છે. અમે તપાસ કરીશું કે ક્યાં ખામી રહી છે. આ મામલો રાષ્ટ્રીય પોષણ એજન્સી અને અન્ય સત્તાવાળાઓની જવાબદારી હેઠળ છે. અગાઉ મધ્ય આવો ફૂડ પોઈઝનિંગનો કેસ થયો હતો તેમાં 365 લોકો બીમાર પડ્યા હતા.

## પાકિસ્તાનનાં બલુચિસ્તાનમાં ભારે વિસ્ફોટ : 14નાં મોત, 1 ઈજાગ્રસ્ત

**ક્વેટા**

પાકિસ્તાનનાં બલુચિસ્તાન પ્રાંતમાં બલુચિસ્તાન નેશનલ પાર્ટીએ યોજેલી રેલીમાં ઓછામાં ઓછાં ૧૪નાં મૃત્યુ થયાં હતાં અને ૩૫ને ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્તો પૈકીના કેટલાકની હાલત ગંભીર છે.

આ માહિતી આપતાં ધી એક્સપ્રેસ ટ્રિબ્યુન જણાવે છે કે આ રેલી પુરી થઈ અને લોકો વિખરાતા હતા, તે સમયે આ વિસ્ફોટ થયો હતો. આ રેલી સરદાર આતા ઉલ્લાહ મંગલની ૪થી પુણ્યતિથિ સમયે યોજવામાં આવી હતી.

બલુચિસ્તાનના આરોગ્ય મંત્રી



મુહમ્મદ કાકરબખ્તે આ ઘટના અંગે પોલીસ રીપોર્ટીંગ આધારે જણાવ્યું હતું કે વાસ્તવમાં તો બી.એન.પી. નેતા અખ્તર મેંગલ અને તેમના કાફલાને બોમ્બ ફેંકાયો હતો. પરંતુ બખ્ત બચી ગયા હતા કારણ કે તે હેન્ડગ્રેડ ફેંકવામાં આવ્યો ત્યારે તેઓની ગાડી આગળ નીકળી ગઈ હતી.

## ઈન્ડોનેશિયામાં એક ભારતીય સહિત આઠ મુસાફરોને લઈ જતું હેલિકોપ્ટર ગુમ, શોધ શરૂ

**લંડન**

ઈન્ડોનેશિયામાં એક ભારતીય સહિત આઠ મુસાફરોને લઈ જતું હેલિકોપ્ટર અચાનક ગુમ થઈ ગયું છે. એસ્ટિન્ડો એર કંપનીના હેલિકોપ્ટરે સોમવારે બોર્નિયો ટાપુ પરથી ઉડાન ભરી હતી, ત્યારબાદ ગુમ થતાં સમગ્ર ટીમે શોધખોળ શરૂ કરી દીધી છે. આઠ જ મિનિટમાં એર ટ્રાફિક કંટ્રોલ સાથે સંપર્ક તૂટ્યો ઈન્ડોનેશિયાઈ સમાચાર એજન્સી અંતરાના રિપોર્ટ મુજબ એરબેસ બીકે117 D3 મોડલનું હેલિકોપ્ટર ગુમ થયું છે. દક્ષિણ કાલિમંતન પ્રાંતના કોટાબારુ જિલ્લાથી મુસાફરોને લઈને જતું હેલિકોપ્ટર મધ્ય કાલિમંતના પાલતાંકરાયા શહેર જવાનું હતું, જોકે તેનો આઠ જ મિનિટમાં એર ટ્રાફિક કંટ્રોલ સાથે સંપર્ક તૂટી ગયો છે. મુસાફરોના ભારતીય નાગરિક સંથા કુમાર પણ સામેલ હતો.

# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE REAL ESTATE GROUP

CENTURY 21
Innovative Pinnacle Real Estate Group
BROKERAGE

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience



- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!




Welcome to this charming East End Hi-Ranch home, perfectly situated within walking distance to schools, shopping, and all essential amenities! This spacious and well-maintained home features 5 bedrooms, 2 full bathrooms, and the potential for a 6th bedroom in the lower level ideal for growing families, those seeking additional space or for an investment. On the main floor, you'll find: A bright and open living room flowing seamlessly into the dining area, An updated kitchen with plenty of cabinetry, counter space, and direct access to the back deck. Step outside to enjoy the deck, perfect for entertaining or relaxing, plus a storage shed included with the home. Three well-sized bedrooms, including a primary bedroom with cheater-door access to the 5-piece main bathroom featuring a double vanity. The fully finished lower level offers, Two additional bedrooms, A large family room with a cozy electric fireplace, A multi-purpose office/workshop (which can easily be converted into a 6th bedroom), A laundry room, storage room, and a utility closet. You can easily turn the basement into a rental suite for an extra income. This home has lots to offer, you won't be disappointed.




Live upstairs and rent the basement for an extra income. Thousands spent $$$ on this two- bedroom Legal basement 2 bedroom apartment with an ensuite laundry. Three good-sized bedrooms on the main floor, renovated bathroom. The updated kitchen has a new backsplash, breakfast bar, and stainless steel appliances. No carpet. There is a large double-sized driveway for multiple car parking. It is close to all amenities, such as schools, colleges, parks, transit, Hwy 401, and much more. Near Fanshawe College and Western University.




Ready to move in! Recently spent top $$$ on renovations. Spacious 2 bedrooms, 1 washroom. Freshly painted, new flooring, light fixtures. Easy access to transit, Hwy 400 and 401. Very family oriented neighborhood. Situated in a prime location, you'll be in close proximity to schools, parks, Humber River hospital and library as well as the renowned Yorkdale Shopping Centre & Lawrence Square Shopping Centre. Enjoy the convenience of having Home Depot, Walmart, Metro and Yorkdale Mall just a quick 10-minute drive away, ensuring unmatched shopping accessibility. Additionally, with TTC stops a mere 3-minute walk away, commuting becomes a seamless experience. Seize the opportunity- this spacious unit is perfect for first-time homebuyers, offering generous space, a super location.

*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

## Shamim & Amin Kharodia

**Broker of Record / Sales Representative**
**teamkharodia@gmail.com**
**300-2855 Markham Rd Toronto ON M1X 0C3**
**D: (647) 501-6786 I D: (647) 308-2941**
**F : (416) 298-8303 I P: (647) 666-8676**

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.



# હવે પ્રાથના હોલ અને સ્મશાન ઘર એકજ સ્થળે

## *Chapel Ridge*
*Funeral Home & Cremation Centre*

*in partnership with*

## *North Toronto*
*Crematorium Inc.*






Vilo
Licensed Funeral Director
(416) 993-0826



Harjinder
Licensed Funeral Director
(647) 966-0093



Christeen
Licensed Funeral Director
(416) 258-6759



Kirti
Licensed Funeral Preplanner
(416) 417-0182

**Complete Funeral Package Pricing $4895.00** *Includes HST*

GUARANTEED LOWEST PRICE

- Same Day Funeral Service with 1 hour visitation prior to service, including all professional fees and preparation
- Batesville Grey Doeskin Casket
- Cremation and Witnessing Fee at North Toronto Crematorium or St John's Dixie Crematorium in Mississauga
- Coroner, Death Registration and BAO Fee

*Not included: Flowers, Limousines, Clergy or Musician Fees, Urns*

Facilities also available in Mississauga




Everything in one Place!



2 Stalwart Industrial Drive, Gormley
(close to Highway 404 and Stouffville Road)

*Newly built large Chapel with Crematorium on-site - everything in one place!*

8911 Woodbine Ave., Markham (4 blocks north of Hwy 7)
info@chapelridgefh.com • www.chapelridgefh.com
**905-305-8508**

info@northtorontocrematorium.com
www.northtorontocrematorium.com
**289-578-1288**

CLUB CERAMIC

Porcelain Tiles : Premium Quality and Best Price

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

MONTREAL
225 Rue Ness, Saint-Laurent, QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 / +1-514-260-2242

OTTAWA
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

CAMBRIDGE
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-394-6030 / +1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com

MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels
SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner

**36 Room EconoLodge by Choice Hotels in Huntsville - $4.2M**
Built by the current owener 20 years ago
Well maintained Rooms – No PIP

**17 Room Motel in Huntsville - $2.5M**
Renovated and Upgraded Room
Located in downtown, everything is close by

• **54 Room RESORT in Gananoque (1000 Islands) – Asking $3.2M (Seasonal Operation)**
7 Acres Land, Indoor / Outdoor Pool, Restaurant, Bar, Party Room – Option to operate year round

• **54 Room HOTEL in Gananoque (1000 Islands) – Asking $5.5M (Year Round Operation)**
Renovated and Upgraded Room, Outdoor Pool, Restaurant and Bar

• **78 Room HOTEL Ramada By Wyndham Hotels – Asking $6.9M - SOLD**

- 43 Room Motel + Restaurant 241 Pizza with Building in Cochrane – $4.5M
- 40 Room Motel only (without Restaurant Building & 3 Motel Rooms) - $3.8M
- Only Restaurant 241 Pizza Builing with 3 Motel Room - $900K

Both businesses are money making, both are Absentee Owner – ideal for owner operator
(Buyers option – to buy entire property OR just Motel OR just Restaurant & Building)

**21 Room Motel in Gravenhurst - $1.7M**
100% occupancy by longterm customers living for many years – Selling AS IS – Buyer to assume all customers on closing

**12 Room Motel in Blind River - $1,050,000**
With 3 BR living quarter, Access land
Indoor corridor, One Man Opearation

**17 Room Motel near Chatham - $1.7M**
With 2 BR fully renovated house, One Man Opertion and operating costs are under $40K

**15 Room Motel + 1BR Apt nr Sudbury - $1.2M**
Indoor Corridor, Restaurant & Bar (closed)
Easy one man operation

**10 Room Motel & Restaurant in Manitulin Island - $799,000**
Nicely renovated, year round buniness

**Motel Jobs AND Working Partner (min 200K to invest) opportunity – Northern Ontario**
Front Desk, Housekeeping, General work
Must speak good English for front desk
**(must be on WP, PR or Citizen)**
Acomodation + Compititive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100